શ્રીમદ્ ગોસ્વામી મહારાજ

# શ્રી દેવકીનંદનાચાર્યજી

એમનું

# જીવનસ્વરૂપ.

---

લેખક,

કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ.

નિ૦ ઉમરેઠ.

---

પ્રકાશક,

દામોદરદાસ રેવાદાસ વૈષ્ણવ.

તંત્રીઃ "વૈષ્ણવ ધર્મપ્રકાશ".

ચાર રસ્તા—અમદાવાદ.

---

ન્યોછાવરઃ ૭ આના.



શ્રીમદ્ ગોસ્વામી શ્રી વલ્લભલાલજી મહારાજ.

( શ્રી ગોકુલ. )

પ્રાકટ્ય અસાડ સુદ ૩ ૧૯૪૪.

"વૈષ્ણવ ધર્મ પ્રકાશ"–ગ્રંથમાળા: મણુકો છઠ્ઠો.

ગોસ્વામી

# શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી

## એમનૂં જીવનસ્વરૂપ.

લેખક:—

કેશવલાલ હરગોવિન્દદાસ શેઠ.

મુ.—ઉમરેઠ.

પ્રકાશક.

દામોદરદાસ રેવાદાસ વૈષ્ણવ

તંત્રી:—"વૈષ્ણવધર્મ પ્રકાશ"

રીચીરોડ—અમદાવાદ.

નોચ્છાવર: છ આના.

# અર્પણ પત્રિકા.

"જે જેનું, તે તેને" એ ન્યાયે પ્રસ્તુત પુસ્તકમાં જે મહારાજશ્રીનું "જીવનસ્વરૂપ" ઉતારવામાં આવ્યું છે, એજ મહારાજશ્રી (દેવકીનંદનાચાર્યજી) ના લાલ ગોકુળાધીશ શ્રીમદ્ વલ્લભ લાલજી મહારાજને, આ લઘુ ગ્રંથ સપ્રેમ અને સવિનય અર્પણ કરૂં છું.

દાસાનુદાસ,

**દામોદરદાસ રેવાદાસ વૈષ્ણવ.**

" Lives of great men all remind us,
" We may make our lives sublime,
" And departing leave behind us,
" Footprints on the sands of time. "

Long Fellow.

# પ્રસ્તાવના.

આજકાલ કરતાં લગભગ આઠેક વર્ષ થયાં અમારા તરફથી પ્રકટ થતું "વૈષ્ણવધર્મપ્રકાશ" માસિકપત્ર સ્વસમ્પ્રદાયની જે સેવા બજાવી રહ્યું છે એ જાણીતી છે: મતલબ કે સામ્પ્રદાયિક સિદ્ધાન્તોને સરલ ભાષામાં પ્રતિપાદન કરવા ઉપરાંત, નૈતિક અને બોધક જ્ઞાનોપદેશદ્વારા લોકરૂચિ અનુસાર જનસમૂહાયનું હિત જાળવવા સતત્ પોતાથી બનતું કરવામાં કશી મણા રખાતી નથી. અને એ અમારા કદરદાન ભગવદિય ગ્રાહણ ગણને સારી રીતે જ્ઞાત છે એટલે તત્સમ્બન્ધી અમારે મૌન ગ્રહવું એજ વિવેકપુરઃસર અમે માનીએ છીયે, છતાં એટલું કહેવું જોઇએ કે, જેમ ગ્રાહક મહાશયો માસિકની કદર બુજીને તેને લેખો તેમજ લવાજમરૂપે પોષણ આપતા રહ્યા છે, તે પ્રમાણે અમે પણ આમારા માસિકની યોજના અને નિયમાનુસાર પ્રતિવર્ષ, ભેટ દાખલ આપવામાં આવતા માહારાજોના ફોટાઓ ઉપરાંત એકાદ પુસ્તક વગેરે આપ્યાં જઇએ છીએજ; અને નિયમ પ્રમાણેજ ચાલુ વર્ષે, ગ્રાહકસજ્જનના કરકમળમાં અમે ભેટ દાખલ "ગોસ્વામી શ્રીમદ્ દેવકીનંદન માહારાજનું જીવન સ્વરૂપ" સાદર કરીએ છીયે.

અસલથીજ અમે અમારો ઉદ્દેશ, માસિકના વાચકો તેમજ ગ્રાહકોને નિવેદન કરેલો છે કે, કેવળ કમાણીને ખાતર પ્રસ્તુત માસિકનો જન્મ નથી પણ સામ્પ્રદાયિક સિદ્ધાન્તો પ્રતિપાદન કરી સમ્પ્રદાયમાં "ચોપાનિયા" ની પડતી ખોટ પૂરી પાડવાનો છે (અલબત પુષ્ટિ સમ્પ્રદાયની સૃષ્ટિના બ્હોળા પ્રમાણમાં જોઇએ તે કોટિનાં અને તેટલી સંખ્યામાં "ચોપાનિયાં" હજુ પ્રકટ થતાં નથી અને તે થવાની આવશ્યકતા છે.) ત્યારે અમે અમારા મૂળ ઉદ્દેશને વળગી રહીનેજ ભેટ દાખલ બીજી કોઇ "નમાલી" ચોપડી પસંદ નહિ કરતાં સર્વમાન્ય પૂજ્ય અને સમર્થ ગોસ્વામી મહારાજશ્રી દેવકીનંદન મહારાજના સ્વરૂપનો વિષય પસંદ કરેલો,

અને તે એવીજ માન્યતાથી કે, નિબંધ, નવલકથા, વાર્તા, કાવ્ય નાટક કે સંવાદથી જે અસર થાય છે, તે કરતાં મહાપુરૂષના જીવન, સ્વરૂપથી કોઇ દૈવી અસર થાય છે એટલુંજ નહિ પણ ગુરૂ સમાન મૂગો બોધ આપી, સરલ રીતે અને થોડા શ્રમે આપણને જો કોઇ પણ પરમાત્મા ભણી દોરતું હોય, તો તે બીજું કોઈ પણ સાહિત્ય નહિ, પણ મહાપુરૂષનું જીવનચરિત્ર ( કે સ્વરૂપ ) જ છે. વાચકની જીવનનૌકાને સંસારમાં પગલે પગલે દૈવી માધુર્યથી ઉચ્ચ પ્રદેશગામી બનાવી, મનુષ્ય જીવનને ઉન્નત બનાવવામાં મહાપુરૂષનાં જીવન સ્વરૂપજ સહાયક છે એવી અમારી દૃઢ માન્યતા હોવાથીજ અમે આ વસ્તુને પસંદ કરી:

અને જણાવતાં અતિ આનંદ થાય છે કે પ્રસ્તુત વસ્તુને વ્યવસ્થિત કરીનેજનહિ, પણ સાથે સાથે સ્વ વિચારો વેરી " સ્વરૂપ " ને સગીન બનાવીઆપવા માટે શ્રીયુત કેશવ શેઠે અમારી માગણીનો સત્કાર કર્યો અને જોકે આ પ્રકારનીજ બીજી ઘણી પ્રવૃત્તિયોમાં પોતે ગૂંથાયલા છતાં, મ્હારા પ્રત્યેની માયાને પ્રથમ માન આપી મુદત પ્રમાણે " જીવનસ્વરૂપ " તૈયાર કરી આપ્યું–તે બદલ અંતઃકરણથી હું એમનો અહેશાન માનું છું.

શ્રીયુત શેઠનું ઓળખાણ કરાવવું પડે તેમ છેજ નહિ કેમકે ગુજરાતનાં ઘણાં ખરાં પ્રતિષ્ઠિત ચોપાનિયાંમાં એમના છપાતા લેખો દ્વારા ગુજરાતને પોતે જ્ઞાત છે અથવા કસાયલી કલમના નમૂના માટે પ્રસ્તુત પુસ્તક મોજુદ છેજ:

કાળજી પૂર્વક પ્રૂફ જોવા છતાં પણ કોઇ ઠેકાણે છાપ ભૂલ રહી ગઇ છે તો વાંચનારને તે સુધારી લેવા વિનંતિ છે.

રાજનગર.
વૈશાખ કૃષ્ણ પંચમી ૧૯૭૧.
તા. ૨–૬–૧૯૧૫.

દામોદર રેવાદાસ વૈષ્ણવ.

# નિવેદન.

ગોસ્વામી શ્રીમદ્ દેવકીનંદન મહારાજનૂં જીવન તો એમના જેવી કોઇ મહાન વ્યકિતજ યથાર્થ રીત્યે આલેખી શકે; અને જ્યાં સુધી આ કોટિનાં પવિત્ર તેમજ આદર્શ ચરિત્રનો સુન્દર ચિતાર ઉતારવાની જેને ઉણપ લાગતી હોય એવાં હૃદયે તો બ્હેતર છે કે " જીવન-ચરિત્ર " નહિ પણ " જીવનસ્વરૂપ " ચિતરવૂં; આમજ મ્હને મ્હારા વાસ્તે જે માર્ગ સરલ જણાયો, તે મ્હેં સત્કાર્યો છે એ સ્પષ્ટછેજ:

સૌ કોઈ પોતાના જીવનમાં ધન્ય ક્ષણો તો ઘણી નહિ પણ થોડીજ પામે છે ( અને જે પમાતી હોય, તે કેટલા પ્રમાણમાં અનુભવાય છે એ પણ ચોક્કસ કહી શકાયના ! ) ત્યારે પ્રસ્તુત પુસ્તક લખવાની મ્હને મળેલી તકને, હૂં મારા જીવન માટે " ધન્ય " એટલા સારૂંજ સમજૂં છૂં કે આ કૃતિ જે માહારાજ વાસ્તે યોજાઇ છે એ મહા-રાજના લાલબાવા ( શ્રી વલ્લભલાલજી ) મ્હને દિક્ષા દેનાર ગુરૂ તરીકે ગણાય છે: અને એઓશ્રીના પિતાનૂં જીવનસ્વરૂપ–યથામતિ–મ્હારા હાથે લખાયૂં–આથીજ આ તકને હૂં ધન્ય સમજી આનન્દ ઉપરાંત સંતોષ પામૂં તો એ અછાજતૂં છે શું ? ( સાથે સાથે આ તક મનેજ આપવા ખાતર પ્રકાશક મહાશયનો ઉપકાર માનીશ. )

એકવાનૂં લખવાનૂં રહી જાય છે, અને તે એકે મહારાજશ્રીના જીવન સ્વરૂપ માટે, બનતો યત્ન કર્યા છતાં પણ મ્હને સંતોષકારક સાહિત્ય ( વસ્તુ ) નથી મળી શક્યૂં, અને તેથી કદાચ સ્વરૂપમાં અપૂર્ણતા રહી હોય તો વાચક દરગુજર કરશે, એમ નિવેદન કરી, વાંચ્છીશ કે જીવનની બલિહારી, સાર્થકતા તથા સમયનો વ્યય અને શ્રમ, આ સૌની યોગ્ય કદર અંકાય તો સારૂ ?

અંતે એટલૂંજ કે સૌ કોઇ સ્વરૂચિ અને સ્વશક્તિ પ્રમાણે પ્રસ્તુત પુસ્તકમાંની પ્રસાદી ગ્રહણ કરતાં પ્રભુના પુણ્ય પન્થે પોતપોતાની જીવન નૌકા વાળવા ભાગ્યશાળી થાવ.

અમદાવાદ<br>
મંગલ: ૨૫–૫–૧૫.

કેશવ હ. શેઠ.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।<br>
सजातोयेन जातेन याति वंशः समुन्नतिम् ॥<br>
भर्तृहरि.

ગોસ્વામી

# શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી

એમનું

## જીવન સ્વરૂપ.

સંવત્ ૧૯૧૫ની સાલનો મંગલ સમય, ચૈત્ર મહિનાની અજવાળી ત્રીજનો ઉજ્જ્વલ દિવસ, પ્રાતઃકાળના પાંચ વાગવાની ધન્ય ઘટિકા, અને ભગવાન ભાસ્કર દેવના ઉદય સમયારમ્ભેજ :પવિત્ર પૂજ્યપાદ મહારાજ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીનો જન્મ !!'

જન્મ.

શ્રી ગોકુળચન્દ્રમાજીની જ ગાદીને નહિ, પણ સારા સમ્પ્રદાયને પોતાના પ્રકાશથી દેદિપ્યમાન કરી જનાર, એ દેવપ્રિય શ્રી દેવકીનંદનના **પ્રાતઃસ્મરણીય** નામને નિરંતર વન્દન હો !

આ પુણ્યાત્માએ પોતાનાં પનોતાં પગલાં પુષ્ટિસમ્પ્રદાયની સૃષ્ટિમાં ઉતારીને અમ અજ્ઞાત અને પામર પ્રજાનાં જીવન, નવચેતને પાવન કર્યાં, એ પ્રબળ પ્રતાપની છાપ વિસરી વિસરાય ના; અનાયાસે જ હૃદય એમના પ્રત્યે ઢળી પડે છે, લળી પડે છે.

**વંશ.** વાચક ! આપણા પુષ્ટિ સમ્પ્રદાયના પ્રવર્તક કહો કે સંસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સુત, શ્રી વિઠ્ઠલનાથજી, એમના સાત "લાલ"માંના પાંચમા શ્રી ગોકુલચન્દ્રમાજી પોતે કામવનમાં બિરાજતા હતા; પણ તે કાળના જયપૂરના, પરમ ભગવદિય, ભૂપાળના ભક્તિ ભર્યા અત્યાગ્રહથી પોતાને પાછળથી જયપૂરમાં પધારવું પડેલું; ઠાકોરજી જ્યારે જયપૂરમાં બિરાજતા હતા, ત્યારે તે ઘરના બાલક શ્રી ગોવિન્દજી મહારાજ હતા; અને ગોવિન્દજી મહારાજ, એજ પૂજ્ય ગુરૂવર્ય શ્રી દેવકીનંદનના પિતા થાય.*

**ઓળખાણ.** ગુરૂ ગોવિન્દ સ્વામીને ઘેર અવતાર ધરી આ દેવસ્વરૂપે જાણે સંસારમાં છેલ્લોજ જન્મ કેમ ન લીધો હોય ! આમ અનુમાન કરવાનાં આપણને અનેક પ્રયોજન પ્રતિત થશે: ચક્ર તુલ્ય સંસારમાં અવતરવું અને મરવું એતો સકળ સૃષ્ટિને માટે નિર્ણિત છે: તથાપિ રાજર્ષિ ભર્તૃહરિની સ્તુત્ય ભાવનાનુસાર અવતારતો એનોજ ધન્ય, કે જેણે જન્મીને નિજ વંશને અજવાળ્યું હોય:

ત્યારે સંકૂચિત દૃષ્ટિથી અર્થ નહિ કરતાં સમષ્ટિ ભાવે જ કહીએ તો જે મહાપુરૂષે "वसुधैव कुटुम्बकम्" સૂત્રાનુસાર વિશ્વના શાશ્વત કલ્યાણ અર્થે પોતાના ઉન્નત, પવિત્ર અને આદર્શ જીવનનો ભોગ આપ્યો હતો, જેણે સ્નેહ, ભક્તિ અને જ્ઞાન જેવા ગહન

* કુટુમ્બ-પરિવારની વધારે માહિતી માટે પ્રસ્તુત પુસ્તકમાં આપેલી વંશાવળી વાંચી લેશોજી. (લેખક.)

તેમજ મહત્વના વિષયોનું મુમુક્ષુજનોને, મ્હેરામણુશી ઉદાર વૃત્તિથી દાન દીધું હતું, જેણે દયા, ક્ષમા અને શાન્તિથી પોતાના હૃદયાત્માને વિભૂષિત કર્યો હતો, જેણે વિચાર પ્રમાણે ઉચ્ચાર અને આચારથી " मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनामम् " નો સિદ્ધાન્ત સ્વાત્મબળે સિદ્ધ કરી આપ્યો હતો, અને જેને ભવના વિભ્રમ તથા ક્ષણિક વૈભવો પરત્વે અભાવ હોઇ, પરમાનન્દદાતા એવી અવિચલ વસ્તુ પ્રતિજ લક્ષ હતું, એવા, સંસારમાં જળ કમળવત્ રહેલા આદર્શ **સંસારયોગી** શ્રીમદ્ દેવકીનંદનાચાર્યનો જન્મ, આ " परिवर्तिनि संसारे " મરણુને માટે નહિ પણ મોક્ષ ( પરમાનન્દપદ )ને માટે જ નિર્માયલો હતો એમ આપણે પ્રસ્તુત જીવન સ્વરૂપમાંથી તારવી શકીશૂંજ:

**લગ્ન અને તે વિષેના વિચાર.**

" આત્મલગ્ન ' એકજ વાર હોઇ શકે, આ, મહારાજનો દૃઢ સિદ્ધાન્ત હતો; લગ્ન એટલે વિષયવાસનાને સંતોષવાનૂં સાધન નહિ, પણ આત્માના વિકાસને પરિણામે, અસાર કહેવાતા સંસારને સંપૂર્ણ સ્વર્ગીય સારવત્ જોતાં, જન્મની સફળતા સાથે સ્વાત્માનો પરમાત્મા પ્રત્યે સંબંધ થવાનૂં સાધન પોતે સ્વિકારતા હતા, ને તેથીજ, પોતાનાં પહેલી વારનાં પત્ની ( નામે રૂકિમણી )નું અવસાન થયા પછી પુનઃ નહિ પરણવાનો સંકલ્પ આદરી બેઠા હતાઃ કુટુમ્બ પરિવાર ઉપરાંત પિતાશ્રીનો ફરી લગ્ન કરવા માટે મહા આગ્રહ હતો, છતાં " એકવાર સંધાયલી આત્મગ્રંથી કાંઇ સ્થૂળ દેહના પડવાથી તૂટતી નથી " એમ સમજનાર શ્રીમદ્ દેવકીનંદન એકના બે થયા ના. અને બીજાંની મહેનત બર આવી ના.

પણ પિતાશ્રીએ પોતાના "લીલા વિસ્તાર" સમયે લગ્ન કરવાની આજ્ઞા કરેલી: એથી મહારાજને "સૂડી વચ્ચે સોપારી" જેવું થયું ! આજ્ઞાનો અનાદર થાય ના, તેમ પોતાનો દૃઢ પણ સત્ય સિદ્ધાન્ત ત્યજાય પણ ના ! કરવું શું ! તેનો કેટલાક સમય સૂધી ગંભિર વિચાર કરી જોયો, અને એમાંથી જે તત્વ તરી આવ્યું તેનો નમૂનો નીચે નિવેદન કરૂં છું:—

સ્ત્રી હો, વા પુરૂષ હો, પણ જો તે સંસારી—અર્થાત્ સામાન્ય કોટિનાં હોય, તો તેમણે પુનઃ લગ્ન કરવું બ્હેતર નથી: પણ પોતાના conscience ની સંજ્ઞાનુસાર 'ગુરૂ' તરીકેની લાયકાત ધરાવી શકે તેમ હોય, અને જેણે ભિષ્મ જેવા વૈરાગ્યે દેહ વાસનાને વિસારી, આત્મલક્ષ્મીને અવલંબી વિશ્વકલ્યાણની ઉન્નત ભાવના આદરી હોય, એવા મહદ્ આત્માએ ફરીથી કોમળ હૃદય (સ્ત્રી)ને સ્વાત્મામાં જોડવું એ ઉચિતજ છે અને આવા સ્થળે 'સ્ત્રીને એકજ સ્વામી, તો સ્વામીને પણ એકજ સ્ત્રીનો પ્રશ્ન શંકારપદ સ્થિતિ નથીજ ભોગવતો, કેમકે કહી, એ ભાવના જો હોય, તો તે અનુસાર, શિષ્યને,—સ્નેહ—ભક્તને, તો એકજ ગુરૂ હોય, પણ ગુરૂને એકથી વધારે શિષ્ય હોઇ શકે: ગુરૂના ધર્મકૃત્યમાં ભાગ લેવાને ઘણા શિષ્યો ભેગા થાય, પણ શિષ્યને એક ગુરૂ સ્વીકાર્યા પછી બીજો કરતાં હિતને સ્થાને હાનિજ થઇ બેસે ! ગુરૂ—સ્વામી, અને શિષ્યા—સ્ત્રી: તો ધર્મ સાધવો, એ પુરૂષાર્થ પુરૂષો માટે છે, અને તેનું રક્ષણ કરી ધર્મભાગ લેવો તે કામ સ્ત્રીનું: અને આથીજ આ કોટિના પુરૂષને એકથી વિશેષ સ્ત્રી કરવાનો અધિકાર પહોંચે છે, પણ પત્નીને બીજા પતિ માટે નહિ. કેમકે "दाराधीनस्तथा स्वर्गः पितॄणामात्मनश्चह"

એ મનુ સિદ્ધાન્તાનુસાર ધર્મકૃત્ય સ્રીને અધિન છે, અને પ્રેમ-ભાત્રમાં કેળવણી, ગૃહસ્થાશ્રમ ત્યજ્યો ન હોય, ત્યાં સુધી અપૂર્ણજ હોય, માટે સ્વતઃ ધર્મના ઉપાર્જનાર્થે ( નહિ કે ક્ષુદ્ર વિલાસાર્થ ) ધર્મદ્રષ્ટિએ પુનઃ પરણવું જોઇએ—આમ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યે વિચારનો અંત આણ્યો, અને ( કથા તે ઉચ્ચ કોટિના હોવાથી ) પુનઃ પરણ્યા, અને એક તરફ ધર્મના સિદ્ધાન્તને તો બીજી તરફ પિતાની આજ્ઞાને અને ત્રીજી તરફ પોતાના આત્માને ( બીજાંની બાહ્ય ટકોરને નહિ ) માનવા પૂર્ણ ફતેહમન્દ નિવડયાઃ

અને દક્ષિણમાં આવેલા તેન્જોર જીલ્લાના રાયનેલોર ગામના વૈજનાથ ઐયાનાં તનુજા, એજ આપણા ચરિત નાયક ગોસ્વામીશ્રીનાં બીજીવારનાં ધર્મપત્ની—**ભાગિરથી.**

મહારાજશ્રીના કુટુમ્બ તરીકે જોઇએ તો, એમના મનથી તો, ગોસ્વામી બાળકો કે સમસ્ત વિશ્વ સ્વકુટુંબ હતું, પણ આપણે સાંસારિક વ્યવહાર પ્રમાણે દિગ્દર્શન કરીએ, તોઃ—મહારાજશ્રીના સગા સહોદર બે હતા, તે પૈકી એક **શ્રી જયદેવ** લાલજી મહારાજે લિલાવિસ્તાર કર્યો છે; અને એમનાં એક બેટીજી હાલ વિરમગામ હયાત છે; કામવનમાં મદનમોહનજીના ઘરના લાલજી કહેવાય છે એજ મહારાજશ્રીના બીજા બાન્ધવ શ્રી ગોપાલલાલજીઃ રમણલાલજી નામે એમને એક " લાલ " છે અને શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીને પણ શ્રી વલ્લભલાલજી નામે એક પુખ્ત વયના લાલ છે. " દેવતાના દીકરા કોલસા " વાળી કહેવત ખોટી પાડનાર આ પૂજ્ય-સમર્થ 'લાલબાવા'ના પરિચયમાં જે ભગવદિય આવ્યા હશે. એમને પ્રતીતિ થઈ હશે જ કે પ્રાયઃ પિતાના પ્રશંસા-

**કુટુમ્બ**

પાત્ર સદ્દગુણો પોતાનામાં ઉતરી આવેલા, તેનો તપોબળે સારી રીત્યે વિકાસ કરી સ્વધર્મને સર્વાંશે સંભાળી રહ્યા છે; આ લાલબાવાને વારસાની ગાદી ઉપરાંત શ્રી ગોકુળનાથજીના ઘરની ગાદી પણ પ્રાપ્ત થયેલી છે—ઉભય ગાદીને પોતાના સાત્વિક વૃત્તિમય આદર્શ સદાચરણોથી અને ધર્મ નીતિના ન્યાયથી ઓપાવી, શોભાવી અને સમ્પ્રદાય ઉપરાંત ઈતર વર્ગનું મન તે પ્રત્યે લોભાવા ફતેહમન્દ થાય એમ આપણે વાંચ્છીએ.

મહારાજશ્રીનાં ત્રીજીવારનાં પત્ની પણ સુશિલ, શિક્ષિત અને સંતોષજનક છે:

મહારાજ શ્રીને "સ્ત્રી કેળવણી" પ્રત્યે કેટલું માન અને કેવો ભાવ હતો, એ એમના પોતાના વર્તન પરથી આપણે અવલોકી શકશું—

**સ્ત્રી શિક્ષણ માં સહાનુભૂતિ**

સ્વપત્નીને, સારા પ્રમાણમાં વિદ્યાભ્યાસ કરાવ્યો હતો, જરાક અતિશયોક્તિ વાપરૂં તો ભગિરથીમૈયાને તો સંસ્કૃતમાં પારંગત બનાવ્યાં હતાં! આપણા જૂના જમાનાના અન્ધશ્રદ્ધાળુઓને આ ધડો લેવા જોગ છે; સ્ત્રી કેળવણી આપવામાં, મહારાજ શ્રી સંપૂર્ણ સહાનુભૂતિ આપતા હતા, અને પોતે વિચાર પ્રદર્શિત કરતા કે:—આપણી બેટીઓ, સારી રીતે વાંચી શકે, લખી શકે અને સમજી શકે, તે ઉપરાંત, ગૃહોપયોગી શિક્ષણ પામી શકે, અને ધર્મ નીતિનાં પુસ્તકોથી સ્વહૃદય કેળવી શકે એટલું શિક્ષણ તો આપણે અવશ્ય આપવું—અપાવવું એ આવશ્યક છેઃ સ્ત્રીઓ ભણતરથી બગડે છે એમ નહિ, પણ ભણાવનારની બેતમા તેમજ ઉલટી પદ્ધતથી અધૂરા અપાતા અર્થાત્—સમય, સ્થિતિ અને સંજોગોને અનુકૂળ નહિ એવા

પ્રકારના શિક્ષણથી આપણી બાળાઓ બગડે છે. માટે અભ્યાસને માથે નિરર્થક આરોપ નહિ મૂકતાં 'કેળવણી' કે જે સર્વાંશે સુખદાતા છે તેનો સંભાળ પૂર્વક સમયાનુકૂળ ઉપયોગ થવો જોઇએ: મહારાજશ્રી આ પ્રકારના વિચાર ધરાવતા ન હત, તો, એકવાર સુરત "વનિતા વિશ્રામ" ના વાર્ષિકોત્સવ પ્રસંગે પોતે પ્રમુખ પદ સ્વીકારત નહિ!

મહારાજશ્રીના પ્રાદુર્ભાવ પછી ગોકુલચન્દ્રમાજીને પાછા કામવનમાં પધરાવવામાં આવેલ છે, જ્યારે ઉપાવતની શુભ ક્રિયા બિકાનેર ખાતે થયેલી: અને ત્યાર પછી તરતજ, મહારાજ શ્રીના કિશોર જેવા સ્વચ્છ (પારદર્શક) હૃદયને સંસ્કારી, અને સુશિક્ષિત બનાવવા સારૂં તેમના પિતાશ્રીએ સંધ્યોપાસના, વેદાભ્યાસ, હોમ, આદિની શિક્ષા આપવાની શરૂઆત કરેલી: મહારાજશ્રીને શાસ્ત્રોના શિક્ષણાર્થે વિદ્વાન પંડિતોને રોકવામાં આવેલા.

વિદ્યાભ્યાસ અને વિદ્યાનુરાગ તો એક આ મહારાજનો જ! એમણે વ્યાકરણ, સામ્પ્રદાયિક ગ્રંથો, મંત્રશાસ્ત્ર, કાવ્ય, દર્શન, ન્યાય, વેદ, અને ભાગવત વગેરે ધર્મ ગ્રંથોના નિદધ્યાસન ઉપરાંત, સંસ્કૃત, હિન્દી, મરાઠી, દ્રાવડી, તૈલંગી તથા મારવાડી ભાષાઓનું સારૂં જ્ઞાન સમ્પાદન કર્યું હતું. અને સહવાસમાં આવતા સજ્જનો સાથે, તે સજ્જનની ભાષાનુસાર સંભાષણ કરતા. ખૂબી તો એજ હતી કે પોતે જે ભાષા દ્વારા જે વિષય પ્રતિપાદન કરતા, તે ભાષા અને તે વિષય જાણે એમનાજ પોતાના કેમ ન થઇ ગયા હોય! એમ જોનારને જણાતું! આમ જ તમામ વિષયો માટે હતું.

**અભ્યાસ જ્ઞાન.**

વિદ્યાનુરાગ અને ઉત્તેજનનું વલણ પણ આ પ્રકારનું ઉત્તમ હતું, અર્થાત્ પ્રતિ દિવસે જો પોતાને એક ગ્રંથ વાંચવા ન મળે, તો તેમની તબિયત શિથિલ થઇ જતી!

" જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી " આ સ્નેહી કવિ સુરસિંહજીનું સૂત્ર સાધુ પુરૂષોને કેટલૂં બધું બંધ બેસતૂં છે એ આ દૃષ્ટાંત સાક્ષી પૂરે છે ! મહારાજ શ્રીનું જીવન જ સરસ્વતીમય હતું એમ કહીએ તો પણ ચાલે ! પોતે શ્રીએ અઢારે પુરાણોનું સારી રીતે મનન કર્યું હતૂં.

**સાહિત્યને ઉત્તેજન**

કેવળ આટલું જ નહિ, પણ બીજી દિશાએ દૃષ્ટિ દોરવીએ તો જણાય છે કે:-ઘણા ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધિમાં આવે, તેટલા માટે, તેમજ સારા ગ્રંથો છતાં આર્થિક સ્થિતિ મન્દ હોવાથી પ્રકાશકો પુસ્તક પ્રકટ કરી શકતા ન હોય, તેવાઓને ઘટતો આ્રય આપવા હમેશ આતુરતા દર્શાવતાઃ આજ્ઞા-દ્વારા, તેમજ આર્થિક સ્હાય દ્વારા ઘણું ઉપયોગી સાહિત્ય પ્રકટ થયેલૂં આપણે જોઇએ છીએ એ પ્રતાપ આ મહારાજનોજ ! સામાયિક પત્રો અને કેટલીક ગ્રંથમાળા તેમજ માસિકોના પણ પોતે ગ્રાહક થયેલા, તે, પત્રોના ઉત્તેજનાર્થે જ !

" જે કલ્યાણ કરે સદા, નવકદા ચોરાદિ ચોરે વળી.<br>
" આપે તેમ વધે, પરન્તુ ન જરી કલ્પેય જાયે ટળી;<br>
" એવું ભારતિ રૂપ શુભ ધન તે પાસે હશે જેમની;<br>
" મૂકો માન મહિશ્વરો નહિ થશે, સ્પર્ધા કદિ તેમની. "*

* हर्तुर्याति न गोचरं किमपि श पुष्णाति यत्सर्वदा<br>
ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम् ॥<br>
कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनम्<br>
येषां तान्प्रति मानमुज्झत नृपाः कस्तै सह स्पर्धते ॥

**સંસાર યોગી તરીકે**

આમ, જેણે વિદ્યારૂપ અવિચલ ધન સંપાદન કર્યું હતું, એવા વિદ્યાનુરાગી મહાત્માએ આગિયાના ક્ષણભર ચળકતા તેજ જેવી, આંખને આંજનારી ( અન્ધ બનાવનારી ) સઘળી સંસારમાંની સાહ્યબી ( જાહેઝલાલી ) જતી કરી, અને જેમ કૂર્મ પોતાના અવયવો સંકેલી લે, તેમ સંસારની મોહ, માયા અને વૈભવો પરથી પોતાની તમામ વૃત્તિયોને ખેંચી લઇ, આત્મ સંયમે-મનોનિગ્રહ પૂર્વક, એક સંસાર યોગીને છાજે તે કોટિ પસંદ કરી પોતે અનુકરણીય વૈરાગ્યભાવમાં ગરકાવ થયા, અને પિતાશ્રીના " લિલા વિસ્તાર " પછી સમસ્ત પીઠનો વૈભવ પોતાના કનિષ્ટ બન્ધુને સ્વાધીન કરી પોતે બિકાનેર પધાર્યા હતા.

આ વખતે ત્યાં ડુંગરશી નામનો રાજા રાજ્ય કરતો હતો. અને એમની ઉચિત કદરને માન આપી, કે અત્યાગ્રહને આધિન થઇ શ્રી દેવકીનંદનને આચાર્યના સિંહાસનપર આરૂઢ થવું પડયું, દરમિયાન એજ ભગવદ્ભક્તાનુરાગી રાજાના આગ્રહથી તેઓશ્રી દક્ષિણમાં પર્યટનાર્થે નીકળ્યા, અને બિકાનેરથી નીકળી પ્રથમ પોતે મોહમયી નગરી ( મુંબઇ ) માં પધાર્યા. અત્ર એમને થએલો પંડિત ગટુલાલજી સાથેનો સમાગમ, તેમજ એમણે બજાવેલી ચિરસ્મરણીય સેવા વગેરે વિદિત કરતા અગાઉ ભેગેભેગું પ્રવાસ—પર્યટન પ્રદિપાદન કરવું દુરસ્ત લાગે છે.

જગન્નાથજી ત્રણવાર, બદ્રિનારાયણ બે વાર, દ્વારકાંનાથજી ત્રણવાર, અને ત્રણવાર રામેશ્વરની યાત્રા કરવા ઉપરાંત શ્રીનાથજી,

**પ્રવાસ.** હરિદ્વાર, કાશી, ચંપારણ્ય, નાશિક, પુષ્કર, વગેરે અનેક સ્થળે (તીર્થોમાં) પવિત્ર પ્રવાસ કર્યો હતો, વળી વ્રજમાં તો પોતાનું એક અલાયદું મન્દિર જ હતું, એટલે વારંવાર ત્યાં જતા, અને જેને ચોરાશી કોસની પરિક્રમા કહે છે, ત્યાં–પોતાના ભાવિકભક્તો અને પરિવાર સહ વ્રજની કોડવતી કુંજોનાં ગરવાં ગુજન ગ્રહણ કરતા કરતા, પ્રરિક્રમા કરતા હતા

આંખના આનન્દની ખાતર કે બીજાં સુખ વૈભવની ખાતર આ બધો પ્રવાસ નહતો જ, પણ સંસારના રંગોથી રંગાયા સિવાય સંસારના રંગોને જોઇ, જાણી અનુભવી, મુમુક્ષુજનોના આન્તર–દર્દ ટાળવાની સફળતા ખાતર, સૃષ્ટિ સૌન્દર્યદ્વારા રચનાર (કિરતાર) ની લીલામાં તન્મય થવાની ખાતર, દેશ વિદેશનાં વાતાવરણ, રીત· ભાત અને વલણ જોવા ખાતર, તેમજ વસ્તુતઃ સામ્પ્રતકાળ ઉન્નતિને શિખરે ચઢે છે કે અવનતિયે? તે બધું, પોતાની વિકસિત શક્તિથી સમજવાની ખાતર આ પ્રકારનો પ્રવાહ હતો અને તેમાં સામાન્ય રીતે જોતાં શ્રી કૃષ્ણ ભગવાનની સેવાનો ભાવ દીપી આવતો !

દેશાટન માટેની દલિલો તોડી પાડનાર વિઘ્નસંતોષીઓએ આ દાખલો અનુકરણ કરવા જેવો છે; દેશાટન કરવામાં બાધ બતાવનાર ઉણા વિચારના વૈષ્ણવોએ વિચારવું જોઇએ કે જો શ્રીમદ્ દેવકીનંદજી મહારાજે દેશાટન ન કર્યું હત, તો અત્યારે પોતે જેટલી ખ્યાતિ, મહત્તા અને કીર્તિ–યશ પામી ગયા છે એ પામ્યા હત કે કેમ તે સવાલ શંકાસ્પદ સ્થિતિ ભોગવતઃ

વળી અભક્ષ્યથી લોકોને, અને હિંસક પ્રજાને પોતાના સંપ્રદાયમાં વાળી, હિંસાથી તેમજ તમોગુણ પ્રકૃતિની થતી વૃદ્ધિથી અચાતી ડુબતાને તારેલા, તે પણ દેશાટનના પ્રતાપે જ ! સ્વધર્મને સાચવી, નીતિને માન આપી, સ્વદેશ પ્રમાણે જ વિદેશમાં વર્તન રાખનારને શા વાસ્તે પરદેશગમનની છૂટ આપવામાં કેટલાક પ્રતિબંધ નાખે છે તે અમે સમજી શકતા નથીઃ જો વિદેશ ઉપર જ સ્વદેશનો પાયો રચાયો હોય, અને સ્વધર્મને લાંબી મુદત લગી ટકાવી રાખવાનાં સબળ સાધનો તેમજ આપણાં પ્રાચીન શાસ્ત્ર સંશોધનની હિકમતો વગેરેની પણ વિદેશમાંજ વસાયત થઇ હોય, તો કેવળ ઢંગધડા વગરની માત્ર જડ રૂઢિનેજ માન આપી શા વાસ્તે સૃષ્ટિના એક ઉંડા ખૂણામાં ( કે ખીણમાં ) જ ભરાઇ રહેવું ? ........બેશક, આપણને આપણા ધર્મગુરૂઓ કે આપણાં ધર્મ શાસ્ત્રો દેશાટન ન કરવાનું નથીજ શિક્ષણ આપતાં-તો મ્હોં માથા વગરની-કહો કે આકાર વિહોણી-નામનીજ રૂઢિને માન આપવાની ઘેલછા હવે કયાં સુધી ? કૂવામાંના દેડકા જેવો અવતાર ભોગવવાનો વારો હવે વહી ગયો છે. માટે પ્રભુએ બક્ષેલી શક્તિને વિકસાવી, પ્રભુએ દીધેલાં બન્ને ચક્ષુનો સરખો ઉપયોગ કરી આપણે જોવું ઘટે છે કે-જાળ તોડીને બહાર ધસે છે, ત્યારે જ કરોળિયાને પોતાના જીવનનું ખરૂં ભાન થાય છે જન્મ, અને મરણ વચ્ચે સંકળાયલી જીવનની સાંકળીના સદુપયોગનાં સાધન અથવા તે સાંકળથી જન્મ-મરણના બન્ધનને બાંધી દઇ, અખંડ વહેતા જ્ઞાનના મ્હેરામણમાંથી પીવાય તેટલું જ્ઞાનામૃત પીવાના માર્ગ મોકળા ત્યારે જ થાય, કે જયારે એકજ ભૂમિમાં ગાંધાઇ રહેતાં મળેલામાંથી જ આનન્દ મેળવવાની ભાવનાને ભૂલી

વિસ્તૃત વિશ્વમાં શક્તિ હોય તેટલી ગતિ કરી, તેમાં મતિ પરોવાઈ, કરવા યોગ્ય કૃતિ કરવા સમર્થ બનાય.

અને ત્યારે શ્રીમદ્ દેવકીનંદન મહારાજ પોતે પ્રવાસ કરીને એજ શિખવી ગયા છે કે, 'મારે પગલે પળનારા મ્હારા વૈષ્ણવો પણ પરદેશના પ્રવાસના રસિયા બને, અને વિવિધ રીતે થતી ભગવદ્ સેવાદ્વારા જન્મની સફળતા પામે."

પ્રસંગવશાત્ કંઇક લખાઇ જવાયું, તો તેમાં વિષયાન્તર ગણવાને સ્થાને, લખાયલું પ્રાંસગિક સમજી તેનો અનાદર નહિ કરવાની નમ્ર વિજ્ઞાપ્તિ સાથે વાચકને હવે મહારાજશ્રીની દિનચર્યા અતિ દોરીશ.

**દિનચર્યા.**

દિનચર્યામાં, મહારાજને પ્રાયઃ નિયમિતતા ઘણી ગમતી અને નિયમિતતાને લીધેજ, પોતે ઘણા ઉદ્યોગી હોવા છતાં સ્વતંત્ર,શાન્ત અને ધાર્યું કામ કરી શકવાની સફળતા મેળવતા હતા, કામની વ્હેંચણી સાથે પ્રત્યેક કામ નિયમિત રીત્યે થાય, તો મ્હાય તેવું મહાભારત કામ પણ થોડા શ્રમે, વધારે સુન્દર, મજબુત બંધારણવાળું અને સંગીન થઇ શકે એમ મારૂં માનવું છે. મહારાજ શ્રી પણ આપણને નિયમિત રહેવાના પાઠોજ ભણાવી ગયા છે.

મ્હાય તો પોતે પોતાના પ્રદેશમાં હોય, કે વિદેશમાં હોય, વાટ-વટેશરીમાં હોય કે ગમે તેવા સ્થાનમાં હોય, જ્યાં સઘળી સાનુકૂળતા ન જળવાય ત્યાં જવું થયું હોય. તો પણ પોતે, પોતાનાં દૈનિક કૃત્યોમાં અને તેના સમયના વ્યયમાં ફેરફાર પાડતા નહિ. મહારાજશ્રીની દિનચર્યાનો સારાંશ રૂપે નીચે પ્રમાણે ક્રમમાં સમાવેશ

થઇ શકે:—લગભગ ત્રણ વાગે ઉઠવું, અને શારીરિક કૃત્યોથી નિવૃત્ત હોઇ નિત્યકર્મમાં જોડાવું, (નિત્ય કર્મમાં સન્ધ્યા, પંચમહાયજ્ઞ, જપ, ષોડષ ગ્રંથ વગેરે સામ્પ્રદાયિક ગ્રંથનો પાઠ, સેવા, શ્રીમદ્‌ભાગવત, અને રામાયણનાં બે બે અધ્યયનનો પાઠ, આટલું થતું) દરમિયાન અગ્નિહોત્રારમ્ભ થતો.

વચમાં જ મ્હારે વિદિત કરવું જોઇએ કે અગ્નિહોત્રની દીક્ષા, બીજીવાર લગ્ન થયા પછી જ મહારાજે લીધેલી, અને જે અગ્નિની સમક્ષ તેમનાં લગ્ન કરવામાં આવ્યા હતાં, તેજ અગ્નિ એઓશ્રીએ પોતાની પાસે રાખેલો અને શાસ્ત્રીય સિદ્ધાન્તાનુસાર એજ આગ્નથી પ્રાતઃકાળે તથા સાયંકાળે હોમ–ઉપાસના કરતા હતા–તેમજ બલી, વૈષ્ણવદેવ, વગેરે પંચમહાયજ્ઞ કરવાનો આરંભ પણ ત્યારથી જ થયેલો; માંહનાની પ્રત્યેક પૂર્ણિમાએ તથા અમાંસે સ્વપત્ની સહ શિષ્યવર્ગ સંમુખ પુરાણા પ્રાચીન ઋષિયોની માફક પોતે ઇષ્ટિ કરતા હતા.

પછી, પ્રાતઃકાળના સાડા આઠ વાગ્યાના સુમારે નિત્યકર્મથી નિવૃત થઈ, શિષ્ય સમૂહમાં થોડો ઉપદેશ દઈ, પોતે પ્રસાદ લેવા પધારતા, દસના સુમારે ભોજન સામગ્રીથી પરવારતા, અને ત્યારપછી અગિયાર વાગ્યા સુધી ટપાલ વાંચવામાં વખત વિતાવતા; સાડા-અગિયારથી આરામ લેતા–"આરામ લેતા" એનો અર્થ શયન કરતા એવો નહિજ. (આમ લખવાનું કારણ એ કે હાલ ઘણા ભગવદિયો આરામ લેવાના અર્થને શયન કરવામાં ઘટાવી દે છે!) પણ તેમ નહિ; આરામ લેવાનો વખત એટલે એજ કે શાન્તવૃત્તિથી એકાન્ત સ્થાને વર્તમાન સમાચારો જાણવા સંબંધી, ટપાલના

આપવાના જવાબ સંબંધી અને પોતાને અદા કરવાની Duty ની Plan ગોઠવવા સંબંધી તક લેવી; મહારાજ આ પ્રમાણે કરતા, અને પછી તેમાંથી પરવારીને પાછા વૈષ્ણવવર્ગમાં ભાગ–કહો કે ભોગ આપતા–અર્થાત્ જેને જે શંકા થઇ હોય, તેને શાન્ત વૃત્તિથી ગળે ઉતરે એવી ધાટીથી મીટાશ ભર્યા સુકોમળ શબ્દોએ ભાવથી શંકાનું સમાધાન કરી આપતા, જીજ્ઞાસુ–મુમુક્ષુની તૃષ્ણા ટાળતા, અધિરાં હૃદયને સંતોષ આપતા, ધર્માંધ અને મતાન્ધ–તથા મમતાળુ અને અન્ધશ્રદ્ધાળુનાં સાંકડાં હૃદયને વિકાસક્રમમાં દોરતા, તથા આભ્યંતર વ્યાધિથી દુભાતાં ભક્ત હૃદયની, દર્દને યોગ્ય દવા દેતા–જ્ઞાનમય વચનામૃત રૂપ અમી સિંચતા, પછી પાછું પુસ્તકોનું વાંચન, મનન અને નિદિધ્યાસન ચાલતું, સાયંકાળ સમયે Open પણ clear હવા ખાવા (ફરવા જવા) નું થતું; પછી સમય થતાં હવન, જપ વગેરે કરવામાં આવતો; પોતે દિવસમાં એકવારજ પ્રસાદ લેતા. એટલે સાંજે તે કામમાં વખત જતો નહિ, એટલે મહારાજને એટલો કાળ ગ્રંથોના અધ્યયન માટે ઠીક વધારે મળી શકતો! પણ આ કામ, ટપાલનું તમામકામ આટોપી રહ્યા પછી જ પોતે હાથમાં લેતા; ધ્યાનમાં રાખવા જેવું છે કે, ટપાલના તમામ પત્રોના યોગ્ય, ટુંકામાં પણ સ્પષ્ટ અને સચોટ જવાબ સ્વહસ્તે આપતા, સામાન્ય પત્રનો જવાબ લખાવવો પણ પોતે ભૂલતા નહિ, કે તેવા પત્ર પર દુર્લક્ષ કરતા નહિ.

પ્રાદુર્ભાવથી માંડીને લગ્ન, વિદ્યાભ્યાસ, વિદ્યાનુરાગ, દિનચર્યા તથા સ્ત્રી શિક્ષણ સમ્બન્ધી પ્રસાદી મહારાજ શ્રીના નિર્મળ પણ આદર્શ ચારિત્રમાંથી આપણે રચ્યુ રચ્યુ પામ્યા; હવે બીજી દિશા તરફ વળીએ તો:—

એક પ્રત્રકારની નોંધ પ્રમાણે વિલાસપ્રિય, ફાંકડા, અલબેલા, બગી, વાડી, ને લાડી ઉપરાંત ઉચ્ચ આહાર વિહામાંજ માત્ર મસ્ત, સત્શાસ્ત્રોના અભ્યાસ અને ધર્મ કર્તવ્યથી વિમુખ, એવા, તથા પ્રભુને બદલે લક્ષ્મીને

**પ્રભાવ.**

અંકે લાડકોડમાં ઉછરતા અન્ધશ્રદ્ધાળુ ભાવિક ભક્તના સંસર્ગે ગવાયલા (મૂળે) નિર્દોશ સામ્પ્રદાયિકો લોકખ્યાતિશીએ ચઢેલા એવાઓને આપણા પૂજ્ય દેવકીનંદન મહારાજની પવિત્ર-પ્રશંસાપાત્ર અને ઉચ્ચમય રહેણી કરણી ગમેલી નહિ! એમનું સાદું સરલ જીવન તેવાઓને ગોઠેલૂં નહિ! પોતાના સેવકોનું કલ્યાણ કરવાર્થે અને * "ગુરૂ" શબ્દનો યથાર્થ ઉપયોગ કરવાર્થે ગુરૂઓએ Leader તરીકે જે ફરજ (ઋણ) અદા કરવાની છે, તેને માટે મળતી તક-પ્રસંગ તેવાઓને ગુમાનમાં-કહોકે, (કહેવાતું હતું, તે ખરૂં હોય તો) વિલાસમાં ગુમાવી બેસતા, તે ગોસ્વામી શ્રી દેવકીનંદનને અરૂચિકર લાગવાથી અન્ય કેટલાક એમના પ્રત્યે અભાવની દૃષ્ટિથી જોવા લાગેલા! વારસામાં મળતી ગાદીની લાયકાત બહોળા અનુભવ અને જ્ઞાન માર્ગથી મેળવ્યા સિવાય "અધિકારી" તરીકેનો પૂર્ણ અમલ ચલાવતા, તેવાઓની આંખમાં, આપણા અનુભવ વૃદ્ધ, ક્ષમાશિળ, દયાળુ અને પરોપકારી પૂજ્ય (દેવકીનંદન) ખુંચવા લાગ્યા! એકદમ જ મુંબઇમાં પધારી શ્રી ગટ્ટુલાલજીના સહજીવનમાં ભળીને મહારાજે જનરૂચિને જૂદી (શ્રેયઃસ્કર) વાટ્યે વાળવા માંડી, તેથી પેલા કહેવાતા વર્ગના હૃદયમાં ભારે ખળભળાટ થવા માંડેલો! અને ટુંકમાં કહીએતો કુમ્ભકર્ણની ઘોર નિદ્રામાં ઘોરતા

* ગુ×રૂ: તિમિરનો (અજ્ઞાનરૂપ) નાશ કરનાર.

ઉચ્છૃંખલ સુધારકોના અનાવશ્યક પ્રહારોથી મુક્ત થવા, કરવા માંડેલા મહારાજનો જાગૃતિથી થોડી મુદત સુધાતો ઘણો સમ્પ્રદાયીવર્ગ ધમપછાડા કરી રહેલો ! તથાપિ તે વિલાસપ્રિય હૃદયોને તે વખતે થોડોજ ખ્યાલ હતો કે હવે જમાનો બદલાયો છે, ખોજાઓના ધર્મ ગુરૂ સર સુલતાન મહમદશાહ, આગાખાન અને જૈન મૂનિશ્રી બુદ્ધિસાગરજી સર્વ કોમમાં જેમ સન્માન મેળવી શક્યા છે, તેમ આ પ્રભુના વ્હાલા ગોસ્વામી લાલ શ્રી દેવકીનંદન સર્વમાન્ય, પૂજ્ય અને સમર્થહિતચિન્તક તરીકે લોકપ્રિયતા મેળવનાર એક મહાન વ્યક્તિ છે એવું પ્રથમ તો એઓને નહિજ ભાસ્યું હોય !

સમષ્ટિ ભાવ, સ્નેહ, દયા, ક્ષમા અને શાન્તિ, અમી, ઉદારતા અને સહનશિલતા, તથા સંતોષ, આનંદ, અને નિઃસ્વાર્થ સેવા ભક્તિ સાથે પાત્રની યોગ્યતા પ્રમાણે આપવામાં આવતું જ્ઞાન દાન, એમનામાં વેરવામાં આવતી ઉચ્ચ ભાવના, સદ્‌વિચાર, પ્રત્યક્ષ પ્રદર્શિત કરી આપવામાં આવતો સદાચાર, અને નિષ્કલંક ચારિત્રની પાડવામાં આવતી પ્રતાપી છાપ આ બધું સામર્થ્ય જેનામાં હતું, એવા શ્રીમદ્ દેવકીનંદન મહારાજ, પડનાર પ્રહારોથી જરા પણ ડગ્યા નહતા, કંટાળ્યા નહતા; અને ધૈર્યથી, ખંતથી, ધાર્યા પ્રમાણે ક્રમપૂર્વક પોતે પોતાનાં કાર્યમાં સતત્ શ્રમથી મચ્યા રહેવા લાગેલા એ એમનું પુરૂષાર્થ અને આત્મપ્રબળ આપણે એમના પોતાનાંજ વિચારો અત્ર ઉતારીને–પ્રસંગોપત જોઇ–જાણી અનુભવી શકશું.

સાથે, બીજૂ પણ જોશું કે જે હૃદયો—શેઠીઆઓ, અને જે પ્રતિપક્ષાવર્ગ, આરમ્ભે, મહારાજ પર અભાવ તથા ઉપેક્ષિત વૃતિથી જોતા હતા, તેજ, "મધ્યે" છેક શિથિલ હોઇ "પરિણામે" મહારાજને ભક્તિ, માન અને પૂજ્યની દૃષ્ટિથી જોવા લલચાયા—અરે જોવા લાગ્યા.

અને એતો સ્વાભાવિક નિયમજ છે કે કંચનની કદર (કિમ્મત) કસોટી પર ચઢ્યા પછીજ અંકાય છે.

**પૃથક્ પદ્ધતિ.** વાત, વિચારને, વલણમાં મતાન્તર હોય, તો એક બીજા વચ્ચે બનાવ સંભવે નહિ; ઘણો મહત્વાકાંક્ષીવર્ગ મહારાજશ્રીથી નિરાળો પડેલો એનૂ કારણ પણ કોઇ અવુંજ હતું અર્થાત્ કેટલાક ચરણસ્પર્શ કરવા દેવાની 'પ્રેમલાં'ને છૂટ આપતા, વરકન્યાનૂં પાણિગ્રહણ કરાવી આપતા, શ્રી કૃષ્ણ ભગવાનની " સમા સમાની " ( પ્રત્યેક સમયની ) સેવા કરવા ઉપરાંત સેવકોમાં સદ્દુપદેશ માટે શ્રમ લેવાનૂં ચ્હાતા નહિ વગેરે આ કોટિની કેટલીક બાબતો જે બનતી, તે માહારાજશ્રીને અરૂચિકર અને અહિતકર લાગેલી.

અરૂચિકર અને અહિતકર જેવા શબ્દોથી, કદાચ કોઇ વૈષ્ણવને ભડકવાનો ભય રહે છે, અથવા કેવળ કાળી બાજૂનેજ ગ્રહણ કરનાર એવા વિઘ્નસંતોષી મનુષ્યાલક ઉલટો અર્થ કરે એમ દહેશત રહે છે આથી મારે સ્પષ્ટીકરણ કરવું જોઇએ કે નિવેદન કરવામાં આવી તે પદ્ધતે પળતા બાળકોનૂં વલણ શ્રીમદ્ દેવકાનંદન મહારાજને નહિ ગમેલૂં એનો માયનો એવો ન લેવો જોઇએ કે તેમાં બાળકોની કરા·

મત હતા હકીકત એવી છે કે ચરણસ્પર્ષ, પાણિગ્રહણ વગેરેની ક્રિયા ધર્મ ગુરૂઓ દ્વારા અસલથી ચાલતી આવેલી છે અને એ સ્તુત્ય છે; મહારાજશ્રીને પોતાને પણ વસ્તુતઃ આ અયોગ્ય ભાસેલૂં ન હતૂં કે નહતો થયેલો અન્યાચાર્યો પરત્વે કશો અનાદર; અરે અનાદર થવાનાં કારણનો જન્મજ ન હોય, ત્યાં પછી તેની વાત પણ શી? ચરણસ્પર્ષ વગેરેની ક્રિયામાં મહારાજોની દૃષ્ટિ અને હૃદય વિમળ હોય, ત્યાં કશું કહેવાનૂજ કયાંથી હોય! ત્યારે આમ છતાં પણ મહારાજશ્રીએ આ પદ્ધતે પળવાનૂં એટલાજ માટે નહિ સ્વીકારેલૂ કે ભાવિ પ્રજામાં કદાચ ન ધારેલૂં પરિણામ આવે અને માટેજ મહારાજે સમયાનુકૂળ વર્તવાનૂં ડહાપણ અને વિવેક અમલમાં આણેલો.

**પ્રતાપી છાપ**

જો સમજ ફેર ન થતી હોય તો ' રજનૂંગજ ' હોઈ, માત્ર નિમિત્તભૂત કરીને નિંદાયલા આચાર્યો દ્વારા મંડાયલા લાયબલ કેસથી લોકોમાં, ભારે ખળભળાટ ઉત્પન્ન થયેલો, થોડા સમયથી ભભૂકી ઉઠેલી અપ્રોતરી આર્ય સમાજને પગપેસારો કરવાનૂં મિષ મળી આવેલૂં, અને ઘણા ભાવિક વૈષ્ણવો પણ પુષ્ટિસમ્પ્રદાયના તે વખતના આ કોર્ટના શિષ્ટાચાર થી આશ્ચર્ય, ભય, સંકોચ, શંકા અને અનેક પ્રકારના તર્ક વિતર્કમાં ગર્ક થવા લાગ્યા, તેમજ તેવા વૈષ્ણવોને 'સમાજીષ્ટ' બનાવી મૂકવાની તક પણ સધાવા લાગી! મામલો આટલેથીજ અટકયો ના, પણ એક પ્રકારના કોઇક આચાર્યોના કર્મે, વગર લેવે દેવે પુષ્ટિ સંપ્રદાય પણ નિંદાવા લાગ્યો મહાપ્રભુજીના શ્રમપર પાણી ફરી વળવા લાગ્યું. અને વૈષ્ણવ ધર્મ ઠેકાણે ઠેકાણે તિરસ્કારની લાગણીથી ગવાવા લાગ્યો.

આવા અણીના પ્રસંગે ભારતમાર્તંડ શિઘ્રકવિવર શ્રી ગટુ-

લાલજી ઘણી ઉત્તમ સેવા બજાવી રહ્યા હતા, અને તેમને પૂર્ણ રીતે સ્હાયક શ્રીમદ્ દેવકીનંદન-ખરે તાકડે મળી આવ્યા અથવા આપણે કલ્પી શકીએ કે એઓશ્રીનામાં સાક્ષાત્ પ્રભુપ્રેરણાજ થઈ હોય!

અને અવશ્ય, ઉભયે મળીને લવારો કરનારા, અને સમ્પ્રદાયના સિદ્ધાન્તોને નાહક નિંદનારા નવરા તથા વિઘ્નસંતોષીઓને સારી પેઠે ઠસાવી શકયા કે વસ્તુતઃ પુષ્ટિ સમ્પ્રદાય કમળ જેવો અમલ, પવિત્ર અને કલ્યાણકર છે. અને એ સત્યાવલંબી શુદ્ધ સમ્પ્રદાયને સમ્પ્રદાયકના ઉલટાચરણ કને કશીજ નિસ્બત નથી; અસત્ય કરનારની કનેજ અસત્ય રહે છે, સત્ય, કદિપણ અસત્ય સ્વીકારી શકતું નથી અસત્યને સત્ય સહે જવાનો અધિકાર નથી, તેને સ્થાન પણ નથી. માન પણ નથી. અર્થાત્ પુષ્ટિ સમ્પ્રદાયનાં સિદ્ધાન્તોથી ઉલટી રીતે વર્તનારને દોષ દેવાને સ્થાને, જે સિદ્ધાન્તો સ્હામે રોશથી જોવાય છે, એ સાફ અજ્ઞાનતા છે, અવિચારી દૃષ્ટિ છે અથવા મૂર્ખતાછે.

**આકર્ષણ**

ભાષણો દ્વારા, લેખો દ્વારા, પુસ્તકોદ્વારા તેમજ રૂબરૂમાં પૂછાતા પ્રશ્નોના પ્રત્યુત્તરો ઉપરાંત ચર્ચાપત્રોના રદિયાદ્વારા મહારાજે અને પંડિત શ્રી ગટુલાલજીએ પોતાની સત્ય માન્યતા સમાજના ભ્રમિત ભેજામાં ભલી રીતે ઠસાવી, અને ચઢેલી ભરતીને મીઠા મંત્રોથી ઉતારી દીધી.

વાવાઝોડું શાન્ત પડયું, વાતાવરણ ફરી ગયું, અને વૈષ્ણવધર્મની ( તેમજ ધર્મને અંગે સામ્પ્રદાયીક આચાર્યોની આજીવિકાની ) ડુબતી નૌકાને તારી—ઉદ્ધારી—અને ત્યારથી શ્રીમદ્ દેવકીનંદન મહારાજ મધ્યાહ્નના સૂર્ય સમોવડ તપવા લાગ્યા. વર્તમાન પત્રોમાં, શેઠીઆઓની સભામાં, વૈષ્ણવોનાં મંડળમાં, પેલા કરકરવાળા આ-

ચાર્યોનાં હૃદયમાં ઊછૃંખલ સુધારકોની સમાજમાં તથા ટુંકમાં સહસ્ત્ર રશ્મિની પ્રખર પ્રભા પેઠે સર્વોસ્થળે સ્મરણ સાથે પ્રત્યક્ષ નહિ તો પરોક્ષપણે પણ નયન અને હૃદયમાં રમવા લાગ્યા! આટલું ઉમેરી શકે સવિતાનારાયણ તાપ દેછે, છતાં તે દ્વિગુણી રીતે સુખકારી નિવડે છે તેમ મહારાજના સત્યનિષ્ટ સ્વભાવને લીધે ખરી હકીકત કહેતાં, કવચિત્ કોઇને લાગી આવતી કટુતા, વસ્તુતઃ " માતાનાં કડવાં ઓસડિયાં સન્તાનના સારાને વાસ્તેજ હોય છે " એમ સમજી તાપ રૂપ તેઓના સાફ ( સ્વચ્છ ) વિચારોને બધા જીરવવા લાગ્યા.

ત્યારે આપણે જોયૂં કે આ રીત્યે હવે ચન્દનકાષ્ટને ઘસાવાનો આરંભ થયો, અને એ જેમ જેમ જ્યાદે ઘર્ષણ પામવાની પરિસ્થિતિમાં આવેલ, તેમ તેમ તેમાંથી વધારેજ પરિમલ પથરાવા લાગેલી અચૂક, સંસારે બીડાવેલા હૃદય પદ્મોમાં, આ મહાત્મા પુરૂષરૂપ સૂર્યે પોતાના વિચારરૂપ કિરણો ભરવા પૂષ્કળ શ્રમ સેવ્યો હતો. જાણવું જોઇયે કે સૂર્યકિરણ તો સમાન ભાવથી સર્વત્ર પથરાયછેજ, તથાપિ કમલપત્ર તેના સંસર્ગનો ખરો લાભ લઇ શકે છે! વાચક! કમલપત્રના પગલે પળી, મહારાજશ્રીનાં વિમળ વચનામૃતો અત્ર વિદિત થાય તે તૂં ઝીલી શકીશ?

**મહત્તા.** ભાષણો ભરપૂર થાય છે, પુસ્તકો પાર વનાં પ્રકટ થાય છે, લેખો નર્યા લખાય છે, અને વાતો—કે ઉપદેશો પણ ગાડાં ભરીને અપાય છે, છતાં જનહૃદયમાં દૈવી માધુર્યે, જાદુઇ અસર હોઇ, અવનવી ચમત્કૃતિયે તેઓ નવચેતન પામતાં એકદમ પરિસ્થિતિથી પલટાઇ જતા નથી,

અને એથી ઉલટું મહાપુરૂષના અમૃત કટોરા જેવા મિષ્ટ, રસાળ અને સ્નેહાળ મુખમાંથી નીકળતા આછા પણ આત્મોદ્‌ગારોથી અણધારી રીતે, ન માની શકાય કે ન કલ્પી શકાય તેવી અસર કેમ થઇ જાય છે? મહારાજમાં એવી શી દિવ્ય ખુબી હશે વારૂ? બેશક ખુબી તો ખરીજ, અને તેથીજ તેમનું હૃદય સર્વદા વિજયી નિવડે છે. તથાપિ આ ખુબી, એ ખલ્કમાંના ખેલાડીઓ જેવી નહિ, પણ એ ખુબી સમષ્ટિભાવમય આત્મબળે સમ્પાદન કરેલી (શેઠ થવાની ભાવનાવાળી નહિ પણ) સેવામય, વિશ્વકલ્યાણક ભાવનામય વિકસાયલી શક્તિનીજ ખુબી છે. પછી એને ખુબી કહો કે પ્રભુની કૃપા કહો; આશિશ કહો, કે મદદ કહો.

બાકી, જો એમના હૃદયની વૃત્તિ પ્રિયગુણોથી છલ્લોછલ ભરાયલી ન હોય, જો તેમની વાણીમાં નિયમ ન હોય, જો તેમની બુદ્ધિ, સ્વભાવથીજ જીવો માટે કલ્યાણકારક ન હોય, જો તેમના પરિચયમાં નિન્દાપાત્ર પદાર્થનો છાંટો સરખો પણ હોય, તથા જો તેઓ નિષ્કપટી, નિર્દોશી, અને વિશુદ્ધ ચારિત્રમય નહોય, તો પછી એ 'મહાત્મા'નું પદ પામીને યથાર્થ રીતે ભોગવવા ભાગ્યેજ ભાગ્યશાળી થાય! બલ્કે નથીજ થતાઃ નામનાના ભૂખ્યા 'નામના' મહાત્માઓને તો અમારા નવગજથીજ વન્દન હોઃ એવાંનાં જીવનસ્વરૂપ વાંચવા, લખવા કે સંભળાવવા સમયનો વ્યય કરવો એ નિરર્થક છે.

પ્રિય ભગવદિય! ત્યારે આપણે હવે ચન્દનની ઉપમાને યોગ્ય મહારાજશ્રી દેવકીનંદનના વિચારોની વિવિધ 'વાનીઓ' નો આસ્વાદ લેશું!

**પધરામણી વિષે.**

" ગુરૂની પધરામણી "નૂં દૃષ્ટાંત સર્વેએ ગ્રહણ કરવા જેવું છેઃ શ્રીમદ્ દેવકીનંદન મહારાજ જ્યાં પધારતા, ત્યાંથી કેવળ " ઉપરણા " ના બદલામાં ભેટ દાખલ નાણું મેળવવાની સ્પૃહા રાખતા નહતા; પણ સેવકને પધરામણીના હેતુથી માહિતગાર કરીને, જે પ્રકારે હૃદયમન્દિર પાવન થાય, તે પ્રકારની પદ્ધતે પળવાની સૂચના કરતા. અર્થાત્ ગુરૂ સમક્ષ, પોતાની અપેક્ષા, અભિરૂચિ, વાત, વિચાર વગેરે નિવેદન કરવું, તેમાં કરવો જોઇતો ઘટતો ફેરફાર, ગુરૂ કહે તેમ કરવો. ધર્માચારને લગતી કેટલીક શંકાસ્પદ બાબતોનો તોડ કઢાવવો, અને સંક્ષિપ્તમાં ગાડરીઆ પ્રવાહે રગશિયાં ગાડાં લોકાચાર અને અન્ધશ્રદ્ધામય જડરૂઢિને માન આપીને નહિ ચલાવતાં, જે કર્તવ્યના પ્રતાપે ભવરણમાંથી જન્મમરણની ભાવટ ભાગે એવાં કર્તવ્ય, કેમ, કેવી રીતે, અને કેવાં સાધનોના શ્રયથી આદરવાં–વગેરે વિવિધ વિષયો સંબંધી સંભાષણ કરવા સેવકની ઇચ્છાને પોતાનામાં વાળતા હતા; અને " મહારાજને કશૂં પૂછીને નાહક શ્રમ ન આપવાની " ઘેલછાવાળો મિથ્યા ભ્રમ નિવારણ કરવાની બનતી કોશિશ કરતા હતા.

**સાદાઇ.**

અનુભવસિદ્ધ વાત છે કે, મહારાજ પોતે ધનની બાબતમાં જેટલી ઉદારતા વાપરતા, એથી જાસ્તી વિચારમાં વાપરતા; સમષ્ટિસ્નેહના રસિયા દેવકીનંદનને હમેશાં સમાનભાવમાં લ્હાવ લેવામાં ઠીક મઝા પડતી ! કોઇ પણ સમ્પ્રદાયના આચાર્ય કે અનુયાયી હો, તથાપિ તે તમામની સાથે આડંબર રહિત, સ્વસંપ્રદાયના મિથ્યાભિમાન રહિત, અને

મમત વગર બિલકૂલ સાદાઇથી મળતા, "એકજ વૃક્ષની બધી શાખાઓ છે." એવી ભાવના સકલ સમ્પ્રદાય માટે એમની મૂળથીજ હતી; અને તેથી પરભાર્યા પન્થની નિન્દા થતી તેમને ગમતી નહિ, તેમજ થતી નિન્દાને અટકાવવા પૂષ્કળ ધ્યાન આપતા.

**અભેદ ભાવ.** મહારાજશ્રીની આ સમાનતાથી આકર્શાઇ ભરતપૂરના મુસલમાનોએ મહારાજશ્રીને પોતાના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યા હતા ! સિવાય શ્રૃંગેરી મઠના તથા જગન્નાથ મઠના શંકરાચાર્યો ઉપરાંત રામાનુજ સમ્પ્રદાયના શ્રીરામપ્રપન્નાચાર્યજી અને સ્વામીનારાયણની બન્ને ગાદીના મહારાજો સાથે પોતે સારો સંબંધ ધરાવી રહ્યા હતા, અને આ સર્વની સારી ચાહના મેળવી શકયા હતા, એ પ્રતાપ એમની ઔદાર્યવૃત્તિનો તથા સમાન પ્રીતિનોજ: વળી આ ઉપરાંત કાશીના સુપ્રસિદ્ધ મહામહોપાધ્યાય પંડિત શિવકુમાર શાસ્ત્રી તથા પંડિત મદનમોહન માલવિયા અને મહારાજા દરભંગા નરેશ, મહારાજા કાશીનરેશ તથા દેશ દેશના હિન્દુથી માંડીને પારસી, મુસલમાન સુધાં ઘણા વિદ્વાનો, ધર્મિષ્ટો, નાગરિકો, સાક્ષરો અને સજ્જનોના પોતે સમ્બન્ધી હતા એ ખસૂસ ખ્યાલમાં રાખવા જેવું છે.

તે સમયના ખંભાતના ધર્માનુરાગી નવાબે, મહારાજને ખાસ આમંત્રણ કરી, પોતાને ત્યાં તેડયા હતા, અને અન્ય સંભાષણ થયા પછી નવાબે એક એવો પ્રશ્ન કરેલો કે:–" દુનિયામાં દરેકલોક પોતાના પન્થની પ્રશંસા કરે છે, તો તમારા વિચારમાં કયો વાસ્તવિક અને ઉત્તમ આવે છે ?" ત્યારે મહારાજે ગંભિર ગિરાથી શાન્ત સ્વભાવે સૂચવેલૂં કે "કર્તા કેવળ એકજ છે, અને બધાં એનાં

સન્તાન છે: ગાયના ચારે આંચળમાંથી સરખીજ પયધારા પડે છે ફક્ત તેણે બક્ષેલી શક્તિને વિકસિત કરવામાં–અર્થાત્ અધિકારે પહોંચાયલા પદમાં તફાવત છે.”

મુસલમાનને ત્યાં હિન્દુઓ જાય, તો અભડાઇ જાય! પણ મહારાજનામાં આવી સંકૂચિત દૃષ્ટિ નહતી; કેમકે પોતે સમજતા હતા કે અગ્નિ કદિ અભડાતો નથી, એથી ઉલટું આભડછેટવાળી (નાપાક) વસ્તુને અગ્નિ પોતાના સંસર્ગમાં આણીને પોતાના સ્વરૂપમાં (પવિત્ર) લાવી શકે છે! અને આવી ઉચ્ચ ભાવનાથીજ અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજીના વંશજ, શ્રી દેવકીનંદન એક “આરબ” ની યાચનાનો અનાદર નહિ કરતાં, તેને ત્યાં પધાર્યા હતા! અગર જો કે (પ્રભાસપાટણ જતાં) આ વખતે જુનાગઢના દિવાનના ભાઇ એમની સાથે હતા, અને તેમણે આરબને ત્યાં પધરામણી કરવાની મરજી નહિ બતાવેલી તથાપિ તેને, અશુદ્ધ પદાર્થને પણ પાવન કરનારા અગ્નિ જેવા પુષ્ટિસમ્પ્રદાયના સિદ્ધાન્તથી પ્રવીણ કરીને મિથ્યાભ્રમથી મુક્ત કરેલો.

આપેલું વચન પાળવાની એમનામાં ખાસ ખાસિયત હતી;

**ઔદાર્ય.** ભાવનગરના મર્હૂમ મહારાજા તખ્તસિંહજીએ પોતાને ત્યાં એક દિવસ વધારે રહેવાની આજ્ઞા કરેલી, પણ તેજ દિવસે–તે આજ્ઞાની પહેલાં એક રાંક વૈષ્ણવને ત્યાં પધરામણીનું આમંત્રણ સ્વીકારેલું હોવાથી, મહારાજાની પ્રતિજ્ઞા ઝીલી નહિ. અને રાય–રંકને સમદષ્ટિથી જોનાર મીઠા મ્હેરામણશા ઉદાર મહારાજ પેલા રાંકને ત્યાં પધારેલા! પછીથી મહારાજાએ પાછા બોલાવીને મહાસભા ભરી, મહારાજના સદુપદેશનું દાન લઇને પોતે કૃતાર્થ થયેલા.

એક આચાર્ય તરીકે, એક વિદ્વાન તરીકે તેમજ એક સભ્ય ગૃહસ્થ તરીકે મહારાજનું જીવન યશસ્વી તથા અનુ-

**નમ્રતા.**

કરણીય નિવડવામાં અન્ય સદ્‌ગુણો સહાયભૂત હતા, તે પૈકી વિદિત થયા તે- **સમાનભાવ**, અને **ઔદાર્ય** સિવાય **નમ્રતાના** ગુણનો પણ અન્દર સમાવેશ થાય છે: પ્રત્યેક વિદ્વાન વર્ગ પ્રત્યે પોતે પ્રીતિ ધરાવતા, અને વિવેકપુરઃસર મધુરભાષી હોઇને વર્તતા; વિદ્વાનોની સભામાં પોતે બીજાનાથી ઉચ્ચાસને બિરાજતા નહિ, પણ વિદ્વાનોની સાથે એકજ આસન પર આરૂઢ થતા પોતાને ત્યાં પધારનારા વિદ્વાનોને બેસવા વાસ્તે વૈષ્ણવોથી જૂદું આસન આપીને વિદ્વાનોનું સારૂં માન જાળવતા, અને આગંતુક ગૃહસ્થની સાથે સભ્યતાભરી રીતે-જાણે પોતે પણ તેમની કોટિના મિત્ર હોય તેવી પદ્ધતે વાતચિત કરતા હતા અને તેથીજ તેઓશ્રીની વાતો વશીકરણ જેવી જાદુઇ અસર કરી શકતી ! મહારાજને ઇર્ષ્યા મિશ્ર સ્પર્ધા રૂચતી નહિ, અને તેથીજ જ્યારે જ્યારે અન્ય સમ્પ્રદાયીક આચાર્યના સમાગમમાં આવે, ત્યારે અથવા કોઇ મહાસભામાં પણ પોતાનો ઉદ્દેશ પ્રદર્શિત કરતા કે:-" સર્વ સમ્પ્રદાયના આચાર્યોએ સભાદ્વારા ભેગામળીને આત્મૈકય સાથે રસની સધિ સહ હૃદયઐકય કરવાની ખાસ પ્રથમ જરૂર છે." ભારતધર્મ મહામંડળનો પણ પ્રસ્તુત આશયજ હતો. અને તેથી તે સંસ્થામાં પોતાને અગ્રણી તરીકે રહેવા પસંદ પડેલૂં.

મહારાજના આન્તર જીવનની આટલી સાદાઇને વધારે શોભાવે એજ પ્રકારનો અંગપહેરવેશ પણ (સાદો) હતો.

**પહેરવેશ.**

હીરા મોતીની માળા, કડાં સાંકળાં, જરકસી જામા તથા એવા ઘણા કિમ્મતી પોષાકની એમની કને કશી કમી નહતી, તથાપિ પોતે તેવા ડોળ-દમામથી વિરૂદ્ધ હતા;

અને સદ્‌ગુણ, સદ્‌વર્તન તથા પૂર્ણ (Perfact) ચારિત્રમય જીવનના પોષાક આગળ પોતે આ પ્રલોભનમય પોષાક પ્રત્યે અભાવની નજરે જોતા*

અને આ આદેશને માન આપીને જ પોતે એક સાદું ધોતિયું પહેરતા, અને એક સાદો ઉપરણો ઓઢતા હતા, તથા કંઠમાં તુળસીની માળા પરિધાન કરતા, મોહ, માયા અને જગતના તોરનો તમામ ગર્વ જાણે ગેરૂનો રંગ, ઉતારીને એને સ્થાને પ્રભુ પ્રેમ અર્પતો હોય એમ પોતે ગેરૂરંગી વસ્ત્રોજ પસંદ કરતા! પગમાંની સાદી પાવડીઓ, હાથમાં શોભી રહેતો એકાદ સુન્દર ગ્રંથ, શશી શમોવડ વદન મને ભવ્ય લલાટમાં વધારે સૌન્દર્ય પૂરતા ખુલ્લા સ્યામ શિરકેશ આ વગેરે સર્વ ચિન્હો અત્યારે પણ નયન સમીપ તરવરે છે! એમની સાદાઇ, એમની નમ્રતાઃ એમનું ઔદાર્ય અને એમનું સે।। ભક્તિમય સાત્વિક જીવન હૃદયને એમના પ્રત્યે અખંડ ઢળાયલૂં રાખે છે. વન્દન હો એ પૂજ્યને:

વન્દનજ થાય. જ્યાં અપ્રતિમ અને અપૂર્વ ભાવો આમ બધી
બાજૂથી રસમાં ડુબાવી દે, ત્યાં તો માત્ર વન્દન
**મહાત્માનાં મન** કરીનેજ મન વાળવું પડે અધૂરા, અજાણ્યા
**અમપાયેલાં.** અને રાંક પ્રાણીની શી ગુંજાત છે કે એક
મહાત્માના ચારિત્રને સર્વાંશે ચિતરી શકે—એતો
કાન્તના શબ્દોમાં કહીએ તો **ઘણા શ્રમે** પણ **અધૂરાંજ** દર્શન કરાવી શકાય*.

---

સરખાવોઃ—**श्रोत्रं** श्रुतेनैव न कुंडलेन, दानेन पाणिर्नतु कंकणेन ।
विभाति कायः करुणापराणां परोपकारैर्न तु चंदनेन ॥

* લિંકનના જીવનની પ્રસ્તાવનામાંથી.

અને એતો ખરૂં જ છે કે, અનન્ત કહેવાતા આકાશની પણ એક દિવસમાં અરૂણ પૂરી પરિક્રમા કરે છે, કલ્પનામાં એકદમ નથી આવતી એવી પૃથ્વિને પણ વામને એક પગલે ભરી દીધી હતી, અને નાખી નજર પણ નથી પહોચતી એવા જગત્ વિંટના સાગ· ગરનું લંઘન પણ નૌકા કરે છે, આ બધું અશકય છતાં શકય થાય છે તથાપિ મહાત્મા પુરૂષનાં મનનાં માપ તો નથીજ માપી શકાયાં એટલે આપણે તો " ફૂલની પાંખડી "થી સંતોષ પામીએ.

**સમાજ સુધારણા સંબંધી ધર્મ ગુરૂઓની ફરજ.**

વ્યક્તિનો બહોળો સમૂહ મળીને જ્ઞાતિ થઇ, અને તેનો સમાજ થયો. આ સમાજનો ઘણો ભાગ સમ્પ્રદાયના આચાર્યો પર અવલમ્બીને રહેલો છે, મતલબ કે સમાજનો કાબુ ધર્મ ગુરૂઓના હસ્તક છે, જ્યારે આ વસ્તુ સ્થિતિ છે, તો ધર્મગુરૂઓ ધારે તો જ્ઞાતિને કેટલી બધી આગળ ધપાવી શકે ? જ્ઞાતિના બખેડા, જ્ઞાતિનો શળો, જ્ઞાતિમાંની ઈર્ષ્યા, જ્ઞાતિની પ્રાપંચિક પંચાયતો અને ટુંકામાં જ્ઞાતિવ્યવહારમાં ચાલતી હોય, તે તમામ અનીતિને દૂર કરી જ્ઞાતિને સુશિક્ષિત, સ્વધર્મનિષ્ટ, અને કર્તવ્યપરાયણ બનાવી શકે; અને આ ફરજ તે મહારાજોની જ કહેવાય, ઘણીવાર જ્ઞાતિમાં એવા ગુંચવાડા ભરેલા પ્રશ્નો જન્મ પામે છે કે જેનો નિવેડો લાંચિયા પંચાયતો લાવી શકતા નથી. અને તેથી બિચારા નિર્દોશ આદમી માર્યા જાય છે આવે પ્રસંગે જો જ્ઞાતિના સમાધાનનો માર્ગ મહારાજો ( શ્રમ ! ) લઇને કહાડી આપતા હોય, તો વર્તમાન તેમજ ભવિષ્યનો સંસાર કેટલો બધો સુન્દર ઉતરે ? અને સંસાર જેમ વધારે સુન્દર ઉતરે તેમ મહારાજોને પણ તેટલો જાસ્તીજ લાભ છે;

અથવા લાભની લોલુપતા જવા દઇએ, તો પણ, જે જ્ઞાતિના આધારે અત્યારે ઝઝુમી રહેવાય છે, તે જ્ઞાતિને અન્દરને અન્દર શળવા દેવી તે જ્ઞાતિ-સેવકોને ઉંડા ખાડામાં ઉતરે તો ઉતરવાજ દેવા અને ધર્મ બોધ ન આપવો એ શું કોઇ પણ ધર્મ ગુરૂનું કર્તવ્ય કહેવાતું હશે ?

જ્ઞાતિ, બ્રહ્મસંબંધની દિક્ષા શા સારૂ લેછે ? ગુરૂશ્રીની કૃપાવડે જ્ઞાન મળતાં જન્મની સફળતા માટે, કે " ગળેથી ગાળિયુ કાઢવા માટે ? મહારાજો આ બધું સારી પેઠે સમજે છે એટલે પ્રસ્તુત વિષયને વિસ્તાર નહિ આપતાં પ્રસંગાનુકૂળ જે પ્રતિપાદન કરવાનું છે તેજ કરૂં તો:—

શ્રીમદ્ દેવકીનંદન મહારાજ પોતે શિષ્યો પ્રત્યેની પોતાની ફરજ સારી રીતે સમજતા હતા; એક આચાર્યની પદ્દિ પામ કીધા પછી આચાર્યો કેમ વર્તવું એ એમને સારી રીતે જ્ઞાત હતું—

**પારમાર્થિક જીવન.**

વગર માગ્યેજ નદી પોતાનાં વહન પરમાર્થે પ્રેરે છે, વગર યાચનાએજ સૂર્ય ચંન્દ્ર સૃષ્ટિમાં સ્વજીવન સમર્પી રહ્યા છે, વગર પ્રાર્થનાએજ વરસાદ વરસી જાય છે, વગર કહ્યેજ એની મેળે નિયમિત રીતે વૃક્ષો ફલફૂલ અરપે છે, અને વગર માગ્યેજ કુદરત પોતાને આપવું જોઇતું તમામ, સમયસર સૃષ્ટિની સેવામાં રજુ કરી રહી છે; આમજ મહાત્મા પુરૂષે-આચાર્યે સેવકની વગર માગણીએજ એની ખોટ પૂરી પાડવી એ એમનો પ્રથમ ધર્મ છે-શિષ્યનામાં માગવા જેવી વસ્તુ માગવાની-કહોકે શરૂઆતથીજ સારાસાર વસ્તુનો વિચાર કરવાની શક્તિ હત, તો વળી તે અજ્ઞાન શાના કહેવાય ? અજ્ઞાન મનુજ ઉપર એમની અજ્ઞાનતાની દયા આણી ઔદાર્ય વૃત્તિથી આચાર્ય પોતાનામાંથી પાત્રાનુસાર પ્રસાદી પમાવરાવવી જોઈએ.

શ્રીમદ્ દેવકીનંદન મહારાજ હમેશાં આમજ કરતા હતા જ્યાં સુધી એમના સ્થૂળ શરીરમાં પ્રાણ રહ્યો ત્યાં સુધી તન મન તેમજ ધનથી મેવ્રેશની સેવા સારી રીતે અદા કરી રહ્યા હતાઃ પ્રાણ કાયા અને પૈસો, પોતે પરમાર્થેજ માનતા હતા. પોતાનું જીવન પોતાની ખાતર નહિ, પણ પ્રભુની ખાતર–પ્રભુની સૃષ્ટિની ખાતરજ પોતે સમજતા હતા, અને એ જીવનને પરમાત્મા જ્યાં ફેંકે ત્યાં તે સહર્ષ સમર્પણ કરતા હતા એમને ન હતી લોલુપતા પૈસાની, ન હતી રાજ્ય વૈભવની, ન હતી તમા પરિવારના ભાવિ જીવનની, કે ન હતી તમા બીજી કશી કેવળ જો કાંઇ પણ એમને સતત્ સ્મરણ થતું હોય, તો શ્રીકૃષ્ણ ભગવાનની નિષ્કામ સેવા કરવાનું. અને સેવાનો અર્થ પોતે પ્રભુના નામની માળા ફેરવવામાં લેતા ન હતા તથાપિ "આત્મવત્ સર્વ ભૂતેષુ" ના ન્યાયે પ્રભુની પ્રજાની સેવા–શારીરિક સુધારણા સંબંધીની–નહિ તો માનસિક સુધારણા સંબંધીની પોતે પ્રાધાન્ય માનતા અને આપણે હવે આ બધું એમના પોતાનાજ વિચારોના ટાંચણ પરથી મહારાજના અંતરના ભોમિયા થઇએ ?

**વિચારોની વાનગી.**

મહારાજશ્રીએ સ્વહસ્તે વલસાડ મુકામે તા. ૧૮–૬–૯૫ ને દિવસે લખેલ પત્રના નમૂનામાંથી એમના સત્યપ્રિય અને ઉમદા ગુણોમય હૃદયની આપણને અજમાયશ થશે; પોતે લખે છે કેઃ–× × ×" કેટલાક વૈષ્ણવો ધર્મ સમજે છે ખરા, પણ એમની સંખ્યા ઘણી
" જુજ છે, અને જેઓ સમજવાની અપેક્ષા રાખે છે, તેઓને પૂ-
" રતાં સાધનો સરળતાથી ન મળી શકવાને લીધે ઘણા શ્રમે પણ
" તેઓ ઘણુંજ ઓછૂ–અસંતોષકાર જ્ઞાન મેળવે છે; માટે, ધર્મ

" સમજવાનાં સાધનો જેવાં કે અભ્યાસ, તેનાં ભાષાન્તરો કરાવવાં,
" નવા ગ્રંથો રચાવવા, અને છપાવી પ્રકટ કરાવવા, સામ્પ્રદાયિક
" પાઠશાળાઓ સ્થપાવવી ધર્મ ગુરૂઓએ વૈષ્ણવોની સભાઓ ભરી,
" તેમા ભાષણો તેમજ વ્યાખ્યાનો દ્વારા ધર્મનો બોધ કરવો–વગેરેની
" વૃદ્ધિ કરવા સર્વે મારા જ્ઞાતિ બંધુઓ તથા વૈષ્ણવોએ ખંતથી
" મંડવું જોઇએ એવી મ્હારી ભલામણ છે.

આપણો સંપ્રદાય અત્યુત્તમ છે, છતાં અમુક સંજોગોને લઇને
" જે હાલ જગબત્રિશીએ ચઢેલો છે તે પર પૂરતું લક્ષ આપી
" તેને પાછો ભક્તિ અને માનની દૃષ્ટિથી જોવરાવવાનો ધર્મ અમારા
" આચાર્ય વર્ગનો છે જો આચાર્યો પોતે પોતાના પવિત્રત્વનો પ્રકાશ
" પ્રદિપ્ત કરી બતાવશે, તો તે તેજમાં નિંદાખોર તથા સર્વ કાળી
" બાજુ જોનારાઓ અંજાયા સિવાય રહેશે નહીં સાથે સાથે વૈષ્ણ-
" વોને ઉપદેશ આપવાનું કામ, તેમના સંસાર સુધરે તે પ્રકારનાં
" વ્યાખ્યાનો કરવા નું કામ તથા સભા વખત, પધરામણી વખત
" વગેરે મળતા અનેક પ્રસંગો વખતે વૈષ્ણવોના હૃદયમાં શુદ્ધ
" પુષ્ટિ સમ્પ્રદાયની મહત્તા યોગ્ય શબ્દોમાં પણ સંગીન રીતે ઠસા-
" વવા શ્રમ લેવો એ વસ્તુતઃ શ્રમ નથી પણ પોતાની ફરજ અદા
" કરતાં થતી કસરત રૂપજ છે.

" અમારા સમ્પ્રદાયનું વગોણું થવાનું નિમિત્ત અમારા લોક
" ઠરે છે, એ કેટલેક અંશે ખરૂં હશે, પણ મારી નમ્ર માન્યતા
" પ્રમાણે તો કેટલોક દોષ વૈષ્ણવોનો પણ ખરો, કેમકે જો વૈષ્ણવોએ
" સ્વશક્તિનો સદુપયોગ કરવાની ટેવ પાડી હત, અને જે કંઇ કહે-
" વાય તે "હાજી હા" ભણવાની અન્ધશ્રદ્ધા નહિ રાખતાં અમ

" લોકને અવળે રસ્તે ચઢતાં ઉત્તેજન ન આપ્યું હ1, તો આવો વ મન
" આવત નહીં.

,, વૈષ્ણુવો ( પોતાના શિષ્યો )ની સ્ત્રી પુત્ર વગેરે જે પોતની
" બેટી સમાન, તેનાપર કુદષ્ટિ કરવી, તેની સાથે શાસ્ત્ર નિયમ
" વિરૂદ્ધ એકાન્તમાં સંભાષણ કરવું તેના હાથથા મેવા વગેરે અંગે.
" ગવા, મર્યાદા રહિત ફાગ ખેલવા, દ્રવ્ય વગે' માટે વૈષ્ણવોપર
" બળાત્કાર ચલાવવો અને પોતેજ સાક્ષાત શ્રીકૃષ્ણ રૂપ હોય એમ
" ઠસાવવું, શ્રી કૃષ્ણની માફક અન્નકૂટ આરોગવો, મુકુટ ધારણ કરવો
" પારણા વગેરેમાં ઝૂલવું, તથા સ્ત્રી તથા પુરૂષ વચ્ચે તાલ લેવરા-
" વવા ઇત્યાદિ થાય, તો તે અવશ્ય શ્રીમદ્ વલ્લભાચાર્યાજીની આજ્ઞા
" વિરૂદ્ધનુંજ આચરણ કહેવાય.

" હાલના લોકો અસમર્થો ગૃહારંભે સમર્થો ગૃહભંજને આ વાનર
" ચરિત્રની માફક વર્તે છે, પોતે સંપ્રદાયનું કાંઈ પણ ભલું કરી શકે
" નહિ, અને બીજો કોઈ પોતાની શક્તિ અનુસાર થોડું ઘણું સારૂં
" કરવા નિકળ્યો હોય, તો તેના પર મત્સર લાવી જેમ બને તેમ
" તેના સારા તત્વન તોડી પાડવાની દલિલો નિપજાવી વગર સમજ્યે
" વિરૂદ્ધ ઉતરવાનો વ્યાપાર કરે છે; જે લોકો વિદ્યા તથા વૈદક
" કર્મને નિંદે છે તેમણે અદ્યાપિ પર્યંત આ સમ્પ્રદાયનું શું સારૂં કર્યું છે?
" ઉલટા નવા નવા ઉપદ્રવો ઉઠાવી સમ્પ્રદાયમાં કુસંપ, કલેશ તથા
" દ્વેશનાં બી વાવે છે, જેમકે ભટ્ટજીના હાથનૂં ખાવું પીવું નહીં,
" તેઓનો સ્પર્ષ કરવો નહિ, તેઓ તો બ્રહ્મરાક્ષસ છે–વગેરે."

" ધર્મ ગુરૂઓમાં, નિરંતર ભગવત્સેવામાં પ્રવૃત્તિ, દંભ, કામ, ક્રોધ, ઇત્યાદિથી દૂર રહેવું. આજીવિકાનીજ આકાંક્ષા અને અપેક્ષા ન રાખતાં શ્રીમદ્ ભાગવત વારંવાર " વિચારી તેનું ખરૂં તારતમ્ય

" જાણી લેવું. એ વગેરે "શાસ્ત્ર તથા આચાર્ય ગ્રંથોમાં લક્ષણો કહેલાં
" છે, તે હોવાં જોઇએ તેમજ શિષ્યો (વૈષ્ણવો) માં પણ ભગવાન
" ઉપર શ્રદ્ધા, શાસ્ત્રો ઉપર વિશ્વાસ, ભગવાન, વેદ અને સદ્ગુ-
" રૂને વિષે પૂર્ણ ભકિત; ઇત્યાદિ અનેક આન્તર ધર્મો તથા ઉર્ધ્વપુન્ડ્ર
" તિલક—છાપાં તુલશી–કાષ્ટની માળા ઇત્યાદિ બાહ્ય ધર્માચાર
" પણ હોવો જોઇએ.

" આપણા વૈષ્ણવો જેવા આગ્રહી અને ગુરૂભક્તિ વાળા
" શિષ્યો જવલ્લેજ કોઈ ઇતર પન્થમાંથી જડી આવે ! અને જો
" એવા આત્મ વિવશ ભાવિક ભકતોને ઉતરતા બિન્દુમાંથી ઉચ્ચ
" લક્ષપર દોરવામાં આવે તો તેમાં શ્રમ ઘણોજ થોડો પડે, અને
" મહારાજો પોતાનું કર્તવ્ય સંપૂર્ણ રીતે અદા કરવા ફતેહમન્દ થઇ શકે.

" શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા શ્રીમદ્ વિઠ્ઠલનાથજીના રચેલા
" અમૃતમય ગ્રંથો, જાતે સંભળાવો, વંચાવો, સમજાવો, અને એ-
" માંથી મન્થને જે નવનિત નિકળે તે વૈષ્ણવોને સમર્પણ કરો એ
" માંજ આપણા ધર્મગુરૂઓના જીવનની અને પદની મહત્તાની અને
" સેવા ભક્તિની ખરી સાર્થકતા છે. × × "

**દેવકીનંદનાચાર્ય**

**નિરાળી રીત-ભાત.**

લોકો માને છે, અને કેટલેક અંશે ખરૂં પણ હોય છે કે, મોટા માણસો "જેવું બોલે છે, તેવું લખે છે, પણ બોલે છે, તેવું ચાલતા નથી" ! પણ મહારાજ શ્રી દેવકીનંદનના સમ્બન્ધમાં આપણે આમ કહી શકશું નહિ, કેમકે પોતે જેવું બોલતા તેવું લખતા. અને લખતા તેવું આચરતા હતા.

એક વાર અગાઉ કહેવામાં આવી ગયું છે કે અન્યાચાર્યોને આ મહારાજ આંખોમાં આવેલા, તેનૂં કારણ એક આ જ હતું. પોતે ઉચ્ચાશયો પ્રકટ કરે, અને તે પ્રમાણે અનુસરે અને તેથી લોકો તેમના પ્રતિ લોહચુમ્બક માફક ખેંચાયાં જાય, આ બધું બીજાઓને રૂચેલૂં નહિ, તથાપિ તેમાં મહારાજ શું કરે? મહારાજે તો પોતાને રૂચતીજ રીતભાત રાખી હતી, પછી તે રીતભાત બીજાને મળતી આવે કે ન આવે, તેની એમને તમા ન હતી.

રીતભાતની બાબતો એવી હતી કે જ્યારે અન્ય બાલકો સુધરેલી " સ્ટાઇલ " ને માન આપી " ઇન્દ્રવર્ણા જેવા ડોળ દમામ ભર ગાદી, ખુરસીને કોચ વગેરે ફરનિચરથી પોતાનું મંદિર શણગારે અને એવાં આસનો પર આરૂઢ થતા, ત્યારે પોતે મયુરાસનને પસંદ કરતા; અન્યાચાર્યો જ્યારે સ્ત્રી પુરૂષને પોતાના ચરણસ્પર્ષ કરવા દેવાના કોડીલા હતા, ત્યારે પોતે તેમ નહિ કરાવતાં, પાદુકાનો સ્પર્ષ કરાવતા, અન્યાચાર્યો આગળ " ખમા અન્નદાતા " શબ્દોથી નેકી પોકારવામાં આવતી, ત્યારે દેવકીનંદન મહારાજના ચોપદારો "सम्यतां बहुतरम् निभाल्तां दूरतरम् " આમ સંસ્કૃતમાં નેકી પોકારતા, અન્યાચાર્યોને ત્યાં દર્શન પછીનો વખત, જ્યારે " ગપસપ " માં ગળાતો, ત્યારે આ મહારાજને ત્યાં ધર્મ ચર્ચા વગેરે થતું. અને ખાસ કરીને આ કામને માટે મોટા પગારદાર શાસ્ત્રીઓને પણ રોકવામાં આવતા હતા.

ઇશ્વરદત્ત શક્તિનો અને પદ્દિનો આમ સદ્દ્વ્યય કરનાર મહારાજશ્રી સર્વદા નિષ્પક્ષપાત રીત્યે, પોતાને જે સત્ય ભાસે તે કહેવામાં અને દેખાતી અનીતિને દૂર કરવા કરાવવામાં પોતે જરા પણ આચકો

ખાતા નહિ, કે પ્રમાદ ભોગવતા નહિ, અને આવા મહદ ગુણોએજ એમની ઠામેઠામ અને ગામેગામ નામના કરવા માંડેલી; લાયબલ કેસના ભભૂકી ઉઠેલા પ્રચંડ અગ્નિના પ્રસગે, જ્યારે પુષ્ટિસમ્પ્ર-દાય ઉપર તથા વૈષ્ણવ મહારાજોપર ઘણો વર્ગ ઉપેક્ષાની નજરથી જોતો હતો, તેવાંજ પ્રસંગે શ્રીમદ્ દેવકીનંદન મહારાજ એવા લોકો તરફથી કેટલૂ સારૂં માન ખાટવા સફળ થયા હતા તે વર્ણનથી વિદિત કરવા કરતાં આપણે, પત્ર દ્વારા છપાયેલું એકાદ તટસ્થ ચર્ચાપત્ર જ અત્ર અવલોકીએ:—

*" મુંબઇ સમાચારના અધિપતિ જોગ.

" સાહેબ ! હિન્દુ સંસાર સુધારા સાથે ધર્મ ગુરૂઓ અને ધર્મો-**લોકમતનું** પદેશકો વિષે કેટલીક હકીકત હું તમારા પત્રમાં **એક દૃષ્ટાંત** વાંચું છું અને હાલ તેને લગતી એક બીના, જે મારા જાતિ અનુભવમાં આવેલી છે, તે તમારા પત્ર દ્વારા વાંચનારી આલમ હજુર વિદિત કરવા ચાહું છું.

" હાલ સુધારાના પ્રચારથી અનીતિ નાશ થવા લાગી
" છે, સઘળે વિદ્વાન અને ગુણવાનને માન મળે છે, અને
" તેના જ ગુણ ગવાય છે, એ ચાલુ સુધારાના સમયની બ-
" લિહારી છે. ચાલતી ૫ા સદીમાંજ સેંકડો અનાચારી અને અ-
" વિચારી ધર્મ ગુરૂઓનાં ભોપાળાં આપણે સાંભળ્યાં છે. વાચીએ
" છીએ અને નજરે જોઇએ છીએ, તેવી તકમાં એક પણ સુજ્ઞ
" શિરોમણિ, સદ્ધર્મ પ્રવર્તક. ખરા આચાર્યના દર્શનથી કોને આન-
" ન્દ નહિ થાય ?

*( મુંબઇ સમાચાર—પત્રમાં તા. ૨૭—૪—૮૫. ને દિવસે છપાયલૂં. )

"ઉપલી હકીકત મારે જે મહારાજના સંબંધમાં જણાવવાની
" છે, તેવણ કામવનવાલા, વૈષ્ણવ સમ્પ્રદાયના સદ્ગુરુ, શ્રી "ગોવિ-
" ન્દલાલજીના જેષ્ટ પુત્ર થાય છે, અને તેવણનું નામ દેવકીનંદના-
" ચાર્ય છે. તેવણ બીજા કેટલાક મહારાજોના જેવા પ્રમાદી કે
" પ્રપંચી નથી. પણ સંસ્કૃતભાષામાં કુશળ, વિવેકી અને વિદ્વાન
" છે, તે જોકે ઉદાર વૃત્તિ શુદ્ધ આચરણ, અને વિદ્યાના વિલાસી
" છે. એવણ ગયા રવિવારે સવારે મદ્રાસથી અત્રે પધાર્યા છે. ને
" બાહરકોટ માધવબાગ સામે ચંદાવાડીમાં ઉતર્યા છે.

" આ મહારાજની રહેણી કરણી સ્તુતિપાત્ર છે, તેઓએ
" પોતાની સાથે સંસ્કૃત વિદ્યાના પારંગત શાસ્ત્રી—પંડિતો રાખેલા
" છે, તેમની સાથે નિત્ય શાસ્ત્રી ચર્ચા અને ધર્મ વિવેચન કરે છે,
" એટલુંજ નહિ પણ પ્રત્યેક શહેરે શહેર ફરી, તેઓ વિદ્વાનોને
" આમંત્રણ કરી, સભાઓ ભરી કુશલ પુરૂષોનો યોગ્ય સત્કાર
" કરે છે; મુંબઇખાતે પણ તેવણ એક મોટી સભા ભરનાર છે.
" × × એમની દષ્ટિ નિર્મલ છે, ને તેમને સ્ત્રી પુરૂષો પ્રસંગોપાત
" કાંઇ પ્રશ્ન પૂછે, તો સાત્વિક વૃત્તિથી વિવેપુરઃસર તેનો સંતોષ-
" જનક જવાબ આપે છે.

" વલ્લભ કુલમાં તિલકરૂપ આવા નિર્મત્સર મહાત્મા વિરલ
"જ મળી આવશે. તેમનાથી વૈષ્ણવના પડી ભાગતા શુદ્ધ સંપ્રદાયનો
" ઉદય થશે, ને ત્યારેજ શાસ્ત્રી ગ્રંથોમાં આચાર્યોએ લખેલી ખરી
" ખુબી લોકોથી સમજાશે. આ મહારાજ તેવા બોધક ગ્રંથો ગૂંથ-
" વાની પણ કોશિષ કરે છે. ધર્મોપદેશકપદ અથવા ક્ષણિક આનંદ
" કે મોજશોખ એમને પસંદજ નથી; પરન્તુ શુદ્ધ સમ્પ્રદાયને ખરે

" રસ્તે દોરી, બીજાઓને તે તરફ દોરવા મથે છે. આ ધર્મગુરૂથી
" હિન્દુમંડળમાં સારો સંતોષ ફેલાયો છે. ને તેથીજ બીજા મ-
"હારાજોને તેવો ધડો લેવા આ હકીકત જણાવી છે. વલ્લભકુળને
" વગોવનાર સુધારાવાળાઓ પણ સ્નેહ પૂર્વક આ મહારાજને
"માન આપી શરણ થઇ, ચરણે પડે છે. ને તેમ કરવું એજ સારા-
સાર વિચાર કરનારનો ધર્મ છે."

**ક્ષત્રી.**

દરમિયાન મહારાજ શ્રીએ " વર્ણાશ્રમ ધર્મ " વિષે વિદિત કરેલા વિચારોની વાનગી હવે આપણે ચાખીએ.

**વર્ણાશ્રમ ધર્મ વિષેના મહારાજના વિચારો.**

"વર્ણાશ્રમ ધર્મનો ઉપદેશ કરવાનો ચાલ આપણા વૈષ્ણવ સંપ્રદાયમાં દેખવામાં આવતો નથી. તેનું કારણ એ કે અસલ આ સંપ્રદાયના શિષ્યોમાંનો ઘણો ભાગ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે ચાલતો હતો. માટે એ બાબતનો ઉપદેશ કરવાની જરૂર નહોતી. હાલ કેટલાક લોકો વર્ણાશ્રમ ધર્મથી ભ્રષ્ટ થયા છે. માટે એ બાબતનો ઉપદેશ કરવાની આ કાળમાં ઘણી જરૂર છે. કેમકે તેમ થએથી વેદ શું? વૈદિક ધર્મ શું? તે લોકોના સમજવામાં આવે. વેદ ધર્મની આવશ્યકતા સમજીને, ગર્ભાધાનાદિ ૧૬ સંસ્કારો બરાબર કરવા જોઇએ, જેથી વૈદક શાસ્ત્રમાં તથા ધર્મ શાસ્ત્રમાં કહેલા ફાયદાઓ બરાબર મળી શકે. તે ફાયદાઓ એ કે, ૧૮ વર્ષ પહેલાં પુરૂષનું વીર્ય પડવાથી તે નિસ્તેજ, નબળો અને પ્રતાપ ( પરાક્રમ—કીર્તિ ) વિનાનો થઇ જાય. તેમજ સ્ત્રીને પણ શોભનમુહુર્ત ( રજોદર્શન ) થયાં પહેલાં, તેની સાથે લૌકિક વહેવાર થાય, તો તે સ્ત્રીની પણ શરીરશક્તિ ક્ષીણ થાય છે. અને ગર્ભ

પણ નબળો ઉત્પન્ન થાય છે શાસ્ત્ર પ્રમાણે બ્રહ્મચર્ય પાળવાથી શરીર સારૂં રહે, પ્રજા સબલ થાય, ઇત્યાદિ વૈદક શાસ્ત્રના ફાયદાઓ મળે છે. તેમ વળી ધર્મશાસ્ત્રના નિયમો પણ પળાય છે અને તેથી કરીને બાલકોને સારો વિદ્યાભ્યાસ કરવાને અવકાશ મળે છે નાની વયમાં છોકરાનો વિવાહ કરીએ તો તેને ઘર કામકાજમાં જોડાવું પડે, ત્યારે તે આગળ ભણી કેમ શકે ? વિદ્યાની સાથે બીજાં ઘણા પ્રકારનાં, તન, મન તથા ધનનાં નુકશાનો થાય છે, એટલુંજ નહિ પણ, મનુષ્યની સંસારી સ્થિતિ તેથી કેવલ બગડી જઇને તે ધર્મને યથાર્થ સિદ્ધ કરી શકતો નથી. માટે વેદ પ્રમાણે બ્રહ્મચર્ય આદિ આશ્રમો જરૂર પાળવા જોઇએ. શ્રીમદ્ભાગવત્ના છઠ્ઠા સ્કંધમાં વિષ્ણુદૂતો પ્રતિ યમદૂતોએ કહેલું છે કે,

वेदप्रणिहितो धर्मोह्यधर्मस्तद्विपर्ययः ।
वेदो नारायणः साक्षात् स्वयंभूरितिशुश्रुम ॥

જે વેદમાં બતાવ્યું હોય તે ધર્મ અને જે વેદથી વિપરીત હોય તે અધર્મ, વેદ સાક્ષાત્ નારાયણ છે. ( તે ) પોતાની મેળે પ્રકટ થએલો છે.

બ્રહ્મચર્યાશ્રમવાળાએ વેદમાં કહ્યા પ્રમાણે બ્રહ્મચર્ય પાળી ગુરૂને ઘેર રહી વિદ્યાભ્યાસ અવશ્ય કરવો જોઇએ. તે પુરો થએ ગુરૂદક્ષણા દઇ ઘેર આવવું. અને ત્યાર પછી ગૃહસ્થાશ્રમ પણ જરૂર કરવો જોઇએ.

ગૃહસ્થાશ્રમ એ બધા આશ્રમોનું મૂળ છે. બ્રહ્મચારી અને સંન્યાસીનો મૂળ આધાર પણ ગૃહસ્થાશ્રમીઓ ઉપરજ છે. ગૃહસ્થોને ઘેરથી આણેલી ભિક્ષાથી તેઓ પોતાનું પેટ ભરે છે. માટે ગૃહસ્થા-

શ્રમ સર્વ કોઇએ કરવો જોઇએ. પણ તે કુતરા બિલાડાની માફક કેવલ વિષય ભોગ માટે નહિ. ગૃહસ્થ થઇ અગ્નિહોત્ર વગેરે વૈદિક કર્મો અવશ્ય કરવાં જોઇએ. જ્યારે ઇંદ્રિઓ વિષયભોગથી ધરાય ત્યારે વાનપ્રસ્થાશ્રમ લેવો.

વાનપ્રસ્થાશ્રમના બે પ્રકાર છે. એક તો સ્ત્રીને સાથે તેડીને વનમાં જવું અને બીજો સ્ત્રી ઘેર પુત્રને સોંપીને એકલાજ વનવાસ કરવો. આ બંને પ્રકાર શાસ્ત્રમાં કહેલા છે. સ્ત્રી સાથે હોય તોપણ વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી સાથે એકાંતનો લૌકિક વહેવાર રાખવાનો નિષેધ છે, કારણ કે, એ દંપતી મન તથા ઇંદ્રિઓનો નિગ્રહ કરનારા હોવાં જોઇએ. એ દંપતીએ વનમાં એક બીજાની વચ્ચે માત્ર એક લાકડીનો આંતરો રાખીને ઝાડની છાલ પર સુવું જોઇએ; એટલુંજ નહિ પણ, બંનેમાંથી એકેના મનમાં કામનો લગાર પણ સંકલ્પ ઉઠવો ન જોઇએ. મનોવિકારથી પણ એ આશ્રમના ધર્મનો ભંગ થાય છે. આ બાબત પ્રસંગે જણાવવી પડી; બાકી આ કાળમાં તેનો ઉપયોગ નથી. હમણા કળિયુગમાં વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવાને શાસ્ત્રમાં મના કરેલી છે.

ચોથો સંન્યાસાશ્રમ છે. સ્ત્રીપુરૂષ નજીક નજીકમાં એક પથારીએ સુએ તોપણ ઇંદ્રિઓને કોઇ પણ જાતનો વિકાર ન થાય એવો પકો વિરાગ થાય ત્યારેજ સંન્યાસ લેવાનું કહ્યું છે. હમણા ઘણા ખરા ( જોગટાઓ ) માથુ મુંડાવી જનોઇ બાળી હાથમાં એક દંડ તથા કમંડળ લઇને સંન્યાસી બની જાય છે. પણ વૈરાગ્ય વિના સંન્યાસી બનવું એ શાસ્ત્ર વિરૂદ્ધ છે. સંન્યાસના પણ **કુટીચક** આદિ ચાર ભેદો છે તે ભેદો શાસ્ત્ર પ્રમાણે પોતાનો અધિકાર તપા-

સીને સ્વીકારવા પડે છે. એકજ ગામમાં ઘણા દિવસ પડી રહેવું એ સંન્યાસીનો ધર્મ નથી. સંન્યાસી પછી એક પરમહંસ દશા છે એ જુદાજ પ્રકારની છે. એનું વર્ણન અત્રે કરવાની જરૂર નથી.

જેમ ચાર આશ્રમ છે, તેમ વર્ણ (જાતિ) પણ ચાર છે. "એ વર્ણો પાછળથી એક બીજાની મતલબથી બ્રાહ્મણોએ ઉભી કરી છે અને પ્રથમ (સૃષ્ટિની ઉત્પત્તિના સમયમાં) એકજ વર્ણ હતી" એવું કેટલાક આધુનિક નવા વિચારવાળાઓનું માનવું છે. પરંતુ, એ વાત ખરી નથી. ચારે વર્ણો અનાદિ કાળથી છે. શ્રીકૃષ્ણ ભગવાન્ પોતે ગીતાજીમાં જણાવે છે કે,

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः

(અ૦ ૪ શ્લોક ૧૩)

"ગુણકર્મવિભાગે કરીને ચારે વર્ણો મેંજ સર્જેલી છે." અને ૧૮ મા અધ્યાયમાં વધારે સ્પષ્ટ રીતે આમ કહ્યું છે:—

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥ ४१ ॥
शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ॥
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२ ॥
शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ॥
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥ ४३ ॥
कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ॥
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥ ४४ ॥
स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥ ४५ ॥

**ભાવાર્થ:**—હે પરંતપ! સ્વભાવથીજ ઉત્પન્ન થએલા ગુણોએ બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્રના કર્મો જુદાં જુદાં છે. ૪૧

શમ, દમ, તપ, શૌચ, શાંતિ, આર્જવ, જ્ઞાન વિજ્ઞાન અનુભવ અને આસ્તિક્ય—એ બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે. ૪૨

શૌર્ય, તેજ પ્રતાપ—ધૈર્ય, ચાતુર્ય, યુદ્ધમાં અપલાયન (પાછા પગલાં ન ભરવાં તે) દાન અને ઇશ્વરભાવ એ ક્ષત્રીઓનાં સ્વાભાવિક કર્મ છે. ૪૩

ખેતી, ઢોરોનું પાલણ અને વેપાર ધંધો કરવો એ વૈશ્યનાં સ્વાભાવિક કર્મ છે. અને (એ ત્રણે વર્ણની) સેવા કરવી એ શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે ૪૪

એ પોત પોતાના કર્મમાં એકનિષ્ઠાથી આસક્ત રહેનાર નર સારી રીતે સિદ્ધિને (જ્ઞાનીની દશાને) પામે છે. ૪૫

એ રીતે વર્ણાશ્રમ ધર્મની કેટલીક હકીકત ટુંકમાં કહી એમ ચારે વર્ણ પોતપોતાના ધર્મો શાસ્ત્ર પ્રમાણે બરાબર પાળવા જોઇએ એ વર્ણાશ્રમ ધર્મો વેદ અને સ્મૃતિઆદિમાં વિસ્તારથી નિરૂપણ કરેલા છે. સ્કંધપુરાણમાં એક ઠેકાણે ભગવાને કહ્યું છે કે વેદ અને સ્મૃતિ એ બે મારી આજ્ઞા છે. જે કોઇ એ પ્રમાણે ન ચાલે તે મારી આજ્ઞાનું છેદન કરનાર અને મારો દ્વેષી બને છે. તે મારો ભક્ત હોય તોપણ તેને (ખરો) વૈષ્ણવ ન જાણવો. **શ્રીમદ્ વલ્લભાચાર્યજી**એ પણ પોતાના બનાવેલા "**નિબંધ**" નામના **ગ્રંથમાં** કહેલું છે કે:—

**धर्ममार्गं परित्यज्य छलेनाधर्मवर्तिनः ।**
**पतंति नरके घोरे पाषंडमतवर्तनात् ॥**

ધર્મમાર્ગ છોડી છળે કરીને અધર્મમાં વર્તનાર લોકો પાખંડ મતમાં વર્તવાથી ઘોર નરકમાં પડે છે.

પાખંડ ( પાષંડ ) શબ્દના અર્થ બે છે. (૧) पा એટલે પાપ અને षंड એટલે સમૂહ, પાપનો સમૂહ તે પાખંડ. (૨) पाशब्देन त्रयो वेदा जगतः पालनात् मताः જગતનું પાલન કરવા ઉપરથી "पा" શબ્દે કરીને ત્રણ વેદ તેનું "ખંડ" એટલે ખંડન કરનાર એવો જે મત તે પાંખંડમત. છળ એટલે મનમાં કંઈ અને બહારથી આચરણ બીજું તે, જેમકે.

**अंतः शाक्ता बहिः शैवाः । सभामध्ये तु वैष्णवाः ॥**

મનમાં શક્તિ ( શક્તિ એટલે દેવીના ઉપાસક ), બહારથી ( ભસ્મ રૂદ્રાક્ષ ધારણ કરીને ) શૈવ અને સભામાં ( તુળસીનીમાળા અને ઉર્ધ્વપુંડ તિલક કરીને ) વૈષ્ણવ બને, તેનું નામ છળ; જેમ "પોથીમાંના રીંગણાં"ની કહેવત છે તેમ, માટે વર્મ ન કરવો.

ગુરૂ પણ પોતે સદાચરણ કરી બીજાને ઉપદેશ કરે ત્યારેજ શિષ્યોના મનપર તે ઉપદેશ બરાબર ઠસે ( અસર કરે ). બરાબર આચરણ ન કરે એવા ગુરૂનું કહ્યું કોઇ માનતા નથી. છળ કરનાર ગુરૂ માટે એક ઇતિહાસ **શ્રીમદ્ વલ્લભાચાર્યજી**ના ચરિત્રમાં છે કે પોતે દક્ષિણયાત્રા કરવા પધાર્યા હતા ત્યાં કોઇ એક ઠેકાણે રસ્તામાં એક અજગર પડેલો હતો, જેને હજારો કીડા વળગેલા હતા. તેને જોઇ શિષ્યોએ આચાર્યજીને પૂછ્યું કે આણે શા પાપ કર્યા છે કે તેનું આવું દારૂણ ફળ ભોગવે છે? ત્યારે તેમણે કહ્યું કે આ

અજગર પૂર્વજન્મમાં એક બ્રાહ્મણ–ગુરૂ હતો. તેણે અનેક ચેલા કર્યાં પણ પોતામાં સામર્થ્ય ન હોવાથી તેમનો ઉદ્ધાર કરી શક્યો નહિ. તે ગુરૂ આ અજગર છે અને તેના શિષ્યો આ કીડા થાય છે. માટે

લોભી ગુરૂ લાલચુ ચેલા,
દોનું નરકમે ઠેલમઠેલા.

જેવું પરિણામ બને છે. લોકોએ વેદ ધર્મ અવશ્ય પાળવો જોઇએ અને ગુરૂઓએ તે પળાવવો જોઇએ. ભગવદ્ભક્તિ કરવી તે પણ વર્ણાશ્રમધર્મયુક્ત કરવી જોઇએ. વૈદિક ધર્મનો આગ્રહ આ સંપ્રદાયમાં અસલથી છે. હમારી જ્ઞાતિ ( મહારાજો )માં હાલ ૧૬ સંસ્કારો થાય છે. તેમ ત્રણ સંધ્યા પણ નિત્ય ચાલે છે. શ્રીમદાચાર્યજી પંડે અગ્નિહોત્રી અને સોમયાજી હતા. અને તેમની ચાર પાંચ પેઢી સુધી અગ્નિહોત્ર અને સોમયજ્ઞ વગેરે મોટા મોટા યજ્ઞ કરનારા હતા. એટલા માટે કેટલાક તો આજ સુધી દીક્ષિતજી*ના નામથી ઓળખાય છે. જો વૈદિકધર્મ આવશ્યક હોય તો આમ કેમ બને ? શ્રીગુસાંઇજી જબલપુર પાસે ઘડા ગામમાં ગયા ત્યારે તેમની સાથે કેટલાક નાતિલા તૈલંગો અગ્નિહોત્રી હતા. તેમને ત્યાંની દુર્ગાવતી રાણીએ ભેટ કરેલાં ૧૦૮ ગામ પોતે ન રાખતાં વાંટી આપ્યાં હતાં, કારણ, અમારામાં દાન ન લેવાનો રીવાજ અસલથી ચાલ્યો આવે છે. એ દુર્ગાવતી રાણીના આગ્રહથી ૨૨ મહિના શ્રી ગુંસાઇજી ત્યાં બીરાજ્યા હતા અને ત્યાં એક વિષ્ણુયાગ કર્યો હતો. તેમજ ચારે વર્ણના શિષ્યો પણ પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ પાળતા હતા. તેનો નમુનો હાલ કાશી વગેરે સ્થળોના ક્ષત્રી વૈશ્યોમાં દેખાય છે.

* યજ્ઞો કરી દીક્ષા લેનાર તેને દીક્ષિત કરીને કહે છે.

ભક્તિરૂપ ઉત્તમ સ્થાનમાં પહોંચવાને વર્ણાશ્રમ ધર્મરૂપી સીડી છે તે સીડીપર ક્રમેક્રમે સદ્ધર્મ અને સત્સંગ વૃત્તિથી ચઢી શકાય છે. એકદમ ઠેકડો મારીને કોઈ જવા ઇચ્છે તો તેના હાથ પગ ભાગી પડે. યજ્ઞ વગેરે વૈદિકધર્મો ભક્તિનાં મુખ્ય સાધન છે. આ વાત "**સર્વોત્તમસ્તોત્ર**"**માં** પણ શ્રી ગુંસાઇજીએ સૂચવેલી છે. વળી આચાર્યજીનું નામ कर्ममार्गप्रवर्तक એવું છે. જો આ સંપ્રદાયમાં કર્મની આવશ્યકતા ન હોત તો આ નામજ ન પડત. વળી यज्ञभोक्ता यज्ञकर्त्ता रासलीलैक तात्पर्यः એટલે યજ્ઞ ભોગવવાવાળા, યજ્ઞ કરવાવાળા, અને રાસ લીલાનું તાત્પર્ય જાણવાવાળા, આવા પણ આચાર્યોના નામ છે. માટે લોકો (વૈષ્ણવો)એ અંતઃકરણપૂર્વક ભક્તિમાં નિષ્ઠા રાખવી, અને ભક્તિનું સાધન સમજી વર્ણાશ્રમ વગેરે વૈદિક ધર્મનું આચરણ અવશ્ય કરવું. વૈદિક ધર્મની આવશ્યકતા, નિબંધ, સર્વાર્થનિર્ણય વગેરે ગ્રંથોમાં **શ્રીમહાચાર્યજી**એ ઘણા લંબાણથી જણાવી છે. તે આજ્ઞા પાળી વર્ણાશ્રમધર્મ સૌ જણે પાળવો એવી મારી ભલામણ છે.

પ્રસ્તુત વિચારોની નોંધ મુંબાઈના રોજીંદા વર્તમાનપત્રોમાં આવી અને મુંબઈના વૈશ્ણવ વર્ગમાં તેથી મોટો ખળભળાટ થઈ રહ્યો; મહારાજના વિચાર કેવા છે, તેનું સહજ સ્વરૂપ લોકોના સમજ્યામાં આવ્યું. ઠેકઠેકાણે તેમની પધરામણીઓ થવા લાગી. દરરોજ પાંચ પચીસ વૈષ્ણવો એમની કને બ્રહ્મસમર્પણ તથા જનોઇ લેવા લાગ્યા. કેટલાક ભાવકાઓ માત્ર તેમની નિંદા કરવા લાગ્યા. હજુ વળી વિશેષ વિચારો અવલોકીએઃ—

**સંસ્કારાદિ ધર્મ વિષેના મહારાજશ્રીના વિચારો.**

"જીવમાત્ર સુખની ઇચ્છા રાખે છે. દુઃખમાં અપ્રીતિ અને સુખમાં પ્રીતિ એ પ્રાણી માત્રની સ્વાભાવિક વૃત્તિ છે. એક વખતે **વ્યાસજી હિમાલય** પર્વતપર બેઠા હતા, તેવામાં પૃથ્વી પરિક્રમા કરવાની ઇચ્છા થઇ. ફરતાં ફરતાં તેઓ કાશીક્ષેત્રમાં પધાર્યા. ત્યાં લોકોએ કહ્યું આપ ભલે પધાર્યા ! હવે અમને વાંછિત સુખ પ્રાપ્ત થશે. તેના ઉત્તરમાં **વ્યાસજીએ** કહ્યુંઃ

**उर्ध्वबाहु विरोम्येष नहि काश्चिच्छृणोति मे ।**
**धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥**

હું ઊંચા હાથ કરી કરીને પોકારૂં છું, પણ મારૂં સાંભળે છે કોણ ? ધર્મથીજ અર્થ અને કામ સિદ્ધ થાય છે. ત્યારે લોકો ધર્મનું સેવન શામાટે કરતા નથી.

ધર્મ વડેજ સર્વ પ્રકારનું સુખ સંપાદન કરાય છે. ત્યારે ધર્મ તે શું ? તેને કેમ ઓળખવો ? પૂર્વમીમાંસામાં ધર્મનું લક્ષણ આ પ્રમાણે કહેલું છે. પ્રેરણા અને વિધિ એજ ધર્મનાં મુખ્ય લક્ષણો છે. તે લિંગ, લેટ, લોટ, તવ્યિત અને અનિયત એ પાંચથી જણાય છે. જેમકે अहरहःसंध्यामुपासीत् એટલે પ્રતિદિન સંધ્યા કરવી જોઇએ; ब्राह्मणं नावगुरेत् બ્રાહ્મણનો તિરસ્કાર ન કરવો ઇત્યાદિ દૃષ્ટાંતોથી ધર્મનું સ્વરૂપ સમજી શકાય છે. ત્યારે હવે ધર્મનો અધિકારી કોણ ? तस्याधिकारी वर्णाश्रमवान् માત્ર વર્ણાશ્રમવાળા તેના અધિકારી છે. અર્થાત્ ચારે વર્ણના મનુષ્યોએ પોતપોતાના આશ્રમાદિ ધર્મોનુ યથાર્થ આચરણ કરવું જોઇએ. વર્ણાશ્રમ ધર્મ પાળવાથી કેટલો લાભ છે તે દેખાડવાને કહ્યું છે કે—

**वर्णाश्रमाचारवता पुरुषेण परः पुमान् ।**
**विष्णुराराध्यते धर्मैर्धर्मः सर्वार्थसाधकः ॥**

વર્ણાશ્રમ ધર્મવાળો જે પુરૂષ છે તે મહાન્ પુરૂષ વિષ્ણુનું આરાધન કરે છે, અને ધર્મનુ આચરણ :કરીને, તે ધર્મ વડેજ પોતાના સર્વ અર્થો સાધી લે છે.

હવે ચારે વર્ણના મનુષ્યો સંસ્કારના અધિકારી છે, તે કેવી રીતે, કે—

**ब्राह्मक्षत्रियाविट्शूद्रा वर्णास्त्वाद्यास्त्रयो द्विजाः ।**
**निषेकाद्या स्मशानांतास्तेषां वै मंत्रतः क्रियाः ॥**

બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણ છે, તેમાં પહેલા ત્રણ દ્વિજ કહેવાય છે. દ્વિજને જે ગર્ભાધાન આદિ સંસ્કાર છે, ત્યાંથી લઇને મરણ પર્યંતના સોળે સંસ્કારોની સમંત્રક ક્રિયાનો અધિકાર છે, તે સંસ્કારો આ પ્રમાણે છે—

**गर्भाधानमृतौ पुंसःसेवनं स्पंदनात्पुरा ।**
**षष्ठेऽष्टमे वा सीमंतो मास्येते जातकर्मच ॥**

ગર્ભાધાન ૠતુ પ્રાપ્ત થયા પછી કરવું જોઇએ. હમણા કેટલાક લોકો સ્ત્રીને ૠતુ ( રજોદર્શન પ્રાપ્ત થયાં પહેલાંજ તેની સાથે શરીર સંબંધ કરેછે એ સર્વ અનર્થોનું મૂળ છે. સ્ત્રી સાથે લૌકિક વ્યવહાર ૠતુ આવ્યાની પહેલાં નજ થવો જોઇએ. ગર્ભ રહ્યા પછી અને

ગર્ભમાં બાલક ફરકતું થાય તે આગમચ પુંસવન સંસ્કાર ગર્ભ રહ્યાં પછી ૬ કે ૮ મહિને શીમંત જેને અગરણી કહે છે તે સંસ્કાર અને ત્યાર બાદ જાતકર્મ સંસ્કાર કરવો. અને—

**अहन्येकादशे नाम, चतुर्थे मासि निष्क्रमः ।**
**षष्ठेऽन्नप्राशनं मासि चुडा कार्या यथाकुलम् ॥**

બાલક જન્મ્યા પછી અગીઆરમે દહાડે નામકરણ સંસ્કાર કરવો; ચોથે મહિને ઘરની બહાર કહાડીને છોકરાને સૂર્ય દર્શન તથા કરાવવું; અને છઠ્ઠે મહિને અન્ન પ્રાશન તથા ચૂડા કર્મ ( એટલે વાળ ઉતરાવવાનો ) સંસ્કાર કરવો. એ સંસ્કાર પોતપોતાના કૂળની રીત પ્રમાણે મોડા વહેલા કરે છે, એટલે તેને માટે નક્કી હદ નથી.

**एवमेनः शमं याति बीजगर्भसमुद्भवम् ।**
**तुष्णीमेताः क्रियाः स्त्रीणां विवाहस्तु समंत्रकः ॥**

એ સંસ્કારો કરવાથી સ્ત્રીના ઉદરમાં ગર્ભ ધારણ કરવાથી જે અનેક પ્રકારના દોષોનું નિવારણ થાય છે. એ સંસ્કારક્રિયા દ્વિજ વર્ગના પુરૂષને માટે વેદ મંત્ર સહિત છે અને દ્વિજ વર્ગની સ્ત્રીઓને વિવાહ સિવાયના બીજા સંસ્કારો અમંત્રક થાય છે.

**गर्भाष्टमेष्टमे वाब्दे ब्राह्मणस्योपनायनम् ।**
**राज्ञामेकादश सैके विशामेके यथ कुलम् ॥**

તે પછી ઉપનયન સંસ્કાર. તે બ્રાહ્મણને ગર્ભથી અથવા જન્મથી ૮ મે વર્ષે, રાજા એટલે ક્ષત્રીઓને ૧૧ મે વર્ષે અને વૈસ્યને તે પછી એક વર્ષે એટલે ૧૨ મે વર્ષે થવો જોઇએ. ત્રણે વર્ણમાં

કુળની રીત પ્રમાણે ઉપનયન સંસ્કાર કંઈક મોડા વહેલો પણ થઇ શકે છે.

**उपनीय गुरुः शिष्यं महाव्याहृतिपूर्वकम् ।**
**वेदमध्यापयेदेनं शाचाचारांश्च शिक्षयेत् ॥**

એ પછી વિદ્યાગુરૂએ ઉપવિત થએલા શિષ્યને વેદનું અધ્યાપન કરાવવું અને શાસ્ત્ર પ્રમાણે શૌચ તથા આચાર શિખવવા તથા પળાવવા જોઇએ.

હમણા ગુજરાત તથા આ પ્રાંતના ક્ષત્રી વૈશ્યોએ પોતપોતાના આચારો ઘણે અંશે છોડી દીધા છે. બાકી પૂર્વ અને ઉત્તર તરફના ક્ષત્રીં અને વૈશ્યો પોતાના આચારો હજુ પણ ઠીક ઠીક પાળે છે. આણી તરફના લોકો આશ્રમધર્મ પોતે પાળતા નથી અને પોતપોતાના પુત્રો પાસે પળાવતા નથી ! તેમજ તેઓ ઋતુશાંતિ* પણ કરતા નથી ! ! ! વિવાહ થયા પછી સ્ત્રી સાથે બીજો વ્યવહાર† રાખવાને હરકત નથી, પરંતુ એકવાર સ્ત્રી સાથે શરીર સંબંધ થઇ ગયો તો પછી એ રસ છોડયો છુટતો નથી એ રસથી તો મોટા મોટા ઋષિઓની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે, તો હાલના પામર પ્રાણીઓની થાય એમાં શી નવાઇ ?

આ પ્રસંગે મારે કહેવું જોઇએ કે મ બાપોજ છોકરાને બગાડે

---

* પ્રથમ રજોદર્શન જે સમયમાં કે જેવી હાલતમાં ગયું હોય તે સમય વગેરેથી થતા દોષો દૂર કરવા દેવતાઓની પૂજા તથા હોમ કરવામાં આવે છે તે.

† દંપતીનું પરસ્પર ભાષણ, કોઇ પણ વસ્તુની આપલે, જમવું જમાડવું વગેરે વ્યવહાર તે.

છે. પોતાના બાળકોને સુશિક્ષણ ન આપવાથી તેઓ તેમના શત્રુ બને છે. નીતિશાસ્ત્રમાં કહ્યુ છે કે—

**माता वैरी पिता शत्रुः येन बालो न पाठितः ।**

**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥**

જે માબાપો પોતાના બાળકને ભણાવતા નથી તે માતા તેની વેરણ અને પિતા તેનો શત્રુ છે, કેમકે પંડિતોની સભામાં અનેક પ્રકારની શાસ્ત્રચર્ચા થતી હોય, ત્યાં અભણ બેઠો હોય તો તેને બગલાની પેઠે ટગર ટગર જોયાં કરવું પડે. તેથી તેવો મૂર્ખ આખરે એમજ કહે કે મુઆ મારા માબાપ ? જો વિદ્યા ભણાવી હોત તો પછી શી પીડા હતી ? વાસ્તે લોકોએ પોતાના પુત્રોને વિદ્યા ભણાવવી, ધર્મ તથા કુળની રીત પ્રમાણે આચાર પળાવવો અને વર્ણાશ્રમ ધર્મપર અત્યંત આગ્રહ રાખવો. **પરમેશ્વર** પ્રત્યે પણ મારી એજ પ્રાર્થના છે કે, " હે **પ્રભો !** અમારા લોકો ( ધર્મ ગુરૂઓ ) હમેશાં ધર્મોપદેશ કરતાં રહે અને લોકો તે સાંભળીને તે પ્રમાણેનું આચરણ કરે એવી આપે ( ઇશ્વરે ) સર્વનાપર કૃપા કરવી. અને લોકો ( વૈષ્ણવો ) એ એમ ન સમજવું કે અમે ( મહારાજો ) ઉપદેશ કરીએ તેજ માત્ર સાંભળવો અને બીજાનો ન સાંભળવો. જે કોઈ ધર્મનો ઉપદેશ કરે તે લક્ષ પૂર્વક સાંભળવો તેમાં લાભ છે. બીજાનો સદુપદેશ સાંભળવાથી છોવાઇ જવાતું નથી !! માત્ર તે ઉપદેશને યથાર્થ સમજીને સર્વ લોકોએ ધર્માચરણ કરવું એજ તાત્પર્ય છે. મને આશા છે કે આ મારૂં બોલવું વૃથાનો બકારો ન થતાં લોકો પોતપોતાના સદ્ધર્મમાં પ્રવર્તશે અને યથાર્થ ધર્માચરણ કરી, વર્ણાશ્રમ ધર્મ બરાબર પાળશે.

આવાંતો અનેક લખાણાં, તે અરસામાં "ગુજરાતી" જેવા સર્વ માન્ય અને પ્રતિષ્ઠિત પત્રમાં છપાયલાં છે પરન્તુ સ્થળાભાવને લીધે, તે તમામને સ્થાન આપી શકાયના.

**ધાર્મિકજીવન.** શ્રીમદ્ દેવકીનંદન મહારાજ "આર્યસુધર્મોદય" સભાનું જીવન હતા; જ્યારે આર્યસમાજના સંસ્થાપક દયાનંદ સ્વામીએ "મૂર્તિપૂજા"ના ખંડન વિરૂદ્ધ ચારે બાજૂ મશાલ શળગાવી હતી, તે અરસામાં પંડિત વર્ય ગટ્ટૂલાલજીએ આ સભા સનાતનધર્મના સંરક્ષણાર્થે સ્થાપેલી; પણ સભાના પોષણ રૂપ, આચાર્યોનાં વ્યાખ્યાનો વગેરે થવાં જોઇયે, અને વ્યાખ્યાનો માટે મહારાજોએ એમાં પોતાના વિલાસ છોડી જીવનનો ભોગ આપવો જોઇએ, તે આપી શકતા નહિ! કેમ આપી શકતા નહી? તે તો તે જાણે! ત્યારે પછી આ કામ શ્રીમદ્ દેવ-કીનદન મહારાજે હાથમાં લીધું, અને પ્રત્યેક સભા વખતે અન્દર હાજરી આપવા માંડી, કેવળ હાજરીજ નહિ, તથાપિ પ્રતિપક્ષીનાં 'મૂર્તિપૂજા ખંડન' સંબંધોની દુર્બળ દલિલો, સશાસ્ત્ર સિદ્ધાન્તથી તોડી પાડી, "એ લોકોનાં અવિચારી પગલાં છે" એમ સિદ્ધ કરી આપવા લાગ્યા અને એમાં એવો તો રસ પડવા લાગ્યો કે જ્યારે જ્યારે મહારાજશ્રીનું ભાષણ હોય, ત્યારે ત્યારે માધવબાગ (મુંબા-ઇમાં) શ્રોતાવર્ગથી ભરાઈ જતો, અને જ્યારે જરા પણ જગા રહેતી નહિ, ત્યારે લોકો આડાઅવળી કંઈ ઉંચા ચઢીને પણ બેસતા! આના પરિણામે સ્વસંપ્રદાયની થતી નિંદા અટકી, અને સામ્પ્રદાયિક સિદ્ધાન્તો ધતિંગ નહિ પણ વાસ્તવિક તથા મોક્ષને માર્ગે દોરનાર છે એમ લોકોને ગળે ઉતારવા લાગ્યું. અંતમાં આટલું

ઉમેરીશ કે આર્યજ્ઞાનવર્ધક " સભાના અગ્રેસરોએ પણ આ મહારાજને નિમંત્રણ કરી, તેમનાં દિવ્યનાદશાં નિર્મળ વચનામૃતોનો લાભ લેવા તેઓ લલચાયા હતા.

**થોડીક વધુ પ્રસાદી.**

આતો જાણે ઠીક; પણ આ પ્રકારના સ્તુત્ય લોકમત સાથે, પોતે લોકરૂચિને કઇ દિશાએ વાળતા હતા, તે પણ આપણે મહારાજશ્રીના પોતાના સંભાષણોથીજ જોઇએ: ઓગણીસો અગિયારની સાલમાં, આણંદ પાસેના બાંધણી ગામે એક વિદ્યાર્થી સમાજનો મેળાવડો હતો, અને ત્યાં વિદ્યાર્થી વર્ગજ નહિ, પણ ગામના તેમજ બહારગામના ઘણા સંભાવિત ગૃહસ્થોએ હાજરી આપી હતી. આ વખતે, પોતે ત્યાં પ્રમુખપદે હતા, અને અન્ય વક્તાના ભાષણને અન્તે એઓશ્રીએ શા વિચારો પ્રદર્શિત કર્યા હતા, તે આપણે અસલ પ્રમાણે અવલોકીએ:—

+ + " એક માણસને એક વખતે આંખમાં અને પેટમાં
" દરદ થવાથી, ડોકટર પાસે જઇ, તે, બે જૂદી જૂદી ગોળીઓ
" લાવ્યો, ઘેર આવ્યા પછી કઈ ગોળીનો કયાં ઉપયોગ કરવો તે
" ભૂલી ગયો, અને ઉપયોગિતામાં ફેરફાર કરીનાખ્યો, અને તેથી
" દરદમાં ઘટાડાને બદલે વધારોજ થયો ! આવી રીતે આપણે
" જન્મતી વખતે પરમાત્માની પાસેથી બે ગોળિયો ( ફરજ ) લઇને
" નીકળ્યા છીએ. એક તો આ દુનિયામાં આવી, કરવાયોગ્ય સાં-
" સારિક કર્ત્તવ્ય કરશું, અને બીજૂં, અમારી ધાર્મિક ફરજ બજાવી
" ફરીથી જન્મ લેવો નહિ પડે એમ કરીશૂં. પણ આજકાલ

" પેલા દરદીની માફક ભૂલમાં પડતાં ઉલટું જ થાય છે. ને તેથી
" યોગ્ય ઉપાય કરવાની જરૂર છે આજસુધીમાં આપણી ભૂલ્યો
" થઇ હોય, તેને જવાદઇ, ( આવી ) વિદ્યાર્થી સમાજ જેવી સં-
" સ્થાઓમાં ભાગ લેતા થવું. અને તેને તન મન તથા ધનથી ઉ-
" ત્તેજન આપવું, તે દરેકની ફરજ છે.

" કોઈ બળદના ત્રણ પગ ભાગી ગયા હોય, અને ચોથો પગ
" બાકી રહ્યો હોય, તેવા બળદને ઘેર પહોંચાડવા દશવીસ માણ-
" સોએ સંપ કરી ગાડીમાં ઘાલવાની જરૂર છે. તેમ ધર્મ રૂપી બ-
" ળદના સત્ય રૂપી પગ ટકાવી રાખવા સારૂ ઐક્ય કરવાની
" જરૂર છે.

" વીસ આંધળાઓ, હાથીના જૂદા જૂદા અવયવો ઉપર હાથ
" ફેરવી, તપાસીને વાત કરતાં, જેણે જે ભાગ જોયેલો, તે પ્રમાણે
" તે હાથીની કલ્પના કરે છે. એક કહે છે કે તે થાંભલા જેવો
" છે. બીજો દોરડા જેવો કહે, ત્રીજો સૂપડા જેવો કહે અને આમ
" જૂદી જૂદી રીતે જણાવે છે, વસ્તુતઃ હાથો એકજ છે, પણ
અજ્ઞાનથી જૂદા " જૂદા ફાંટા લાગે છે; ધર્મમાં આ પ્રમાણે ફાંટા
પડી જવાથી વેર " બંધાય છે, માટે સઘળું દિર્ઘદષ્ટિથી સંપૂર્ણ
અવલોકવાની " જરૂર છે.

" કુસંપથી સંપત્તિ ગઇ, અને સત્ય પણ જવા લાગ્યું, જડ
" પદાર્થમાં પણ સંપ હોય છે, તો ચૈતન્યમાં કેમ નહિ ? કાગળ
" ઉપર એકડો લખવાથી તે એકલો છે, પણ તેની પડખે બીજો
" એકડો મૂકવાથી અગિયારની સંખ્યા થઇ જાય છે ! સાવરણી
" ઝીણાં ઝીણાં તરણાંની જ બનેલી છે, પણ તે ઝીણાં તરણાં

" એકતાથી જ મકાનને વાળીઝૂડી સ્વચ્છ રાખી શકે છે, તો સંપ
" કરવાથી આપણે માણસ જાત શું ન કરી શકીએ ? સંપથી
" થતું હિત, અને કુસંપથી થતી હાનિ આપણે પરોક્ષ તેમજ
" પ્રત્યક્ષ બન્ને રીતે અનુભવીએ છીયે, છતાં આપણી આંખો
" ઉઘડતી નથી*

* 'સંપ' સંબંધી હમણાજ (આ લેખ લખવાના પ્રસંગમાં) એક અંગ્રેજી કવિતા મ્હારા વાંચવામાં આવી; જરાક રમૂજી હોવાથી અંહી તેનો ભાવાર્થ ઉતારીશ તો તે અસ્થાને તો નહિજ ગણાય:—" અજાણ્યા પ્રદેશમાં કોઇ મુસાફર આવી ચડેલો, જે પ્રદેશમાં તે ગયેલો, ત્યાં એક સન્તમહારાજ પધારેલા, મહારાજ બહુ પ્રતિભાશાળી અને પૂજ્યનિષ્ઠ હતા; આથી આખૂં શહેર તેમનાં દર્શનાર્થ તથા ઉપદેશ લાભ લેવા ઉભરાયલું. આ હિલચાલ પેલા મુસાફરને માલમ પડી, અને એ પણ ત્યાં ગયો, વન્દનનો વિવેક કરી, માહારાજ પાસે બેઠો, અને " કૈંક પૂછવું" એવો સંકલ્પ કર્યો પણ કશું જડયું નહિ, ત્યારે પાસે થઇને એક કૂતરૂં પસાર થતું હતું, તેના પ્રતિ મુસાફરની દૃષ્ટિ પડી, અને તેને ઉદ્દેશીનેજ મહારાજને પ્રશ્ન કર્યો કે મહારાજ ? આ કૂતરાની જાત, જનવર્ગને ઘણા કામમાં આવે છે, દાખલા તરીકે, સંદેશો લઈ જવા લાવવામાં, માર્ગ બતાવવામાં, રસ્તાના રક્ષક તરીકે, મકાનના સિપાઈ તરીકે, આનન્દમાં વૃદ્ધિકારક તરીકે અને પારમાર્થિક જીવન ગાળવા તરીકે સુપ્રસિદ્ધ છે, અને સેવાના પ્રમાણમાં, તેને નથી મળતા મેવા, કે નથી મળતો વિસામો છતાં પોતે ઔદાર્ય વૃત્તિથી નિભાવ કરે છે, આમ છતાં તે જાત તુચ્છકારાય છે તેનું કારણ શું ? જો કોઇને "કૂતરા જેવો" કહેવામાં આવે, તો તેના ગુસ્સાનો પાર રહે નહિ ? આનું કારણ શું તે કહેશો ? મહારાજે આસ્તેથી ઉત્તર આપ્યો કે, બધી રીતે કૂતરૂં વખાણવા યોગ્ય છતાં, તેનામાં સોખંડ જેવો એક દુર્ગુણ છે ને તે એ કે કૂતરૂં અન્દર

" નિંદા, એ પાપને રસ્તે દોરનારી વસ્તુ છે. પ્રત્યેકમાંથી
" કાળી બાજૂ નહિ લેતાં ધોળી બાજૂને ગ્રહણ કરવી જોઇએ; શ્રી
મત્શંકરાચાર્ય આપણને અવૈદિક કહે છે, તે ખરૂં છે, કેમકે આ-
પણે આપણું કર્તવ્ય ભૂલી ગયા છીએ. દ્વિજો પોતાનાં કર્ત્તવ્ય ભૂલી
" ગયા છે. વૈદિક કર્મ ન કરીએ તો તેમનું કહેવું બરાબર છે કે
" આપણે અવૈદિક છીએ. તકરાર કરીને નહિ, પણ વૈદિકકર્મ
" કરીએ છીએ એવું સિદ્ધ કરી બતાવીને આપણી કક્ષા જાળવનાર
" નિવડવું જોઇએ.

" આ સંસારમાં આશ્રમની પૃથા પણ આપણે ભૂલી ગયા
" છીએ. બ્રહ્મચર્ય એકે વર્ણ પાળતી નથી. આઠ વર્ષની કન્યા અને
" બાર વર્ષનો વર શું ગૃહસ્થાશ્રમ માંડી શકે ખરો ? બ્રહ્મચર્ય નહિ
" પાળવાથી પ્રજા વિર્યહીન થાય છે. અને તેથી પાયમાલ થઇ
" જવાય છે. ગૃહસ્થાશ્રમની ફરજો પણ હાલમાં કોણ અદા કરે
છે ? આશ્રમનો સર્વથી શ્રેષ્ટ હેતુ નાગઇ અને લુચ્ચાઇમાં જ આવી
જતો હોય એમ જોવાય છે ! વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રીપુરૂષે મિત્ર ત-
" રીકે વરતી અધ્યયન કરી પોતાની ખામીઓ દૂર કરી સન્યા-

અન્દર કુસંપ કરી લઢી મરે છે ! મુસાફરની શંકાનું સમાધાન થાય, તે અરસામાં વળી પૂછ્યું કે " લોખંડની પેઠે દુર્ગુણ છે એમ કહેવામાં આવ્યું. તો લોખંડમાં કેવો દુર્ગુણ છે ત્યારે મહારાજે સમજાવ્યું કે, સુ-વર્ણ જેવી કિમ્મતી વસ્તુ કરતાં પણ લોખંડની ઉપયોગિતા વધારે છે, અને એની ઉપયોગિતાના પ્રમાણમાં જોઈયે તો તેની કિમ્મત કંચન કરતાં પણ વધારે હોવી જોઈએ તથાપિ લોખંડ પણ પોતાના જ્ઞાતિ ભાઇઓને કાપે છે. અને આથી તે હલકૂં ગણાય છે. આ ધ્વનિયુક્ત કાવ્ય પછી એકતાના સંબંધમાં દ્રષ્ટાંત મૂકવામાં આવ્યાં છે " ( લેખક )

" સ્થાવસ્થાને માટે તૈયાર થવું જોઇયે. પણ આ આશ્રમથી તદ્દન
" જૂદુંજ આચરણ જ્યાં ત્યાં જોવામાં આવે છે. ચોથા સન્યાસાશ્ર-
" મનું પણ તેમજ થયું છે. પરિપકવ વય થયા સિવાય સન્યાસી
" થવાય નહિ, પણ આજે તો સત્તર અઢાર વર્ષની ઉમરમાં મોહ-
" માયાની જાળમાં મુગ્ધ બનતાં સારવત સંસારને અસાર અનુ-
" ભવી કંટાળો ઉપજાવી સન્યાસી થઇને, આ સંસારમાં રહી
" પરોપકાર કરવાને બદલે નુકશાન કરતા હોય છે. સજ્જનો !
" આશ્રમો અનુસાર વર્તજો, રજોદર્શન પછીથી સ્રીનો અંગિકાર
" કરજો. આ પ્રમાણે નહિ કરવાથી અને બીજી અનીતિયો દાખલ
" થવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. પશુ કરતાં પણ તમે
" અધમ થયા છો. આપણો નિયમ તે સંબંધી જૂદા પ્રકારનો છે.

" સજ્જનો ! નીતિની કેળવણી સાથે ધર્મની કેળવણીની પણ
" આવશ્યકતા છે. મારી નમ્ર માન્યતા પ્રમાણે કાંઇપણ જાતિભેદ
" કે ધર્મભેદ રાખ્યા સિવાય દરેક કાર્યમાં સામાન્ય વલણ રાખી
" કામ કરવું જોઇયે. દરેકમાં હંસ માફક સાર ગ્રહણ કરવો.

" પુરૂષાર્થથી સર્વ કામ સિદ્ધ થાય છે. માટે તેને ચૂકવો ના.

" મોટી લીંટીને ભાગ્યા વગર તેને ન્હાની કરવી હોય તો, તેની
" પાસે બીજી તેનાથી મોટી દોરવી જોઇયે. તેવીજ રીતે આપણે
" બીજાથી ચડતી પંક્તિના થવું હોય તો તેને નુકશાન કરી તોડી
" પાડયા સિવાય જાત પ્રયત્નથીજ મોટાં થવાની તૈયારીયો કરવી
" જોઇયે. આ પ્રમાણે વર્તશો ત્યારેજ તમારૂં શ્રેય થશે. સામાન્ય
ધર્મના કાર્યમાં એક થઇ કામ કરવું, મોટાઓએ આવા વિદ્યાર્થી
વર્ગને ઉત્તેજન આપવૂં જોઇયે કેમકે બધી પ્રકારના દાન કરતાં વિ-
દ્યાદાન એ અવિચલ અને ઉત્તમોત્તમ છે. + +

**શિખવે છે શું ?**

વાંચનાર ! મહારાજશ્રીનો પ્રસ્તુત ઉપદેશ આપણને શું શિખવે છે ? **જાતિભેદ, અને ધર્મભેદ, નહિ રાખવા સંબંધી, એકતા કરવા સંબંધી, આશ્રમો સંબંધી, અને ધર્મ–ફરજ સંબંધી આવા મહત્વના વિષયો ચર્ચીને પોતે આપણને શું સૂચવે છે ? તે સહજે સમજી શકાય તેમ છે.**

શ્રીમદ્ દેવકીનંદન મહારાજના હૃદયના ભાવો, લાગણી, ઊર્મિયો, અને પ્રસાદિક બોધ વગેરે હજુ થોડુંક વધારે જોઈશું ? જીજ્ઞાસા હોય એવા ભગવદિય મહાશયોને માટે આ નીચે થોડીક “ વાનીઓ ” પીરસાઇ છે જ.

**નિષ્પક્ષપાતીય હૃદય**

પોતે જ્યારે મુંબઇ પધારેલા, અને ત્યાં ગયે લગભગ ત્રણેક મહિના થયા હશે, તે અરસામાં એમણે કરેલા ભાષણમાંથી સારાંશરૂપે અત્ર ઉતારવામાં આવે છે.— + + + “ પૂર્વેના શિષ્યો હાલના **ભાવકાઓ** જેવા, “ હાજી હા ” કરનારા કે “ ખમા ખમા ” “ બોલી, બગાસુ ખાતાં ચપટીઓ વગાડનારા નહતા. જુવો, શ્રી “ ગુંસાઇજી બાળપણમાં ઢીંગલા ઢીંગલી ખેલતા હતા, તે જોઇને “ તેમના શિષ્ય દામોદરદાસજીએ શ્રી ગુંસાઇજી સરિખાને પણ “ કહ્યું કે “ આ કાંઇ હોંસી ખેલ કરવાનો સંપ્રદાય નથી.” આ “ પ્રમાણે અમારા છોટા પણ સ્વતંત્ર બનેલા બાળકો જો કર્મ “ સંયોગે કદાચ અવળા માર્ગે વળે તો વૈષ્ણવોનો ધર્મ છે કે વગર “ સંકોચે તેમ કરતાં અટકાવવા: + +

" દિલગીર થાઉ છું કે પૂર્વાચાર્યોના ચરિત્ર ગ્રંથો તથા
" સામ્પ્રદાયિક પ્રાચીન પુસ્તકોનો અભ્યાસ કરવાનો શ્રમ, સામ્પ્રત
" સેવકો લેતા નથી ! પોતાના સંમ્પ્રદાયના જ્ઞાતા પાસે બેસવૂં,
" તેમની પાસેથી તે સંબંધી ઉપદેશો સાંભળવા વિદ્યા જ્ઞાન અને
" ધાર્મિક સિદ્ધાન્તોથી માહિતગર થવું, અને તે અનુસાર સદાચરણથી
" ચાલવૂં એ કોની ફરજ નથી ? અરે, સત્ય અને જ્ઞાન, તો જ્યાં
અને જેની પાસે હોય, તેની પાસેથી લેવૂં, એવૂં શાસ્ત્રમાં કહેલૂ છે.
" તો પછી જે મહા મુશ્કેલીથી પણ ન મળી શકે, એવા પંડિત
" વર્ગ શ્રી ગટુલાલજી આપણને અનાયાસેજ મળી ગયા છે, તો
" તેમની કનેથી જેટલૂં લૂંટાય તેટલૂં જ્ઞાન, બોધ, ને હિત શા
" વાસ્તે લૂંટી ન લેવૂં ?

" આ પ્રસંગે મને મારા પિતૃ ચરણનૂં સ્મરણ થાય છે,
" મારા પિતાજી મને કહેતા કે આપણા સમ્પ્રદાયમાં ગટુલાલજીના
" હૃદયમાં શ્રી મહાપ્રભુજી અંશ રૂપે બિરાજે છે. હાલ કેટલાકો
" એમના પર દ્રેશ કરે છે તે ન કરવો જોઇયે આપણાજ સંપ્ર
" દાયનૂં માત્ર નહિ, પણ આપણા મ્હાન ખુબીવાળા સનાતન
" ધર્મનું જેટલું એઓ જાણે છે, તેટલૂં બીજો કોઇ પંડિત જાણતો
" હોય, એવૂં હાલ મારા જાણવામાં નથી, માટે એમની પાસેથી
" જેટલૂં જ્ઞાન લેવાનૂં તમો ચૂકશો, એટલા તમે હતભાગિ રહેશો.++

" બીજી બાબત એ કહેવાની છે કે હમેશાં હરેક વ્યક્તિયે
" હંસના જેવો દૂધ રૂપી સાર ગ્રાહી સ્વભાવ રાખવો, પણ કાગ-
" ડાની પેઠે વિષ્ટા પર જઈ બેસવાનો નહિજ; માંખીનો સ્વભાવ
" એવો હોય છે કે તે જ્યાં ચાંદી પડી હોય, ત્યાં જઇ બેસે થોડા
" દિવસની સભામાં જ્યારે રાઘવાચાર્યજીને પૂછવામાં આવેલૂં કે

" તમારા નિંબાર્ક સંપ્રદાયમાં પાદૂકા પૂજનનો રિવાજ છે કે નહિ ?
" ત્યારે તેમણે જણાવ્યું કે રિવાજ તો છે. પણ નાશ થયા પછી–
" આટલા શબ્દો તેમના મુખમાંથી નિકળતાંજ પાદૂકા પૂજનના
" પ્રતિપક્ષી જે થોડા લોકો અહીં બેઠેલા હતા, તેઓએ જાણ્યું કે
" અમારો વિજય થઇ ગયો ! ને તરત તાળીયો પાડી સામાસી
" આપવા લાગ્યા. અગર જોકે પાછળથી જે સત્ય હતું તેજ તરી
" આવ્યું–અર્થાત્ ત્યાં હાજર રહેલા ભમાચાર્યજીએ ખરેખરૂ
" દૃષ્ટાંત કહી દીધું હતું કે વિદ્યમાન અને અવિદ્યમાન ઉભયઆચાર્યોની
" પાદુકાનું પૂજન થાય છે. આ કહેવાનું કારણ એટલૂંજ છે કે. જેનો
" સ્વભાવ માખી જેવો હોય છે, તે બીજાના ચાંદા જેવા છિદ્રોજ
" શોધવા લલચાય છે. આથી મારા કહેવાનો ભાવાર્થ એમ નથી
" સમજવાનો કે છિદ્રો જોવાંજ નહિ, પણ તે જોતા પહેલાં, પોતાની
" યોગતા અને અધિકાર વગેરે ખાસ કરીને વિચરવૂં જોઇયે.

" હવે " ગુરૂ " ના સંબંધમાં થોડુંક બોલીશ; ગુરૂ કેવા
" કરવા જોઇએ, તે સંબંધી મહાપ્રભુજીની આ પ્રમાણે આજ્ઞા છે:

**" कृष्ण सेवा परं वीक्ष्य दंभादि रहितं नरम् ।**
**" श्री भागवत तत्त्वज्ञं भजे जिज्ञासुरादरात ॥**

" कृष्ण सेवापरंवीक्ष्य એટલે શ્રી કૃષ્ણની સેવામાં સારી પેઠે
" હુશિયાર–નહિ કે હમણાની માફક મુખીઆજી પુકારે કે " સમય
" થયો " તો કહે " આવીએ છીયે અને કોઇ વિનતિ કરવા આવે
" કે " બાપજી નાટકનો વખત થયો છે ગાડી તૈયાર છે. " તો
" હાથની ચપટી વાગડીને કહે કે" ચાલો—શ્રી ગુંસાઇજીના પુત્રનું

" લગ્ન હતું, તે વખતે બધી વરણાગી તૈયાર થઇ, અને તેઓને પણ
" આવવાને આજ્ઞા કરી, ત્યારે એતો રૂદન કરવા લાગ્યા, અને
" તેનૂં કારણ પૂછ્યું તો કહ્યું કે " ઉત્થાપનની સેવા કરવી રહી
" જાય છે. " આનું નામ ભગવત્સેવામાંની તન્મયતા પણ હમણા
" મારા ઘરનીજ વાત કરૂં, તો ઠાકોરજીને ઠોર એવા તો ધરાવ-
" વામાં આવે છે કે કોઇના માથામાં મારીએ તો લોહી નીકળે પણ
" ઠોર ભાગે નહિ. અને કેટલેક ઠેકાણે તો તે ભાગવા માટે હથોડાનો
" ઉપયોગ થાય છે ! આમ કરવાનું જ્યારે મેં કારણ પૂછ્યું,
" ત્યારે મને એમ કહેવામાં આવ્યું કે ઠોર પોચા હોય, તો તે
" વહેલા ભાગી જાય, અને તેથી ભિતરીયામાં પરસ્પર વ્હેંચણી
" વખતે તકરાર થાય ! ત્યારે ભિતરીયાની સાનુકૂળતાની ખાતર
" ઠાકોરજીને " લક્કડશી લાડુ " ધરાવવા ! !

" શ્રી મહાપ્રભુજીના સમયમાં એકવાર મહાપ્રસાદમાં સળી
" આવી, તેથી શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે અમે તો સન્યાસ લેશું !
" આજે તો સળી આવી, અને કાલે વળી સેવામાં મૂશળ આવશે.
" આપણો ગૃહસ્થાશ્રમ છે તે ભગવત્ સેવાર્થે છે. ને તે બરાબર
" ન બને, તો અમારૂં રહેવૂં વ્યર્થ છે. "

" ભટ્ટજીએ જે દહાડે શ્રી નાથજીની આરતી ઉતારી તે દહા-
" ડાથી તેમની સેવા છોડાવી, તે એટલા જ માટે કે આજે આરતી
" ઉતારી તો કાલે શણગાર સજે ! અને એમ કરતાં અમને સેવાના
" કામમાંથી છેક નિવૃત્ત બનાવી દે ! તે વખતે તેઓ એમ નહતા
" જાણતા કે આજની માફક સાચોરા ગિરનારા ઠાકોર સેવામાં ઘુસી
" જશે. એઓનો ઉદ્દેશ એજ હતો કે, ભગવત્સેવા તો અમે જ

" હાથે કરશું. અને રસોઈની સેવા અમારી વહુ બેટીઓ કરશે.
" હજુ પણ કોટાવાળા શ્રી કનૈયાલાલજીને ત્યાં રસોઇની સેવા વહુ
" બેટીઓજ કરે છે.

" પૂર્વેના વલ્લભકુળના બાળકો ઠાકોરજીના હાંડા માંજવા સુ-
" ધીની પણ સેવા કરતા, તેમના હાથ અમારા ગટુલાલજીના હાથની
" પેઠે ઘોડાના ખરેડા જેવા થઈ જતા. મારા પોતાના પૂર્વજોમાં
" એક દેવકીનંદનજી કરીને હતા. તેઓ એકવાર કોટે પધાર્યા હતા.
" તે એક વખત ત્યાંના મંદિરમાં જઇ જુવે છે, તો ગુંસાઇજી
" બાલકો હાંડા માંજતા હતા ! દેવકીનંદનજીએ પૂછ્યું કે " આ શું
" થાય છે !" ત્યારે મથુરેશજી વાળા મહારાજોએ તેમને કહ્યું કે
" આવો, આપ પણ માંજો. ઠાકોર સેવા તો સાવરણીથી લઇને
" શૃંગાર સૂધીની એકજ છે તેમણે કહ્યું " આપનાં અહોભાગ્ય છે
" કે આપ સર્વ સેવા કરોછો. + " આ દૃષ્ટાંત આપવાનું કારણ એ
" હેતુ જણાવવાનું છે કે, અગાઉ આટલે સૂધી સેવા કરવા માટે
" આચાર્યોનો આગ્રહ હતો. હાલ તે આગ્રહની છાંયા માત્ર જોવાય છે.

" दंभादि रहितं नरं " એટલે દંભ, કામ, ક્રોધ, લોભ, મોહ,
" મદ, મત્સર ઇત્યાદિથી રહિત એવા ગુરૂને ભજવા જોઇયે.

" દંભ એટલે પાખંડ અર્થાત્ કહેવું કાંઇ, ને કરવું કાંઇ તે.
" એમ કરનારા ગુરૂનું કહ્યું કોઈ માને નહિ, અને " શેઠની શિખા-
" મણ ઝાંપા લગી. " એમ થાય. અમે તમને આચાર વિચાર
" રાખવાને શિખવીયે, પણ જો એની અમારા વર્તનમાં ખામી
" હોય, તો તમને તેવી સચોટ અસર થાય નહિ અને ઉલટા અમને
" પણ હસીકાઢો.

"શ્રી भागवत तत्त्वज्ञं" એટલે શ્રીમદ્‌ભાગવતના તત્વને જા-
"ણનાર એવા ગુણવાળા હોય તે ગુરૂને લોકોએ ભજવા. એવા
"નહિ કે જેનામાં ભાગવતના ઉંડા ભેદ જાણવાની શક્તિ ન હોય."

"મેં આપણા સંપ્રદાય વિષે એક અડસટ્ટો બાંધ્યો છે, તે
"આ પ્રમાણે કે શ્રી મહાપ્રભુજીથી તે સાત સ્વરૂપો સુધી બૃહલી-
"લા રહી. એટલે બ્રહ્માનું કામ જેમ સૃષ્ટિ સરજવી, તેમ તેઓએ
"સંપ્રદાય ફેલાવવો લોકોને ઉપદેશ કરવો ઇત્યાદિ કામ કર્યું? તે
"તે લોકો હમણાની પેઠે કોર્ટમાં મુકરદમાં ચલાવવાની માથાફોડ
"કરતા નહતા. મારી પાસે અમારા દેવકીનંદનજી મહારાજાનો લ-
"ખેલો હાથનો પત્ર છે, તેમાં તેમણે પોતાના લતાને જણાવેલૂં છે
"કે મેં ગુજરાતમાં ૨૩ ગામમાં નવા સેવકો કર્યા છે જેમાંના
"બાંધણી, મહુધા. વગેરે ગામોમાં હાલ પણ અમારા શેવકો છે
"આ રીતે પુષ્ટિ સમ્પ્રદાયની સૃષ્ટિને વધારતા હતા. ત્યાર પછી
"મધ્યમ કાળમાં શ્રી હરિરાયજી, શ્રી પુરૂષોત્તમજી; આદિ આચા-
"ર્યોમાં વિષ્ણુલીલા રહી. વિષ્ણુનું કામ સૃષ્ટિનું પોષણ કરવું, તેમ,
"તેઓએ લોકોને ધર્મોપદેશ કરી કરીને ધર્માચરણ કરાવ્યું. અને
"જણાવ્યું કે આવી પરિપાઠી છે, તેમ ચાલશો તો તમારૂં સારૂં
"થશે. હવે આજકાલ અમારામાંના કેટલાકોએ શિવલીલા પકડી
"છે! શિવનું કામ એકે સૃષ્ટિનો સંહાર કરવો; તેમ અમલોકો
"સમ્પ્રદાયના સંહારમાં હાલ પ્રવર્તાયા છીએ! અને તેમાંથી અમે
"મુક્ત થઇએ, તેવાજ પ્રકારનાં તમારે સાધન સજ્જ કરવાના છે."

"હમણા આપણા સમ્પ્રદાયની, રાખમાંના અગ્નિ જેવી દુદર્શા
"થઇ છે. માટે એ અજ્ઞાત અને દુરાચરણરૂપી ભસ્મને દૂર કરી

" અગ્નિનો પ્રકાશ પાડવા યત્ન કરવો. × × જો વૈષ્ણવ
" લોકો ઉદ્યોગ કરવા મંડી પડે, તો સમ્પ્રદાયની અધોગતિને
" સ્થાને ઉન્નતિ થવા માંડે, ઉદ્યોગ એજ કે કેટલાક ગુપ્ત અપ્રસિદ્ધ
" ગ્રંથો છે, તેમજ સારા ઉત્તમ ગ્રંથો જે પ્રસિદ્ધ છે, તે સસ્તી
" કિંમ્મતે વેચાય તેવી રીતે બહાર પાડે, ધર્મસભાઓ સ્થપાય,
" ગુજરાતમાં અનુવાદો થાય, પાઠશાળાઓ સારા પ્રમાણમાં સ્થપાય
" વગેરે થાય તો સમ્પ્રદાયની અને એને અંગે સમાજની ઉન્નતિ
" ક્યાં દૂર છે ?

" ઘણાક સમ્પ્રદાય વખાણનાર 'વાતોડિયાજ' હોય છે; પણ
" પોતાનો ધર્મ વખાણ્યો તેમાં શું થયું ? તેનાં કર્મ કેવાં છે ? તે
" કેમ જૂવે નહી ! ઘણા ભાવિક ભકતો અમને રોકડ નાણાં ભેટ
" દાખલ ધરે છે, તે કરતાં જો અમને સંતોષવાજ હોય ને અ-
" મારા નામથી જ એમને સંતોષ મળતો હોય, તો ભલે અમારા
" નામ નિમિતે રોકડ રૂપિયાને સ્થાને શાળાઓ સ્થપાવાય કે ઉપ-
" દેશ માટે પંડિતો રખાય. અથવા વિવિધ રીતે વિદ્યાદાન અપાય
" તો તે શું ખોટું ?

" શ્રીમદ્ વલ્લભાચાર્યજીની ખરી ભક્તિતો એજ કે, એઓશ્રીના
" ગ્રંથોનું અને સંપ્રદાયનું ઉત્તેજન; અમારી વાડી ગાડીના
" ઉત્તેજનમાં કાંઇ એમની સેવા થઇ જવાની નથી.

" ધર્માભિમાન એકલા વૈષ્ણવોમાંથી નહિ, પણ ઘણું કરીને
" આખી હિન્દુકોમમાંથી ઘટયું છે. હિન્દુઓ કરતાં અન્ય કોમને
" પોતાના ધર્મનું અભિમાન સારૂં હશે. આનાં બે કારણો છે એકતો

" અમલોકના આચારવિચાર ગુરૂત્વહિન હોવા જોઇયે, કે જેથી
" અમારાપરથી તમારો અભાવ થાય, અને અભાવને લીધે ધાર્મિક
" બાબતોનો લાભ તમે લઈ શકો નહિ, અને બીજું કારણ તમારા
" લોકોની પણ ખરૂં ખોટું પારખવાની શક્તિ નથી તે કહી
" શકાય + + "

" ખૂબી તો જૂવો; કે મુસલ્માની રાજમાં જ્યારે જુલમથી
" કંઠી તોડી નાખતા, અને ધર્મથી વિમુખ કરતા, ત્યારે પણ વૈ-
" ષ્ણવો બરાબર ધર્મ સાચવતા હતા. અને ધર્મની નિશાની માદ-
" લિયામાં કે ચોટલીમાં રાખતા હતા. ધર્મ સાચવવાની આટલી
" બધી સંભાળ રાખતા હતા. અને હવે જ્યારે ના. બ્રિટિશ સર-
" કારના રામરાજ્ય જેવા રાજ્યની છાયામાં આવ્યા, અર્થાત્ હવે
" ધર્મ પાળવા માટે કોઈ પ્રકારનો રાજ્યકિય પ્રતિબંધ નથી, ત્યારે
" લોકો સ્વધર્મ ભૂલી જાય છે !! અને એથી ઉલટું ક્રિશ્ચીયન
" થવાનું કે, કોઈ ઇતર ધર્મમાં જવાનું ચાહી વ્યભિચારી ઠરે
" છે !! + + +

" આપણી રાજ્ય કર્તા કોમનું અનુકરણ જો થાય તો પણ કે-
" ટલું બધું સારૂં ! જો કે અનુકરણ તો થાય છે, પણ જે અનુક-
" રણ કરવા જેવાં છે. તે નથી થતાં, ને ન કરવા જેવાં તે
" વ્હેલાં થાય છે, જે અનુકરણ કરવામાં પ્રાણની કાયાની, અને
" પૈસાની ખુવારી થવાની હોય છે, તેવાં વગર વિચારનાં અનુકરણ
" એકદમ દેખાદેખી થઈ જાય છે અને જે અનુક ણ કરવાથી
" આત્માની દેહની અને, દેશની ઉન્નતિ થયા તો સંભવ છે, તે

" અનુકરણ કરવામાં મરવા પડાય છે. આ કેવું વિચિત્ર કહેવાય !

" એ પ્રજા હવે સમજવા લાગી છે કે હિન્દુ લોકો જમતી વખતે જે રેશમી અબોટિયું પહેરે છે તે વાસ્તવિક છે. આમ જાણે " છે, છતાં તે લોકો તેનો ઉપયોગ નથી કરતા, અને પોતાની " પદ્ધત જાળવી રહ્યા છે આનું શું કારણ ? કારણ એજ કે, તે- " મનું સ્વદેશાભિમાન !

" અને એથી ઉલટી બાજૂ જોઇએ તો આપણે લોકો એમનૂં " જોઇને કોલર ટાઇ નિષેધવાળાં વ્યસન વગેરેનાં ખોટાં અનુકરણ " કર્યા જઇએ છીએ !

" એ લોકોનાં અનુકરણ કરવાં હોય, તો એ જેવો ભ્રાતૃભાવ " રાખે છે, તેવો રાખતાં શીખો, ધર્મના ફેલાવા માટે જેવો સતત " યત્ન આદરી બેઠા છે, તેમ તમે શા માટે કરતા નથી ! અવ- " નવી હુન્નર કળાની શોધખોળ તેમની પેઠે કેમ કરતા નથી ? જ- " ર્મન લોકો આપણી સંસ્કૃત વિદ્યામાં અત્યારે પારંગત મનાય છે, " તો તમે તમારૂં પણ કેમ સાચવી રાખતા નથી, તમારાં શાસ્ત્રોનાં " સંશોવનમાંના પ્રતાપે અત્યારે પાશ્ચાત્ય પ્રદેશ દિવ્ય જ્યોતે ઝલહળી " રહ્યા છે. તો તમે અહીં કશી વિદ્યાની શોધ કેમ કરતા નથી ? " આવાં આવાં અનેક અનુકરણો કરવા યોગ્ય છે તેને ભૂલી જાવ " છો, કેમકે આ પ્રકારનાં અનુકરણમાં મહેનત છે અને તમારે તો " હાથ હલાવ્યા સિવાય મ્હોં પોળું કરતાં કોઇ કોળીઓ ઘાલી " જાય તેવું જોઇએ છીએ ! પણ ખોટાં અનુકરણ કરવામાં વેડફી

" દેવાતો પૈસો, તે તમારો પોતાનો પૈસો નથી હોતો તેનો જ
" ખ્યાલ કરશો. તમે શા આધાર ઉપર અને કોના ઉપર સાહેબ
" જેવા થઇને ઝઝૂમો છો તેનો કદી વિચાર કરોછો? ખૂબ ધ્યાનમ
" રાખો, કે જો આવો વિચાર નહિ કરો, તો તમારી કને જ
" થોડુ ઘણું રહ્યું છે તે પણ ગુમાનમાં ને માનમાં ગુમાવી બેસશે

" કળિયુગમાં મનુષ્યનો આવરદા બહુ તો સો વર્ષનો ગણાય
" છે, તેમાંથી સુમારે પચાસ વર્ષતો, ખાનપાનને નિદ્રામાં ગણા
" છે, નવ-દશ વર્ષ બચપણની રમતગમતોમાં જાય છે. બાકી
" રહ્યાં ચાળીસ, તેમાંથી પણ ગુરૂ નિંદા, વેદનિંદા, ભગવદ્જન
" નિંદા, અસત્યાચરણ, વગેરે અનેક પાપથી આયુષ્ય ભરાય છે
" જ્યારે આ ગણિતપરથી તો આપણને આપણાં ઋણ વાળવ
" માટે કરવાનાં કર્તવ્ય માટે નહિ જેવો'જ સમય મળે છે! ત્યાં
" શું આપણે ખાનપાનને ખાતર જીંદગી માનવાની છે? અને
" એટલાજ માટે અવતરેલા છીયે?

" મા બાપ, ભાઇ ભાંડુ, બૈરી છોકરાં, સૌ મતલબનાં સગાં
" છે. એ બધું મોહ અને માયાની છાયા છે, તે ખૂબ ધ્યાનમ
" રાખજો, જો તેમ ન હોય તો સૌને કમાઉ છોકરો વહાલો લાગે
" ને હિણકમાઉ અળખામણો લાગે છે તે મતલબની યારી કે
બીજૂં કાંઇ કહેવાય? માટે સગાં સહોદર અને સંબંધીનેજ મા
" વિલાસની ખાતર નહિ વળગી રહેતાં, પોતાનાં કર્ત્તવ્યોમાં મદદ
" ગાર તરીકે માની લ્યો-સ્વીકારી લ્યો એમાંજ તમારૂં કલ્યાણ છે
" જગતની જંજાળથી ત્યારેજ તમે છુટશો.

" કેટલાએક વળી કલિયુગને નકામો નિંદે છે, પણ હું
"કહું છું કે ઇશ્વિર પ્રાપ્તિ માટે આ યુગ જેવો કોઈ ઇતર યુગ નહોતો.
" કહેવાય છે કે જો ખરા ભાવથી ભગવાનની છ મહિના સર્વોત્તમ
" સેવા કોઇ કરે, તો તે ભવરણના ફેરામાંથી છુટે " અને આ
" કાંઇ ધતિંગ નથી; માત્ર કહેવાનો ભાવાર્થ સમજવામાં ફેર હોય.
" ને તેથી ધતિંગ લાગતું હોય તો કોણજાણે; બાકી દયા, અભેદ-
" ભાવ, અને પરમાર્થમય જીવન ગાળનાર સજ્જનો એજ ખરા
" ભગવદ્ ભક્ત છે અને તેવા જીવનમય સજ્જનો ખરેખર ભવા-
" ટવિના ભટકારામાંથી છુટે તે અચૂક માનવા જેવું છે.

* * * *

**સમજૂતી.** વાંચનાર ! માહારાજશ્રીના સદુપદેશની વિવિધ " વાનીઓ " એટલાજ માટે પીરસવામાં આવી છે કે ત્હારા હૃદય-ના કોઇ પણ ભાગમાં કર્મ સંજોગે ભરાઇ રહેતો—કે રહેલો મલ, તે આરોગવાથી નષ્ટ થાય અને અન્દર પવિત્ર પ્રસાદી પૂરાય.

અવશ્ય; અત્યારેજ નહીં, તો પણ સંસારમાં એવા અનેક પ્રસંગો આવ્યાં જાય છે, કે જ્યારે માનવીને કશી દેશદિશા જડતી નથી અને જીવ બધી બાજુથી બારીઓ બંધ જૂવે છે, એવે વખતે આવો ઉપદેશ અતિ આવશ્યક જણાશે; હૃદય જ્યારે દુઃખના ભારથી દબાયલૂં હશે, શોકનૂં તોફાન જ્યારે ચારે દિશાથી ચાલી રહ્યું હશે, અને પ્રકાશને પ્રવેશવાનો માર્ગ બિલકૂલ બન્ધ થયેલો હશે, વળી આશા અને ધૈર્ય લગભગ સરી પડયાં હશે, ત્યારે—અરે ત્યારે જ આ મહાન ધાર્મિક સદુપદેશરૂપ અમૃતરસના પ્રતાપે આત્માના અંતરંગ

પ્રકાશને પમાશે, માર્ગ ખુલ્લા થશે અને આપણને ભોમિયા તરીકે –સદ્માર્ગે દોરનાર તરીકે સેવા બજાવશે.

સત્સંગ સંબંધી

અને એતો ઉચિત છે કે મોજ શોખમાં ઉછરીને ગુલાબની શૈય્યાપર સુઇને અને ઍશ આરામમાંજ જીવન ગાળવાની લોલુપતા રાખીને પુરૂષ પુરૂષાર્થ સાધી શકતો નથી; પુરૂષાર્થ માટે આવા સંત સમાગમની જરૂર છે, અને 'સમાગમ' એટલે નહિ કે કેવળ પરિચયમાં આવવું, ને બે ત્રણ ભકિતનાં ગીત ગાવાં–સાંભળવાં: પરિચયમાં આવવું એટલે—જીવન શું છે ? મનુષ્ય શું છે ? પોતાનો જન્મ કેમ છે ? કોના માટે છે ! ક્યાંથી આવેલ છીએ અને ક્યાં જવાનું છે ? શી રીતે જવાનું છે ? વગેરે મહત્વના વિષયોથી વાકેફ થવાની અભિરૂચિથીજ સંત સમાગમ કરવાનો છે. અને સંત સમાગામ પણ બે રીતે થાય છે એક પ્રત્યક્ષ અને બીજો પરોક્ષ; સન્તની હયાતિમાં પ્રત્યક્ષ અને તે પછીથી પરોક્ષ: અને પરોક્ષ સમાગમ તેમના પુસ્તકો, લખાણો વગેરેના નિદિધ્યાસન દ્વારાજ લેવાય.

સમાગમની અસર પણ જેવી તેવી નથી. રાજર્ષિ ભર્તૃહરિના સૂત્રાનુસાર કહીએ તો:-

અગ્નિના પ્રચંડ તાપથી તપ્ત થયેલા લોખંડના તવામાં જો એકાદ જળનું બિન્દુ પડે, તો, તે ક્યાં પડયું ને ક્યાં સમાઇ ગયું તેની કશી નામ નિશાની પણ નહિ મળે, પણ જો એજ જળનું બિન્દુ, પેલા તપેલા લોખંડના જેવા લાલ રંગનાજ કમલના દલપર પડશે, તો જોનારને, તે જળનું બિંન્દુ મોતી જેવું જણાશે ! અને વળી, સ્વાતિ નક્ષત્રમાં સાગરની છીપમાં જો જળનું બિન્દુ પડે તો તેનું સાક્ષાત મોતી પણ થઇ જાય ! ત્યારે આ પ્રમાણે,

" સારો, મધ્યમ, નીચ ગુણ નરમાં સંસર્ગથી સંચરે. "- ત્યારે જો આપણે આપણું જીવન સંગીન, શુદ્ધ અને સફળ બનાવવું હોય, તો સાધુ ચરિત જીવનના સહાધ્યાયી થવું જોઇએ, અને એવાં ઉન્નત-આદર્શ જીવનથી અસર કોઇ અપ્રતિમ હોઇ, ગમે તેવાં સાંકડાં હૃદયને પણ એ રસાળ અને ઉચ્ચ પ્રદેશગામી બનાવીદેછે એ અનુભવ સિદ્ધ વાત છે.

વાતાવરણની બલિહારી ઑર છે. અને મને લાગે છે કે ઉપરણાની પ્રસાદી, ચરણસ્પર્શની રીત, પધરામણી વગેરે વિવિધ ધાટીઓ નીકળવાનૂ કારણ બીજૂં કશું નહિ, પણ મહારાજોના સહૃદયનાં વાતાવરણથી આપણામાં એઓશ્રીના અંશ આસ્તે આસ્તે પ્રવેશ થાય; વિષયની વધારે મજબુતાઇ માટે એકાદ સૂત્ર આ રહ્યું:-

" માનાભિ વૃદ્ધિ કરતી, હરતી કુબુદ્ધિ,
" કીર્તિ કરી, ધરતી ચિત્ત વિષે વિશુદ્ધિ;
" ટાળે અસત્ય, વળી પાપ અમાપ કાપે.
" સત્સંગતિ ફળ કિયું નરને ન આપે. ? "
( નીતિ શતક )

સંક્ષિપ્તમાં સંત્સંગની મહત્તાથી માહિતગાર થયા પછી એક બાબત જોવાની રહી જાય છે અને તે એ કે કેવળ વિદ્યા વિભૂષિત વ્યક્તિયોને વિદ્વાન ગણી, તેનો સમાગમ કરવો તે દુરસ્ત નથી; વિદ્યા મેળવી એટલે વિદ્વાનમાં લેખી, તેના સહવાસી થવું, તે કરતાં વિદ્યા મેળવી તેને યોગ્ય રીતે કેળવતો હોય તેના સહવાસી થવું જોઇએઃ એક ફીલૉસોફરે ખરૂં કહ્યું છે કે:-

" મૂઠીભર સદવર્તન આગળ વિદ્યાનો ભંડાર હલકો પડી જાયછે:'

અમુક આચાર્યોના બાહ્ય વિદ્યાના તેજમાં તણાતાંજ વિના-કારણે અમુક વખત પુષ્ટિસમ્પ્રદાયને પ્રહારો ખમવા પડેલા એ વાત જાણીતી છેજ. અને તેથીજ એકવાર પુનઃ ધ્યાન ખેંચાય છે કે સમાગમ કરવામાં, કોઇના પણ બાહ્ય તેજથી તણાઈ જવાનું નથી, મણિ પોતાના મસ્તિષ્કમાં ધારવાનું સામર્થ્ય છે જેનામાં, એવો નાગ તે નાગ છેઃ એનામાં વિષછે, અને તેથી આપણે પેલા મણિના તેજથી અંજાઇ નાગની મિત્રાચારી કરવા લલચાઇએ તો પરિણામ બુરૂંજ આવે; આમજ હીરો હોયછે તેજોમય, પણ તેને ચુસવાથી તે વિષની ગરજ સારે છે ! ત્યારે આપણે તો એવાં મણિ અને હીરા જેવાં ઝવાહિરની લાલચ છોડીને હંસના અનુકરણે સાચામો-તીનો ચારો ચરવાની હેવા પાડવી એજ બ્હેતર છે અને એજ ધન્ય છે.

**એક ભાવના.** શ્રીમદ્ દેવકીનંદન જેવા સમર્થ હિતચિન્તક સ્વામીના પ્રત્યક્ષ, અને તે ન બને તો (વિદિત થયું એ રીત્યે) પરોક્ષ સમાગમમાં અવવા ભાગ્યશાળી થાવ, અને, અન્તે એ મહાપુરુષ જેવાજ બનો એવી આ લખનાર લેખકની ભાવના છે; પૂજ્ય ગુરૂવર્યની આશિષ છે. પ્રભુનો આદેશ છે-સત્સંગ પ્રતાપે, તૃષ્ણાને ટાળતાં શીખી, ક્ષમાને પાળતાં શીખી, મદને મારતાં શીખી, પાપને નિવારતાં શિખી, સન્માર્ગે પગલાં માં-ડતાં શીખી, પૂજ્યોને પૂજતાં શીખી, સત્યને સત્કારતાં શીખી, શત્રુને પણ મિત્ર બનાવતાં શીખી, દુઃખીઆંની દાઝ જાણી દયાનાં દાન દેતાં શીખી અને ટુંકમાં વૈષ્ણવોને માટે વર્ણવેલા ગીતામાંના મુખ્ય છવ્વીસ સદ્દગુણને જીરવતાં શીખી તમે તમારા અન્તરાત્માને મહા-ત્મા સ્વરૂપમાં લાવવાની ઉચ્ચાભિલાષા અને અભિરૂચિ રાખોઃ અસ્તુ.

**સ્વરૂપની ઝાંખી**

યત્કિંચિત્ દિગ્દર્શનપરથી પણ આપણે જોયૂં કે, શ્રીમદ્ દેવકીનંદન મહારાજનું જીવન ધર્મ, **નીતિ** અને પરમાર્થથી છલ્લોછલ ભરેલૂ હતું; એઓશ્રીનો વૈભવ, એમની સજ્જનતા થકી દીપી આવતો હતો, એમની સંપત્તિ સત્પાત્રોને ઘટતાં ( અન્ન, વિદ્યા અને વિત્ત ) દાનદ્વારા ઝળકી ઉઠતી, વૃક્ષને ફળ આવતાં તે નીચાં ઢળે છે, અથવા નવાં પાણીથી ઘન પણ તેજ સ્થિતવત્ બને છે તે પ્રમાણે, મહારાજશ્રી જેમ વધારે વિદ્વાન બનતા ગયા, તેમ તેમણે પોતાની વિદ્યાને નમ્રતામાંજ પધરાવી હતી, અને એજ રીત્યે શમથી જ્ઞાન શોભી આવતું, વાણીના નિયમમાં શૌર્ય સમાતું, અક્રોધી ( સાત્વિક ) સ્વભાવમાં તપ સમાતું, નિષ્પક્ષપાતિય પ્રકૃતિમાંથી ધર્મ ઝળકી આવતો, ક્ષમાથી ગુરૂપણું તરી આવતું અને અભેદ ભાવથી ઉતરી આવતું મહાનપણું આપણાં હૃદયને આપોઆપ એમના પ્રત્યે ઢળાવી દેતૂં !

અમુક વર્ગ તરફથી પોતે થોડો કાળ અનાદર પામ્યા હતા, તે પણ આપણે જોયું, અને પાછળથી એ પણ જાણ્યૂં કે અનાદર કરેલા આદમીઓએજ પાછો સહર્ષ અને સલજ્જાએ સત્કાર કર્યો હતો ! મહાન પુરૂષના મહદ્ ગુણો આ'વે વખતેજ આપણને અણધાર્યો મૂગો બોધ આપી દેછે ! વૃક્ષને કાપવા છતાં પાછૂં વે ઉગે છે, અથવા ક્ષીણ બન્યા પછી પણ ચન્દ્ર પાછો સોળે કળાથી ખીલી રહે છે અને અમૃતનૂં સિંચન કરે છે આમ સંકષ્ટ અથવા આપત્તિ સમયે સાધુજન કશોજ શોચ નથી કરતા એનું કારણ એજ કે તેઓ પોતે જાણતા હોય છે કે આપત્તિ કે સંકટ એ ઘડીવારના ઝાંખલ છે ! જયારે ત્યારે પોતાનો દિવ્ય પ્રકાશ એ આપત્તિ કે

દુઃખ રૂપ રમકડાંને ન્હસાડી મૂકશે એવી એઓનામાં દઢારથા હોય છે. અને પરમાત્મા પ્રત્યેની અવિચળ શ્રદ્ધા પણ હૃદયમાં સતત્ રમી રહેલી હોય છે આત્મા એમનો આપણા જેવો જો અવિકસિત હત, તો એ મહાન પણ શાના કહેવાત ? અર્થાત્ દઢતા અને શ્રદ્ધાને એ મહાન આત્મા જીરવી શકે છે.

**એક ચમત્કાર.** એક પ્રસંગે જનસમૂહદ્વારા શ્રવણ કરવામાં આવેલું કે સ્વલ્પ સમય ઉપર મહારાજશ્રી પંજાબ તરફ પધાર્યા હતા, ત્યાં સતત સભાઓ ભરવામાં આવતી હતી અને વેદ મંત્રોના પ્રમાણોથી ભાષણો આપવામાં આવતાં હતાં તથા કુતર્ક કરનારાઓને વેદ પ્રમાણથી નિરૂત્તર કરવામાં આવતા હતા; એક સમયે કેટલાએક મનુષ્યોએ આવીને મહારાજશ્રીને કહ્યું કે આપ વલ્લભકુલ કહેવાવ છો અને શ્રી વલ્લભાચાર્યજી શ્રી વૈશ્વાનર અગ્નિના અવતાર હતા એમ કહેવામાં આવે છે તે જો સત્ય હોય અને આ આપની પાસે જે ઠાકુરજી રાખેલા છે તેમાં જો કાંઈ દૈવત હોય તો આ સામે જે કાષ્ટનો સમૂહ પડેલો છે તેમાં આપ અગ્નિ પ્રકટ કરો ! એ સાંભળી મહારાજશ્રીએ કહ્યું કે તમો દુરાગ્રહ છોડી દ્યો ? એમાંથી કાંઇ તમોને લાભ મળનાર નથી, એમ સમજાવવા છતાં પણ તેઓએ માન્યું નહિ અને પરિણામે તેમના દુરાગ્રહવશાત્ મહારાજશ્રીએ સામે પડેલા કાષ્ટ સમૂહ ઉપર જલ પ્રોક્ષણ કરી તત્કાલ પ્રત્યક્ષ અગ્નિ પ્રકટ કર્યો આ અગ્નિ અતીવ પ્રચંડ પ્રદીપ્ત થઈ સમગ્ર ગામનો વિનાશ કરવા લાગ્યો, જેથી સમગ્ર ગામે મહારાજશ્રીને શરણે આવી સ્વાપરાધની ક્ષમા માગી અગ્નિ શાંત થવા પ્રાર્થના કરી કે તત્કાલ મહારાજશ્રીએ આજ્ઞા કરી કે જાવ ? " અગ્નિ શાંત થયો "

લોકો જોવા લાગ્યા તો અગ્નિ સ્વયં શાન્ત થયેલો જોવામાં આવ્યો. આ ચમત્કાર જોઇ સહસ્ત્રાવધિ જીવો મહારાજશ્રીને શરણે આવી પ્રભુ શરણાગત થયા હતા, ઉપરોક્ત આખ્યાયિકા ઉપરથી મહારાજ પોતે શ્રીમદ્‌વલ્લભાચાર્યાવતાર હતા એમ સિદ્ધ થાય છે. અલબત ! "ચમત્કાર ત્યાંજ નમસ્કાર" નો મહારાજશ્રીનો મુખ્યાશય નહતો, પણ પ્રસ્તુત ચમત્કૃતિભરી શક્તિનો ઉપયોગ એમણે પ્રસંગવશાતજ કરેલો:

**શાસ્ત્રાર્થ સંબંધી**

મહારાજશ્રીનો અંતિમ શાસ્ત્રાર્થઃ કેટલોએક સમય થયાં શારદામઠના સ્વામી શ્રીમાન્ માધવતીર્થજીએ પુષ્ટિ સંપ્રદાય અવૈદીક બનાવવાનું સાહસ ઉઠાવી "આમ્નાયતત્વતરંગિણી" પ્રભુતિ ચોપાનિયાંનો ફેલાવો કર્યો હતો, કિંતુ તેના સામે પુષ્ટિ સંપ્રદાય તરફથી આમ્નાયતત્વભાસ્કર, દુર્મતધ્વાન્તભાસ્કર સત્સિદ્ધાન્તસહસ્ત્રાંશુ, વૈદીક માર્ગનિરીક્ષા, તથા પુષ્ટિસંપ્રદાય વૈદીક છે, વગેરે ગ્રંથો પ્રકટ થયા હતા, અને તે દ્વારા તે ચોપાનિયાંનો પરાજય થયો હતો, તથાપિ સ્વામિજીની સ્વારી જ્યારે સિદ્ધપુર મુકામે પધારી ત્યારે "વૈદિક ધર્મામૃત વર્ષિણી સ્માર્ત સમિતિ" નામની એક સંસ્થા સ્થાપી સ્વયં અશક્ય હોવાથી અથવા ગમે તે કારણથી તે સંસ્થાના નામથી તા. ૨૪ સપ્ટેંબર ૧૯૧૦ ના સાંજ વર્તમાન પત્રમાં મહારાજશ્રીને શાસ્ત્રાર્થ માટે ચેલેંજ છપાવી, ઉક્ત સમયમાં મહારાજશ્રી વ્રજયાત્રા કરવા પધાર્યા હતા તે સમયનો ખોટી તકનો લાભ લેઇ સ્વયં વિજયી બનવાની લાલસાથી ઉપરોક્ત ચેલેજ છપાવેલી હોય એમ ખાત્રી થાય છે તથાપિ મહારાજશ્રીએ તે ચેલેંજને પ્રેમ પુષ્પથી વધાવી લઇ સ્વસંપ્રદાયના સિદ્ધાતનું મંડન કરવાને કટિબદ્ધ થઇ શાસ્ત્રાર્થ કરવાનો સહર્ષ સ્વીકાર કરી તીર્થરાજ પ્રયાગમાં તે સમયે

પ્રદર્શન હોવાથી અનેક વિદ્વાનો મહાત્માઓ રાજા મહારાજાઓ તથા સાધુ સજ્જનો પ્રાપ્ત થાય તેના સમક્ષ શાસ્ત્રાર્થ કરવાને આમંત્રણ કર્યું હતું, તથાપિ સ્વામિજી "કલ્પિત્ત માર્ગ કંટક દ્રુમદાવાનલ" ની પ્રસ્તાવના પૃષ્ઠ ૩ જામાં જણાવે છે કે—"મહાશય દેવકીનંદનજી તરફથી શાસ્ત્રાર્થ બદલ કંઈ પણ સ્વીકાર થયો નહિ" આ લખવું તેમનું કેટલે અંશે સત્ય છે તે કલ્પિત માર્ગ કંકટદ્રમદાવાનલના ખંડનરૂપ શાસ્ત્રીજી છગનલાલ અમરજી કૃત "શારદા મઠ ધર્મ પ્રકરણા ન્યાય નીહાર ભાસ્કર" નામના ગ્રંથની પ્રસ્તાવનાના પૃષ્ઠ ૩૦ થી ૩૩ સુધી તથા પૃષ્ઠ ૪૧ પરિશિષ્ટ વાંચવાથી ખાત્રી થશે, તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સ્વામીજી સાથે ગમે તે સમયમાં ગમે તે ભાષામાં શાસ્ત્રાર્થ કરવાને તૈયાર છીયે, પરંતુ મને તો દૃઢ આશા છે કે સ્વામીજી અદ્યાવધિ શાસ્ત્રાર્થ કરવામાં કોઇની સાથે વિજયી થયા નથી તેમ થવાના પણ નથી. સ્વામીજીએ આર્યસમાજ સાથે કલહ ઉપાડયો હતો તેનું પરિણામ "અમલસાડ શાસ્ત્રાર્થ" નામની ચોપડીમાં સુપ્રસિદ્ધ છે. સ્વામિનારાયણ મતાનુયાયીઓનું પરિણામ સુસ્પષ્ટ છે કે અંતે સમાધાન કરવું પડયું અને શ્રી શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયાનુયાયીઓ સાથે જે પરિણામ આવ્યું તે "વિજયપત્રિકોન્મૂલનકુઠાર" નામનો ગ્રંથ વાંચવાથી પૂર્ણ ખાત્રી થશે.

**આર્થિક સ્થિતિ**

મહારાજ શ્રીના પિતાશ્રી જ્યારે ગોલોક વાસી થયા, ત્યારે મહારાજના પર કરજ હતું ! આ કરજથી મુક્ત થઇને મહારાજ શ્રીએ, આર્થિક સંપત્તિ પણ મોટી મૂડીમાં એકઠી કરી છે સામાન્ય રીત્યે જોતાં ગોસ્વામીબાળકોને આવક સારી હોય છે પણ તેની અવ્યવસ્થાને લીધે તેમજ ઉપયોગી માણસોનો અભાવ, અને બીજા

ઉપયોગી માણુસોનો હદ ઉપરાંતનો પગાર વગેરે હોવાથી તેઓ પાછા કરજમાંને કરજમાં ડુબતા હોય છે અપવાદ બાદ કરતાં આજકાલ મહારાજોની આર્થિક પરિસ્થિતિ સારી ગણાતી નથી, તેનું કારણ શું ? ચ્હાય તો વળગેલાં દુર્વ્યસન હોય, અવ્યવસ્થા હોય, અછાજતો વૈભવ હોય કે ગમે તેમ હોય, પણ મહારાજશ્રી દેવકીનંદન પ્રસ્તુત દોશને પાત્ર નથી એમ મુક્ત કંઠે કહેવું પડે છે. મહારાજ શ્રીએ પોતાનો પૈસા સંબંધીનો કાર્યભાર મુંબઈના શેઠીઆઓનેજ સાંપી દીધો છે અને તે એવાજ ઉદ્દેશથી કે:-"અમે અમારો ધાર્મિક વ્યવહાર બરાબર જાળવી રાખશું તો બસ છે, આર્થિક વ્યવહાર માટે વ્યાપારીક વૃત્તિ રાખવી અમને ગોઠતી નથી ! " અને આજ્ઞા મુજબ મહારાજશ્રીનો મિલ્કતનો કાર્યભાર મુંબઈના મશહૂર શેઠ જમનાદાસ નરસી ખટાઉ કરતા. તથા હાલમાં શેઠ પ્રાગજી સુરજી કરે છે. સાથે સાથે આટલૂં કહેવું જોઇએ કે મહારાજશ્રીની આર્થિક સ્થિતિ સુધારવાનું માન પ્રથમના શેઠને, તેમજ તેની સારી વ્યવસ્થા કરવાનું માન બીજા શેઠને આપવું જોઇએ. + + એકંદર રીતે મહારાજશ્રી અત્યારે અન્ય સંપત્તિ ઉપરાંત રૂપિયા પંદરલાખ રોકડ મૂકી ગયા છે.

**શારીરિક સ્થિતિ.**

મિતાહારપણાથી અને નિયમિત કસરત તથા સ્વચ્છ હવામાં સવાર સાંજ ફરવા જવાના નિયમથી મહરાજશ્રી શારીરિક સ્થિતિએ પણ આરોગ્ય રહેતા; મહારાજશ્રીનો બાંધો એવડીઓ અને બળવાન હતો; એકવાર તો એમણે પોતાના ઉપરથી ઉંધી વળી ગયેલી ગાડીને હાથવડે એક બાજૂ કરી દીધી હતી, વળી ઘોડા ઉપર સ્વારી કર-

વાનો પણ મહારાજશ્રીને ઘણો શોખ હતો પ્રથમાવસ્થામાં તો પોતે હજાર બેઠકો અને દંડ કરતા !

તથાપિ લગભગ અવસાન કાળ પૂર્વેનાં થોડાંક વર્ષોથી શરીર શિથિલ થઇ ગયું હતું. × ×

**વલણ.**

અવધ તો બધાનીજ હોય છે. પણ અવધો અવધો માંયે ફેર છે; કોઇનૂં જીવન ખાનપાનને ખાતર હોય છે, તો એક અંગ્રેજ ફિલસુફના કહેવા પ્રમાણે અવતરવું, પરણવું, અને મરવું એટલામાંજ કોઇની સૃષ્ટિ સમાચલી હોય છે ને કેટલાક બલ્કે વિરલ મહાત્માઓનું જીવન પરમાર્થ માટેજ ઘડાયલૂં હોય છે. મહારાજશ્રીએ સૃષ્ટિને સ્વાપર્ણના પાઠ શીખવ્યા, અને પ્રજાને પરિપકવ પણ કરી, સ્વાત્માને અને સદ્ગુણોને, તથા તે દ્વારા થતાં કર્તવ્યને સ્થળે સ્થળે વેરવામાં મહારાજે કશી કમી રાખી ન હતી. કે નહતી રાખી સ્વાર્થીય લોલુપતાય પણ!

**અવસાન.**

લેવાયો એટલો લોકોએ મહારાજમાંથી લાભ અને લ્હાવ લીધો ગજા પ્રમાણે સૌ કોઇએ મહારાજને પોત પોતાનામાં વ્હેંચાઇ ગયલા જોયા અને સમષ્ટિ તરફથી એકેક અવાજે વન્દન અભિનન્દન તથા સુભાશિષનાં જયગર્જન પણ પોતે પામ્યા આ નાદ દિવ્ય સાદમાં ભળ્યો—પ્રભુને પહોંચ્યો અને પ્રભુએ પોતાના પવિત્ર ગણને મહારાજ કને મોકલ્યો અવધ પૂરી થતાં એટલે ( અમદાવાદમાં થોડોક કાળ માંદગી ભોગવવા પછી મથુરાંમાં ૧૯૬૯ ના શ્રાવણ વદ બીજ ને સોમવારે સ્હવારમાં ૭ વાગે ) અક્ષરધામ નિવાસી મહાત્મા શ્રી દેવકીનંદન પાછા અક્ષર ધામ વિષે સિધાવ્યા.

સિધાવ્યા પણ સ્મરણ તો હજુ તાજૂજ છે; પૂષ્પ કરમાઇ જાય, પણ તેની પરિમલતો હૃદયમાં મૂકતું જાય છેજ. સન્ધ્યાના અવનવા રંગો પલટાઇ જાય છે, પણ તેનો ચિતાર તો કેટલીયે મુદ્દત સુધી નયનમાં ચિતરાયલો રહે છે, કોયલ એકજ ટહૂકો કરી ઉડી જશે પણ એ ટહૂકો હૃદયમાં લાંબી મુદત સુધી ખળભળાટ ચલાવી મૂકશે, સંગીન બંધ થયા પછી પણ અન્તરમાં એના પડઘા અથડાયાં જાય છે. આમજ માહારાજશ્રી દેવકીનંદન સિધાવ્યા, પણ સમસ્ત વૈષ્ણવ (અને ઈતર પ્રજા) મુદતો સુધી સ્વ જંજાળથી છુટી જગતના તારને ભૂલી હેતુ પૂર્ણ પોકાર, રૂદન અને ગમગિનીમાં ગરકાવ થયેલ. પણ અમારી તો એઓશ્રીના અમરાત્માને પરમાત્મા શાન્તિ આપે એટલીજ વાંચ્છના અમને સંતોષે છે; અસ્તુ.

અવસાન પછી ગુજરાતે શોક પ્રદર્શિત કરવા ભરેલી સભાએ પત્રકારોએ લીધેલા નોંધ, કવિતા લખનારાઓએ કવિતામાં ઉતારેલાં મહારાજશ્રીનાં સ્વરૂપઃ ગામોમાં પડેલી હડતાળો વગરે વગેરેમાંથી સારાંશરૂપ અત્ર થોડુંક ઉતારવામાં આવ્યું છે તે તરફ વાચનારનૂં ધ્યાન ખેંચૂં છૂં.

---

## *મુંબાઇમાં શ્રી દેવકીનંદનાચાર્યજી માટે જાહેર શોકસભા.

આચાર્યવર શ્રીમદ્ દેવકીનંદનજી મહારાજ જેમણે ગઇ તા૦ ૧૮ મી ઓગસ્ટને દિન ગોલોકવાસ કર્યો હતો; તેમને માટે મુંબઇ નગરીના સમસ્ત હિંદુજનો તરફનો શોક પ્રદિર્શિત કરવા એક ગંજાવર સભા મુંબઈમાં માધવબાગના ઉપરના હોલમાં મળી

હતી. સભાસ્થાનમાં મહારાજશ્રીની છબી પુષ્પહાર પહેરાવીને લટકાવવામાં આવી હતી. સભાસ્થાન પ્રેક્ષકોથી ચીકાર ભરાઇ ગયું હતું. પ્રમુખસ્થાન ડૉ. સર ભાલચંદ્ર કૃષ્ણને આપવામાં આવ્યું હતું.

**પ્રમુખના શોકોદ્‌ગાર**

પ્રમુખે પોતાના ભાષણ દરમ્યાન જણાવ્યું હતું કે સમસ્ત હિંદુસ્તાનમાં શ્રીદેવકીનંદન મહારાજના નામથી કોઇ પણ અજ્ઞાત નહી હોય. મહારાજશ્રી મુંબઈ, મદ્રાસ લાહોર, હૈદ્રાબાદ આદિ સ્થળે સુપ્રસિદ્ધ હતા. તેમનો સ્વભાવ ઘણો સરલ હતો. મારે તેઓશ્રી સાથે ૩૫ વર્ષથી સંબંધ હતો. અને તે વર્ષોના અનુભવથી હું કહી શકીશ કે કેટલાક તેમના દોષ કાઢે છે પરંતુ તેમણે કોઇની નિંદાનો શબ્દ માત્ર કાઢ્યો નહતો. તેઓ ધર્મગુરૂની પદવી માટે ઘણાજ લાયક હતા. તેમના સરલ સ્વભાવને લઇને સર્વ લોકો તેમની પ્રત્યે માનની દૃષ્ટિથી જોતા હતા. તેઓશ્રી દરેક ધર્મના લોકો તરફ પ્રેમભાવથી જોતા હતા. તેમનું સ્મારક રાખવું એ આપણો ધર્મ છે. એ માટે એક કમિટી નીમવાની જરૂર છે. મહારાજશ્રીની મેં દીક્ષા લીધી નહતી તોપણ હું તેમને ગુરૂ તરીકેજ લેખતો હતો.

**અન્ય ગૃહસ્થોનાં વિવેચન**

બાદ સર જગમોહનદાસ વરજીવનદાસે જણાવ્યું કે વૈષ્ણવ સંપ્રદાયના નેતા તરીકે સ્વર્ગસ્થ ભારતમાર્તંડ શ્રી ગટ્ટુલાલજી જેવા વિદ્વાન્ પુરૂષના મૃત્યુ પછી ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યજીના ગોલોકવાસ થવાથી આપણે સનાતન ધર્મના એક સત્ય સ્થંભને ગુમાવી બેઠા છીએ. ગોસ્વામી શ્રીએ હિંદના જુદા જુદા ભાગોમાં

*" ગુજરાતી " માંથી.

વૈષ્ણુવ સંપ્રદાયનો વિજય ધ્વજ ફરકાવ્યો હતો. એકવાર બીકાનેર ખાતે તેઓશ્રીએ પોતાનું પાદુકાપૂજન કરાવ્યું હતું ત્યારે ત્યાંના શાસ્ત્રીઓ તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા અને એ પૂજન શા આધારે કરાવ્યું તેનો ખુલાસો માગવા તૈયાર થયા હતા. વિદ્વાન્ ગોસ્વામી-શ્રીએ તેઓ સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો અને તેમા તેઓ વિજયી નીવડયા હતા. ગુજરાત કાઠીઆવાડમાં મહારાજશ્રીએ સ્થળે સ્થળે લોક પ્રીતિ મેળવી હતી. પંડિત દીન દયાળુ શર્મા મહાત્માશ્રી ગટુલાલજી વગેરે સાથે તેમણે ઘણા સ્થળોએ પ્રવાસ કર્યો હતો વૈષ્ણુવ ધર્મગુરૂ તરીકે તેઓ એક નમૂનેદાર આચાર્ય થઇ ગયા છે. એવા આચાર્યરત્નના પરલોકવાસથી આપણાને ખેદ થયા વિના રહેતો નથી અંતમાં આપણે ઇચ્છીશું કે ગોસ્વામીશ્રીના લાલબાવા શ્રીવલ્લભલાલજી પોતાના પિતાને શુભ પગલે ચાલી વૈષ્ણુવ ધર્મની અને સામાન્ય રીતે સનાતનધર્મની ઉન્નતિ કરે. સર જગ મોહનદાસના ભાષણ પછી શાસ્ત્રી નરહરી વિષ્ણુ શર્માએ પ્રસંગાનુસાર ખેદ દર્શાવ્યો હતો. એક પારસી ગૃહસ્થ મી૦ સોરાબજી લીમજી પાંડેએ તે પછી જણાવ્યું કે ધર્મગુરૂઓમાં જે ખાસ યોગ્યતા અને ગુણો હોવા જોઇએ તે શ્રી દેવકીનંદન મહારાજનામાં વધારે હતા. સાદાઇ સાલસપણું અને ઉદાર વિચાર એ તેમના મુખ્ય ગુણ હતા. એકવાર તેઓ મારે ત્યાં પધાર્યા હતા. તેઓશ્રીની મારી ઉપર તથા મારા કુટુંબ ઉપર ભારે લાગણી હતી. તેમના મરણથી મેં તથા હિંદુઓએ એક સારો મિત્ર ખોયો છે. તે પછી શેઠ ત્રિભોવનદાસ વરજીવનદાસે ભાષણ કરતાં સૂચના કરી હતી કે આપણા વૈષ્ણુવમાર્ગના તાત્પર્યને લગતાં જે

જે કેટલાક અપ્રસિદ્ધ પુસ્તકો છે તે મહારાજશ્રીની યાદમાં પ્રકટ થવાં જોઇએ.

**સભાએ મો- કલેલો આ- શ્વાસનપત્ર.**

બાદ નીચેનો દિલાસા પત્ર શ્રીવલ્લભલાલજીને મોકલવાની દરખાસ્ત તેમણે મુકી હતી. ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રી દેવકીનંદનાચાર્યજીના અકાળ ગોલોકવાસથી આજ અત્રે મળેલી સભા પોતાનો અંતઃકરણ પૂર્વકનો શોક પ્રદર્શિત કરે છે. આ દિલાસાપત્ર તેમના લાલબાવા શ્રીવલ્લભલાલજી તથા તેમના કુટુંબને નીચેની કમિટીએ મોકલી આપવો. સર ભાળચંદ્ર કૃષ્ણ, રા. સા. ખીમજી કુંવરજી, મેશર્સ પ્રાગજી સુરજી, કહાનજી ખટાઉ, ત્રિભોવનદાસ નરોત્તમદાસ માળવી, મૂળજી હરિદાસ, શામજી શિવજી અને ચત્રભુજ કરસનદાસ શરાફ.

સર વિઠ્ઠલદાસે આ દરખાસ્તને અનુમોદન આપ્યું હતું. ઓન. મી૦ મનમોહનદાસે વધુ ટેકો આપતાં, સનાતન ધર્મને ટકાવવા માટે આવા મહાન્ ધર્માચાર્યોની હાલમાં ખાસ આવશ્યક્તા બતાવી હતી. આગળ વધતા જમાનામાં જયારે માણસોના વિચારો ફેરવાય છે અને કાંઇ કાંઇ વિક્ષેપો ઉત્પન્ન થાય છે ત્યારે સમાધાન કરવા ગોસ્વામીશ્રી જેવા વિદ્વાન આચાર્યોની જરૂર છે એમ તેમણે કહ્યું હતું, આ ઉપરાંત મી૦ વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, મી૦ ચત્રભુંજ શરાફ મી૦ માળવી વગેરે એ મહારાજશ્રીના ગુણાનુવાદ ગાયા હતા અને દરખાસ્ત પસાર થઇ હતી,

બાદ મી૦ ત્રિભોવનદાસ નરોત્તમદાસ માળવી સોલીસીટરે મહા-

**મહારાજશ્રીના સ્મારક માટે અપાયલું દાન વગેરે.**

રાજશ્રીનાં સ્મારકમાં નીચેની રકમો મળેલી જાહેર કરી હતી ૧) મી૦ શામજી શિવજી તરફથી મહારાજશ્રીને નામે ભાટીઆઓ માટે એક દવાખાનું સ્થાપવા માટે રૂા. ૧૧,૦૦૦ (૨) રા. સા. ખીમજી કુંવડજી તરફથી " અણુભાષ્ય " માટે સૌથી સરસ નિબંધ લખનારને સ્કોલરશિપ આપવા માટે યુનિવર્સિટીને આપવાના રૂ, ૪,૦૦૦, (૩) શેઠ પ્રાગજી સુરજી તરફથી ૫,૦૦૦, રા. મૂળજી હરિદાસ તરફથી રૂા. ૫,૦૦૦, અને રા. ખીમજી કુંવરજી તરફથી રૂા. ૫૦૦ (૪) કાનજી ખટાઉ તરફથી મહારાજશ્રીનું સરસ ચરિત્ર લખનારને રૂ, ૧,૦૦૦, આપવાનું જાહેર થયું હતું. બાદ પ્રમુખનો તથા માધવબાગના ટ્રસ્ટીઓનો આભાર માની, સભા વિસર્જન થઇ હતી.

આ સિવાય શોક પ્રદર્શિત કરવા ઘણાં શહેરોમાં સભાઓ મળી હતી જેવાં કે:–મહુધા, વીરમગામ, ભાવનગર, સુરત અમદાવાદ મદ્રાસ વીરપુર, વડોદરા, વગેરે.

મહારાજશ્રીના " લીલા વિસ્તાર " થી શોક પ્રદર્શિત કરવાર્થે ઘણાં ગામોમાં હડતાલ પાડવામાં આવી હતી, અને તે પૈકી નીચે નિવેદન કરેલાં ગામ પણ હતાં—જેવાંકે;—પેટલાદ, સિદ્ધપુર, વિરમગામ, ભાવનગર, આનરસુંબા, સુરત, કડી, વડોદરા, ડેસર, ઉમરેઠ, અમદાવાદ, મદ્રાસ, તથા મુંબઈ, વગેરે વગેરે.

વળી મહારાજશ્રીના નિમિત્તે સિદ્ધપુરમાં ગાયોને માટે ઘાસ દાણો અપાયો હતો; મહુધા, વીરપુર, અને ઉમરેઠ વગેરે સ્થળોએ બ્રહ્મભોજન થયું હતું, અને સુરત મદ્રાસ તથા વીરપુર વગેરે સ્થળોએ " સ્મારકની " સ્થાપના થઇ હતી.

વિશેષ શૂં ? જૂદાં જૂદાં ચોપાનિયાંમાં છપાયલી છૂટી છવાઈ કવિતાઓની નોંધ લઇ વિષયનૂં વલણુ વાળશું;—

## એક ઘા ?

રાગ. ઓધવજી સંદેશો કહેજો શ્યામને તેને મળતો.

દેવકીનંદન કષ્ટ નિકંદન દીનના
ચાલ્યો શું તું મૂકી અવર નિજ ધામજો.— દેવકી.
શોક પ્રસાર્યો વહાલા તેં જગની મહીં,
વિચર્યો ઊંચે સ્વર્ગતણા તું ધામમાં
ચાલ્યો પણ પડઘા તુજના સંભળાયજો,
ઓ વહાવા પુષ્ટિ પંથના વીરલા.— દેવકી.
ભર દરીએ તેં વહાણ મૂકયું ઓ વિરલા,
કિનારે તુજ વિણ કો હાવે લાવશે;
તોફાની વાવા ઝોડું તો શરૂ થયું,
વારિ પણ ભરાવા માંડયુ તેહમાં.— દેવકી.
અન્ય ખલાસી કામ પોતાનું ના કરે,
તેથી મુઝાયે આશ્રય લેતા લોકજો;
સુકાની પોતાનું કામ કરે નહિ,
હાય ! હવે કાંઠે વળશે શી રીતથી.— દેવકી.
સ્નેહિ સાથ શોકાગ્નિએ તે બાળીઓ,
શીત નીર તુજ વિણ હવે કો સીંચશે;
ચાલ્યો તું પણ વચનામૃત જાતાં નથી,
જે રીતે સૂણેલો સુંદર નાદ જો.— દેવકી.
ઓ વહાલા ! ભૂપર કુસુમડાં વેરીઆં,
પરીમળ તેની બહેકી રહી ચોપાસજો;
તેવાને તેવી કો તુજ વિણ રાખશે ?
તેનો મર્મ જણાયે ના મુજથી જરી.— દેવકી.

**ગોકળદાસ કુબેરદાસ મહેતા.**

( ૨ )

પ્રભુ આશો ગજબ થયો ભારી !
દેવકીનંદને લીલા વિસ્તારીરે. પ્રભુ૦ ૧
દેવકીનંદન જે સુખદાયી,
જેની કીર્તિ તે હિંદમાં છવાઇ;
ધર્માચાર્ય હતા જે ન્યાયીરે. પ્રભુ૦ ૨
વેદ શાસ્ત્રોમાં હતા જે પૂરા,
કર્મકાંડમાં નહિરે અધુરારે. પ્રભુ૦ ૩
સંસ્કૃત ભાષણો બહુ કીધાં,
મન વૈષ્ણવનાં હરી લીધાં;
વચનામૃત ધર્મનાં દીધાંરે. પ્રભુ૦ ૪
હરિદ્વાર રામેશ્વર કાશી,
બદ્રિનારાયણ સુખરાશી;
ચંપારણ્ય રહ્યું જે પ્રકાશીરે. પ્રભુ૦ ૫
દ્વારામતી જગન્નાથ પુરી,
ત્યાં ત્યાં વિદ્વત્સભાઓ ભરી;
ગુરૂવર્યે ત્યાં કીર્તિ પ્રસારીરે. પ્રભુ૦ ૬
બ્રહ્મ સંબંધનાં દાન દીધાં,
સર્વે વર્ણોએ ઉપદેશ લીધા;
જીવ પ્રભુપરાયણ કીધારે. પ્રભુ૦ ૭
પુષ્ટિમાર્ગ પ્રસાર બહુ કીધો,
ધર્મ ઉપદેશ સૌને દીધો;

દૈવીજીવનો ઉદ્ધાર કીધોરે. પ્રભુ૦ ૮
વિદ્વજ્જનોને સન્માન દેતા,
સદ્ધર્મ પરાયણ રહેતા;
સત્ય હોય તે શ્રી મુખે કહેતારે. પ્રભુ૦ ૯
પુરી સાતે છે મોક્ષદાયી,
તેમાં મથુરાં મુખ્ય કહેવાયી;
યમુના તટ રહ્યું સુખદાયી રે. પ્રભુ૦ ૧૦
શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા કહેવાયી,
સોમવાર થયો દુઃખદાયી;
પ્રભાતમાં લીલા વિસ્તારી રે. પ્રભુ૦ ૧૧
ત્રાસ તારે અતિશય દીધો,
જન સમૂહે ખેદ બહુ કીધો;
શોક સમાચારે ઘા કીધોરે. પ્રભુ૦ ૧૨
ગામે ગામ તે હડતાલ પડીયો,
પુણ્ય ગરીબોને બહુ કરીયાં;
ગુરૂ ? ગોલોક ઉરમાં ઠરીયોરે. પ્રભુ૦ ૧૩
દુઃખ દરીઆમાં સૌને ડુબાવ્યા,
વિનતિ કોઇની ઉરમાં ન લાવ્યા;
જ્યેષ્ઠારામ કહે અમને ડુભાવ્યારે. પ્રભુ૦ ૧૪
જન રૂએ સૌ નરને નારી;
ત્રાહિ ત્રાહિ કરે સૌ પોકારી,
દર્શન દેઇને લ્યોને ઉગારીરે. પ્રભુ૦ ૧૫

( ૩ )

પ્રેમ કેમ તમે આજે અમોથી ઉતાર્યો ?
હિંદુસ્થાને તે હીરો ગુમાવ્યોરે, પ્રેમ૦ ૧૬
સૂર્ય ભારતનો અસ્ત પામ્યો,
ગોલોકમાં જઇને કામ્યો.÷
મથુરાં પુરીમાં તેતો વિરામ્યોરે. પ્રેમ૦ ૧૭
દીપ ભારતનો આજે બુઝાયો,
ઠરતાં દીપ તે જન ઘવાયો;
દેશ હિંદ દીસે ગભરાયોરે. પ્રેમ૦ ૧૮
પ્રતાપી મહાપ્રભુ જેવા,
ગુરૂવર્ય હવે કોને કહેવા;
લીધા લ્હાવા હવે કયાંથી લેવારે. પ્રેમ૦ ૧૯
ધર્મામૃતનું પાન કરાવ્યું,
ત્રિવિધ તાપનું સંકષ્ટ કાપ્યું;
સુખઆપ્યું અમોને અમાપ્યુંરે પ્રેમ૦ ૨૦
પંડિત બાલ સરસ્વતી+ જેવા,
સભા ભાસ્કર હવે કોને કહેવા;
વિદ્વજ્જને આશ્રય કોને લેવારે. પ્રેમ૦ ૨૧

÷ ગો લોકમાં જઇને પ્રકાશ થયા.

+ કાશીના સુપ્રસિદ્ધ પંડિત મહામહોપાધ્યાય શિવકુમાર પ્રભુતિના વિદ્યાગુરૂ શ્રીબાલસરસ્વતી, પોતે સરસ્વતીનો અવતાર કહેવાતા હતા તેમના જેવા.

કલ્પવૃક્ષ થયું રે અદૃશ્ય,
ઓછાં દીસે અમારાં પુણ્ય;
લાગે સંસાર અમને શૂન્યરે, પ્રેમ૦ ૨૨
જન ઉદ્ધાર ઉરમાં લાવ્યા,
જન્મ ગ્રહી અવનિપર આવ્યા,
કરી કલ્યાણ ગોલોક સિધાવ્યારે. પ્રેમ૦ ૨૩
પ્રભુ સેવાનો ઉપદેશ દાતા,
આપ કીર્તિનાં ગાન અમે ગાતા;
કેમ રખડાવી આજ મને જાતારે. પ્રેમ૦ ૨૪
ज्येष्ठाराम ને આપે નિભાવ્યો,
દેશો દેશમાંહી ઓળખાવ્યો;
કેમ વિલાપ અંતે કરાવ્યોરે. પ્રેમ૦ ૨૫

( ૪ )

## દર્શન દેઇ લ્યોને ઉગારી !

કષ્ટ વિયોગનાં ઉર ધારીરે. દર્શન૦ ૨૬
થાય છોરૂ કછોરૂ કદાપી,
માત તાત કરે તોય માફી;
નથી આજ્ઞા અમોએ ઉત્થાપીરે. દર્શન૦ ૨૭
ભારત આજે દીસે છે ઉદાસી,
વિદ્વજ્જનોને રાખ્યા નિભાવી;
આપે કયાં જઇને જ્યોતિ પ્રકાશીરે. દર્શન૦ ૨૮

સરસ્વતીની શોભા વધારી,
વિદ્વજ્જનોને રાખ્યા નિભાવી;
કીર્તિસ્થંભ અખંડ સ્થપાવીરે. દર્શન૦ ૨૯
દેવકીનંદન જે સુખદાતા,
જેના ગુણ ગણ્યા ન ગણાતા;
એવા મળશે કોણ મને ત્રાતા. દર્શન૦ ૩૦
અશ્રુપાત કરે નરનારી,
વર્ણ અઢારે મુખે ઉચ્ચારી;
કોણ આવીને લેશે ઉગારીરે. દર્શન૦ ૩૧
રંક જનોની આપદ્ વિદારી,
વિનતિ ભારતની ઉર લાવી;
જ્યેષ્ઠારામ કહે છે પોકારીરે. દર્શન૦ ૩૨

( ૫ )

મળે ફરી કયાંથી એવા રે,
ગુરૂ શ્રી દેવકીનંદન જેવા........ (૨)
શાન્ત અને પ્રેમાળ પ્રકૃતિ, ગુણીયલ ને જ્ઞાનવાન;
સમદ્રષ્ટિસમભાવ, સુશિલતા, પુર્ણ કૃપાના નિધાન. મળે.
વાણી મનોહર, મુખ મનોહર, મનહર મનના ભાવ;
જગહિતકારી વિચાર અનુપમ, મળવા ફરી કયાં લ્હાવ. મળે.
સ્થંભ સનાતન, ધર્મ સુધારક, સર્વ પ્રતિ અતિ પ્રેમ;
હિંદુ મુસલમિન પારસી આદિ, શિષ્યનું ચહાતા ક્ષેમ. મળે.
રત્નસભાના, મહામણિ જગના, દીનજનના આધાર;

ભારતવર્ષના અર્ક અનુપમ, ધર્મના સુત્રાધાર. મળે.
ગુરૂપદે પણ ગુરૂપદ પામી, ગુરૂ કીર્તિ જગમાંહી;
વિસ્તારી ગુરૂ આપ સિધાવ્યા આણી દયા ના કાંઇ. મળે.
સુકૃત સુમન પરિમળ અનુપમ, ફોરી રહ્યાં ચોમેર;
આપ કૃતિ જ્યોતિ દિવ્ય મનોહર, ટાળે તિમિર ઘનઘોર. મળે.
કારમો કેર કર્યો છે કાળે ચોટ કરી ધરી વેર;
રત્ન અનેક ભારતનાં લીધાં, શું અધુરૂ રહ્યું વેર ! મળે.
રત્ન અમૂલું એક હતું તે, હણી હદવાળી હાલ,
ફીટકાર, ધિક્કાર, વાર હજારે, અરે તને કૂર કાળ. મળે.
દેવકીનંદન જે જગવંદન, દુઃખ નિકંદન નાથ;
કોણ કૃત્યે અધવચ છોડી, નાથ કર્યા છે અનાથ. મળે.
કેમ ભૂલાશે પ્રેમ મનોહર, મનહર આનન રૂપ;
સમભાવના તો દિવ્ય અનુપમ, સરખા રાંકને ભૂપ. મળે.
માત્ર સ્મરણ ગુણ કિર્તન કરીને, રહ્યું વિરમવું મન;
સ્વરૂપાનંદે સદા સુખ પામો, મોતી ચાહે કરી મન. મળે.

## સોરઠા.

કર્યો કારમો કેર, કાળે હદવાળી દીધી;
વાળ્યું પૂર વેર, હવે ન બાકી કંઇ રહી.
કર્યું રત્ન તેં ગુમ, વિધિ ઉર શું આવીયું;
સુણે ન હાવે બુમ ,જ્યાં કર્તા અવળા થયા. ૨
હવે વિરમીએ મન, પ્રભૂ ઇચ્છા શરણે થઇ;
વદીએ સાચે મન, સ્વરૂપાનંદે સુખદ હો. ૩

રા. મોતીલાલ મથુરભાઇ દેશાઇ.

( ૬ )

## એક-ફૂલના ચૂંટનારને.

મન્દાક્રાન્તાઃ-ક્હેની બાપુ ! કઠણ હૃદયી કેમ આ'વો થયો તૂં
ખીલેલૂં આ કુસુમ વિમળૂં તોડી લેવા ઉભો શૂં !
છાને ઝૂલે હળીમળી બધે મીઠી સુગન્ધ દેતાં
ઠારે હૈડું-નયન અમ જે, શીદ એ ચૂંટી લેતો ?
જો ! આ પેલી ધવલરસશી ચન્દની માન આપે
મૃદુ વાતી અનિલલહરી એની સંભાળ રાખે
ને પંખી આ મધુર ગીતડાં ગાઇ-ખેલી રીઝાવે
એ સર્વેથી કૃતકૃત્ય થઇ પુષ્પ નીચૂં નમે જો !
આ'વી જેની પૂનિત પ્રભુતા ગુણ સાત્વિક જેના,
ત્હોયે જે રૂહે પુરણ લઘુ કાઠિણ્ય જો ! લેશ છે ના;
જેના દ્વારા ઉપવન દિયે ભાવથી લ્હાવ લેવા
રે ! કૃતઘ્ની ! ચૂંટ ન ફૂલએ ભૂલી જા ભૂંડી હેવા;
માયાળુ આ ફૂલ પરિચયે ઇશ્વરી પામ માયા
વારે વારે કગરૂં-ક્રૂર ના બાપુ ! પાડીશ છાયા;
રે ! રે ! શાની કદર ? ઉર છે કેર જેનું ઘડાયું !
કૃતઘ્નીનું સુખ અવરની ભૂખમાં શું સમાયું !
છો ચૂંટ્યું ત્હેં તદપિ જરી થોભી કહે કયાંથી આવ્યો ?
રે ઓ રિપુ જગત હિતના ક્હે મ્હને આટલું તો;
થોભ્યો શું ! એ ખચિત ઇશની પ્રેરણા થઇજ હોશે ?
સત્કાર્યો હોય કરૂણ દ્રનિ હેવનો એમ ભાસ !

**વિષમ હરિગીત:** " થા શાન્ત સજની ભારતિ !
" ઉરભ્રાન્તિ પામીશ ના રતિ.
" તુજ ફુલડું
" અણુ મુલડું
" એ જાણું સજની ભારતિ !
" જાણી ચૂટયું ફૂલ, સ્વાર્થ નવ, નિર્દોષ છું
" નથી ક્રૂર: દાસ હું દેવનો તજ રોશ તું !
" પુણ્યશાળી પુષ્પ પુનિત આ ચઢશે શિરે સર્વેશના;
" હા, ખોટ પણ પડી અત્ર તે તમ હૃદયને તો કલેશદા."

**અનુષ્ટૂપ:** હશે શી ખોટ દેવને ! અકાલ સંત ખૂંચી લિયે !
જશે જો આમ સંતો, તો કરવું શું સંસારીએ !!

—કેશવ હ. શેઠ.

---

**નોટ:**—પૂષ્પરૂપ સ્વામીશ્રીનૂં સાધુહૃદય, તેને ચૂંટનાર દેવગંણ; ઉપવનરૂપ-સંસાર: ઉદ્‌ગાર ભારતિના: ચન્દની, પંખી, અનિલલહરી વગેરેથી કુદરતનાં વ્હાલાંનૂં સ્વામી પ્રત્યે આકર્ષણ હોય એમ સૂચિત.

સિવાય કાવ્યમાં રહેલો ધ્વનિ, કાવ્ય-વિલાસીને વિચારતાં વિદિત થશેજ.

સમાપ્ત.

# તાકાત અને તારીફ.

બીજાઓને લાભ આપનારને લાભ મળે છે. આતંક-નિગ્રહ ગોળીઓ લાખો માણસોને તાકાતનો લાભ આપે છે. તેના બદલામાં તેને તારીફનો લાભ મળે છે.

જુવાન છતાં બુઢ્ઢા જેવાં બની જતાં નબળાઇના દરદોથી રીબાયા કરતાં દસ્તની અટકાયત વગેરે કંટાળા-ભરેલી તથા દયા ઉપજાવે એવી ફરિયાદો કરતાં લાખો માણસોને એ ગોળીઓએ તન્દુરસ્ત અને તાકાતવાળાં બનાવ્યાં છે. જયારે લાખો માણસોએ ખુલ્લા દિલથી તે-નાં સાચાં વખાણ કર્યાં છે.

કિંમત. ગોળી ૩૨ ની ડબી ૧ નો રૂા. ૧ સામટી ખરીદીમાં કમીશન વગેરેના નિયમો પ્રાઇસલીસ્ટ મંગાવી વાંચવા ભલામણ કરવામાં આવે છે.

મુંબઇ બ્રાંચ
કાલબાદેવીરોડ.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.
જામનગર—કાઠિયાવાડ.

## વૈષ્ણવ ધર્મ પ્રકાશ ઑફીસે મળતા ગોસ્વામિ બાળકોના

# સુંદર ફોટા.

૧ શ્રી મહાપ્રભુજી.

૨ શ્રી ગુસાંઇજી.

૩ શ્રી ટીકેટ શ્રી ગોવર્ધનલાલજી મહારાજ શ્રીનાથદ્વારા. ( બે જાતના. )

૪ શ્રીમદ્ ગોસ્વામી શ્રીબાળકૃષ્ણલાલજીમહારાજ કાંકરોલી. ( ત્રણ જાતના )

૫ શ્રીમદ્ ગોસ્વામી શ્રી દેવકીનંદનાચાર્યજી મહારાજ કામવન.

૬ શ્રીમદ્ ગોસ્વામી શ્રી જીવણલાલજી મહારાજ પોરબંદર. ( બે જાતના )

૭ શ્રીમદ્ ગોસ્વામી શ્રી અનિરૂદ્ધાચાર્યજી મહારાજ નડી-યાદ. ( બે જાતના )

૮ શ્રીમદ્ ગોસ્વામી શ્રીમધુસૂદનલાલજી મહારાજ રાજનગર.

૯ શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજ રાજનગર.

૧૦ શ્રીમદ્ ગોસ્વામી શ્રી કન્હૈયાલાલજી મહારાજ ગોકુળ.

૧૧ શ્રીમદ્ ગોસ્વામી શ્રી વલ્લભલાલજી મહારાજ ગોકુળ.

૧૨ શ્રીમદ્ ગોસ્વામી શ્રી રણછોડલાલજી મહારાજ કોટા.

૧૩ શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોકુળનાથજી મહારાજ માળા-પ્રસંગવાળા.

કીંમત—૫૦ પ્રતના ૦-૮-૦ પોષ્ટેજ ૦-૨-૦ દરેક ફોટાના બ્લૉક અમારી પાસે તૈયાર છે જરૂર હોય તેમણે પત્રથી ખુલાસો પુછવો.

દામોદર રેવાદાસ.—મેનેજર વૈષ્ણવ ધર્મ પ્રકાશ.

ચારરસ્તા. રીચીરોડ.—અમદાવાદ.

# ભગંદરની રામબાણ વનસ્પતિની દવા.

હમારી પાસે ગમે તેવી જાતના જુના અગર નવા ભગંદર માટે રસાયણ વગરનો માત્ર વનસ્પતિનો બનાવેલો અકસીર ઇલાજ છે જે દવા **માત્રથી** વાથીજ તદન આરામ કરે છે. તેમાં તે ભાગને મુદલ દ ા લગાડવી પડતી નથી તેમજ વહાડ કાપની પણ જરૂર પડતી નથી. તેના સબંધમાં વઢવાણ કાંપના પોસ્ટ માસ્તર મી. હીરાલાલ કૃષ્ણાલાલ ખાનસાહેબ લખે છે કે–" તમારી પીવાની દવાથી મારૂ ભગંદરનું દર્દ તદન મટી ગયુ છે અને તેને લીધે તેવા દર્દથી પીડાતા તમામ દર્દીઓને તમારી દવા લેવાની ભલામણ કરવાની હું મારી ફરજ સમજુ છું " આ શીવાય બીજા પણ ઘણાં સરટીફીકેટ મારી પાસે છે જોવા હશે તેમને બતાવવામાં આવશે. વધુ માહીતી માટે રૂબરૂમાં મળવું અગર પત્ર વ્યવહાર કરવો.

ડા. ગંગાદાસ તાપીદાસ.

કાઠીયાવાડ—વઢવાણકાંપ અથવા મુંબાઇ વશાઇ

# સસ્તી કિમ્મતે મળતાં

# સુન્દર પુસ્તકો.

સરયૂ-(વીરરસ પ્રાધાન્ય ભૂમિ પ્રત્યેનું ગૌરવ-અને શુદ્ધાભિમાનનો પાઠ પઢાવતી નવલકથા૦-૮-૦

ભાનુકુમાર-( સંતોષ, આનન્દ અને શાન્તિ આપ. નારી કથા.) ૦-૮-૦

યુગલ-( સાંસારિક-રહસ્ય પૂર્ણ વાર્તા.) ૦-૨-૦

ડૉ૦ ધનચક્કરનું ગૌરવ-( પેટ પકડીને હસાવનાર એક હાસ્ય રસયુક્ત કટાક્ષમય લેખ. ૦-૨-૦

મળવાનું ઠેકાણું.

કેશવ હ, શેઠ.

૧૩૮ ઘાંચીની પોળ—અમદાવાદ.

# વૃદ્ધ તેમજ જુવાનને સેવવા લાયક વન-સ્પતિની શક્તિની દવા.

બાટલી ૧ ના રૂ ૦–૮–૦
ગોળી ૩૨ ડબી ૧ નો રૂ. ૧–૦–૦

ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીદેવકીનંદનાચાર્ય મહારાજ નંબર ૧૩૦૧ તા. ૨૭–૭–૧૨ ના કાગળમાં લખે છે જેમને અનાજ ઘી બીલકુલ પચતું નહોતું તેને તમારી દવાથી ૪ થી પાંચ તોલા ઘી માખણ પચે છે અને રૂચીથી ખવાયછે અર્ક તથા ગોળીયો દીન ૪ ની છે માટે તરત બીજી ગોળીઓ તથા અર્ક મોકલજો.

શેઠ લખમીદાસ શેઠ વલભદાસ હીરજીવાળા માંડવી ઘી બજાર તા. ૧૯–૮–૬૩ ના કાગળમાં લખે છે જે તમારી દવા દીવસ ૧૫ લીધાથી છ આની ફાયદો છે દવા બીલકુલ નથી. બીજી દવા દીન ૧૫–૨૦ ની મોકલજો ઢીલ કરશો નહિ. એ શિવાય ઘણા સર્ટીફીકેટો છે.

ડા. ગંગાદાસ તાપીદાસ.

કાઠીયાવાડ–વઢવાણ કાંપ અથવા મુંબાઇ વશાઇ.

# એક નવું સાહસ.

# દામોદર રેવાદાસ વૈષ્ણવ.

## બુકસેલર્સ, પબ્લીસર્સ અને કમીશન એજન્ટ.

### રીચીરોડ—અમદાવાદ.

ચાલુ જમાનાને અનુસરી તદન નવીજ ઢબ ઉપર અત્રે અમદાવાદમાં હાલ કમીશન એજન્સી ખોલેલી છે. નીચેનો માલ તદન વ્યાજબી કિંમતે, વખતસર અને ઓર્ડર મુજબ મોકલવામાં આવે છે.

ધર્મ સંબંધી કાયદાનાં, વાર્તાનાં, નૉવેલનાં અને પ્રાથમીક શાળાપયોગી તમામ જાતનાં પુસ્તકો.

કાગળ, હોલડર, પેન્સીલો, રબર, નોટપેપર, કવર, કાર્ડ બ્લૉટીનપેપર, દોરી, પેઇડની ડબીઓ વગેરે સ્ટેસનરીને લગતો તમામ કન્ટીજન્ટ સામાન. ( સ્ટેસનરી સામાન અમારે ત્યાં દરેક જાતનો મળે છે.

લીલો તથા સુકો મેવો.

ઘોડાનો ત્થા ગાડીનો તમામ પ્રકારનો દેશી અને વીલાયતી સામાન. તેજ ઉપર શીવાય કોઈ પણ જાતનો સામાન ઓર્ડર મુજબ જેની વખતે તેજ વ્યાજબી કિંમતે મોકલવામાં આવે છે. એક વખત કામ પાડી ખાત્રી કરવા વિનંતી કરવામાં આવે છે,

પત્ર વહેવહાર નીચેના સરનામે.

**દામોદર રેવાદાસ વૈષ્ણવ.**

**બુકસેલર્સ. પબ્લીસર્સ અને કમીસન એજન્ટ.**

ચંગપોળ, ચારરસ્તા, રીચીરોડ—અમદાવાદ.

# कनक.

# KANAK.

**क्षय** ઉધરસ દમ નબળાઇ વિગેરેને માટે ઘણીજ અસરકારક સુદ્ધ સોનાની બનાવટની દેશી દવા દરદીને કોઇ પણ જાતના લાંબા મંદવાડ પછી તેમજ ચાલુ નબળાઇ માટે ઘણોજ ઉત્તમ ઉપાય.

માત્રા. પાંચ ટીપા કાચના વાસણમાં એક ઔંસ પાણી સાથે દિવસમાં જમ્યા પછી ત્રણ વખત પાંચથી દશ વરસની ઉપરના બાળકોને ૩ ટીપા પાંચ વરસની અંદરનાને ૨ ટીપાં.

કીંમતઃ—ઔંસ. ૧ ની બાટલી રૂ. ૫.
ઔંસ. ૦॥ ની બાટલી રૂ. ૩.
ઔંસ. ૦। ની બાટલી રૂ. ૨.

# STHAMBHAK.

# स्थंभक.

દુઝતા અર્શને માટે ઘણોજ ઉત્તમ ઉપાય ગમે તેવી જાતનું લોહી પડતું હોય તે આ દવા ફક્ત ત્રણ વખત લેવાથી બંધ થઇ જાય છે.

માત્રા. ૧ દ્રામ અથવા ૬૦ ટીપાં દુધ અથવા પાણી સાથે દિવસમાં ત્રણ વખત.

કીંમત ઔંસ ૧ ની ૮ માત્રાની શીશીનો રૂ. ૧)

નીચેને સરનામે લખો.

**મેનેજર અંનત ફારમશી.**

વૈદ્યભૂવન. ભૂલેશ્વર—મુંબઇ.

### વહુ, દીકરી, બ્હેન, તથા દરેક સ્ત્રી માટે વિલાયતમાં પાસ થયેલા ડોકટરની સાચી સલાહ.

# પ્રદરવિનાશક.

ગર્ભાશયના સર્વ પ્રકારનાં દરદોની અકસીર દવા હજારો ડોકટરો ભીડવાઇફો, તેમજ સ્ત્રીઓ આ દવાની બાટલી હમેશાં ઘરમાં રાખવા ભલામણ કરે છે અને જ્યારે કોઇ પણ પ્રકારના પ્રદરો (નબળાઇનું જવું) અટકાવ સાફ ન આવવો, લોહી વા, હાથ પગની બળતરા, મૂર્છા, છાતીમાં દાહ, કસુવાવડ, છોડ, સુવારોગ, કમ્મરનો દુખાવો, મગજની નબળાઈ, પેડુનો દુખાવો, ગર્ભાશયનો સોજો વિગેરે જુનાં, હઠીલાં દરદો માલમ પડે છે ત્યારે તેઓ પ્રદરવિનાશક દવાનો ઉપયોગ કરે છે માત્ર આઠજ દિવસમાં તેની અસર બતાવે છે.

આઠ દિવસની દવાના રૂ. ૧–૭–૦ ( પોસ્ટેજ સાથે. )

બાટલી. ૧ ની કિં. રૂ. ૨–૮–૦ ( પોસ્ટેજ વધુ )

અમદાવાદના સુપ્રસિદ્ધ ડાકટર હીરાલાલ. કે. નાણાવટી એલ. આર. સી. પી. એલ. એમ. ( ડબ્લીન ) લખે છે કે તમારી પ્રદર વિનાશક દવા, પ્રદરો, તેમજ ગર્ભાશયના દરદો માટે ઉત્તમ છે આ દવા છુટથી વાપરવા હું ભલામણ કરૂં છું.

મફત— મફત—
માત્ર ૦–૩–૦ ની પોસ્ટ ટીકીટો બીડી
સ્ત્રી રોગ ચિકિત્સાનું પુસ્તક અને
૧૦૦૦ વર્ષનું સુંદર કેલેન્ડર મફત મંગાવો

પ્રદરવિનાશક ઓફીસ
ખંભાત ( ૩ )
( ગુજરાત )

અતિસસ્તુ સાહિત્ય ! વાંચનનો અમૂલ ભંડાર !

વાર્ષિક રૂા. બેમાં ૧૫૦૦ પૃષ્ઠ !

બોધપ્રદ, સામાજિક, ઐતિહાસિક, ધાર્મિક, ડીટેકટીવ નવલ કથાઓ.

આજેજ ગ્રાહક થાઓ ! લાયબ્રેરી શણગારો !

# સસ્તી વાર્તામાળા.

ચાલુ બીજા વર્ષમાં નીચલી નવલ કથાઓ મળસે:—

૧ અનુપ કુમારી અથવા કાશ્મિરપર હલ્લો ઐતિહાસિક ઉત્તમ.

૨ બ્રહ્મચારિણી અથવા સમાજ સેવિકા ધાર્મિક સામાજિક—ઉત્તમ.

૩ શહેનશાહ જહાંગીર—બોધક જીવન ચરિત. ૪ મહારાષ્ટ્રીય કથાકુંજ—મરાઠાપર ૧૨નારીઓની પ્રેમ, વીરત્વ ભરેલી ટુંકીવાર્તાઓ ૫ ઉમાજી નાયક મહારાષ્ટ્રના એક સુપ્રસિદ્ધ લુટારો.

વાર્ષિક મૂલ્ય—કાચા જાડા મજબુત પુઠાના રૂા. બે તથા પાકા સોનેરીરૂપેરી નામો સાથે મનોહર પૂઠાના રૂા. ત્રણ (પોસ્ટેજ સાથે ) આફ્રિકા માટે કાચા પૂઠાના રૂા. ૨–૧૦–૦ તથા પાકા પૂઠાના રૂા. ૪–૦–૦ પોષ્ટ ઓર્ડર મોકલવો દરેક સ્થળે પરોકારી એજન્ટો જોઈએ છે. પત્ર વ્યવહાર.

ડાહ્યાભાઈ રામચન્દ્ર મ્હેતા.

મેનેજર—ભારતજીવન અને સસ્તી વાર્તામાળા.

મુંબઈ નં. ૧૩

# વૈષ્ણવ ધર્મપ્રકાશ.

વૈષ્ણવ ધર્મ પ્રકાશ માસિક પત્રનું હાલ આઠમું વર્ષ ચાલે છે. દરેક વર્ષે વૈષ્ણવોપયોગી સુંદર પુસ્તક તથા વખતો વખત ગોસ્વામી બાળકોના ફોટા ભેટ આપવામાં આવે છે.

આ માસિકમાં શ્રીમહાપ્રભુના સિદ્ધાંતને અનુસરી પુષ્ટિ માર્ગીય અતી ઉત્તમ લેખો વિદ્વાન શાસ્ત્રીઓની કેળવાયલી કલમથી લખાયેલા દાખલ થાય છે.

આખા ગુજરાતમાં પુષ્ટિ માર્ગીય માસિક પત્ર આ એકજ છે. સુજ્ઞ વૈષ્ણવો ઉલટથી ગ્રાહક થાય છે કારણ કે આ માસીકમાં ફકત સંપ્રદાયને અનુસરતા ધાર્મિક વિષયોજ આપવામાં આવે છે.

આ માસીકમાં દીનપ્રતીદીન ઘણોજ સુધારો થાય છે. અને તેનો બહોળો ફેલાવો થવા તથા સંપ્રદાયની ખાસ સેવા ઉઠાવવા ખાતર અમે અમારી ચાલુ નોકરી છોડી દઇ ખાસ સગવડતાની ખાતર અમદાવાદમાં આ માસિકની ઓફીસ રાખેલી છે તેથી વૈષ્ણવોને વિનંતી કરવામાં આવે છે કાર્ય પ્રસંગે અમદાવાદ આવવું થતાં અમને દર્શનનો લાભ આપવો. અને પત્ર વહેવાર નીચેના સરનામે કરવો.

માસિકનું લવાજમ ૧-૪-૦
ભેટના પુસ્તકનું પોસ્ટેજ તથા
વી. પી. ચાર્જ. ૦-૨-૦
કુલ. ૧-૬-૦

**દામોદર રેવાદાસ વૈષ્ણવ.**
**મેનેજર વૈષ્ણવ ધર્મ પ્રકાશ.**
ચારરસ્તા રીચીરોડ—**અમદાવાદ.**

૧૧

# વ્રજ યાત્રા.

શુદ્ધ દેશી તથા વ્રજભાષામાં છપાયલું પુસ્તક નોંછાવર, પોષ્ટેજ અને વી. પી. ખર્ચ સાથે માત્ર છ આનામાં મળશે. આ પુસ્તક એક વખત વાંચવાથી આખી વ્રજયાત્રાનું ભાન થાય છે યાત્રાળુ પાસે રાખી યાત્રાયે જાયતો અમુક કુંડ યા અમુક મંદીર કયાં આવ્યું અને તેની મહત્તા શું છે તે પ્રથમથી જાણી શકે છે. આવુ સંપુર્ણ હકીકતવાળું સચિત્ર પુસ્તક આજ સુધી બહાર પડેલું નથી.

મળવાનું ઠેકાણું—

**વૈષ્ણવ ધર્મ પ્રકાશ ઓફીસ.**

ચંગપોળ. ચારરસ્તા—અમદાવાદ.

# મહીકાંઠા ડીરેકટરી.

આ પુસ્તકમાં એજન્સી સરક્યુલરો, સ્ટેન્ડીંગ ઓર્ડરો, જમીન મહેસુલનો વહીવટ, સ્કુલો, દવાખાનાં પોસ્ટઑફીસો, ઇંગ્રેજ સરકાર અને દેશીરાજ્યો વચ્ચે થયેલા કોલકરારો હથિઆર, આબકારી,: અફીણ, ગાંજો અને કરજદાર સ્ટેટોના વહીવટ કરવાના ધારા, મહીકાંઠાનું બંધારણ દરેક રાજ્યનો સંપુર્ણ ઇતિહાસ અને સ્વસ્થાનવાર સંપુર્ણ પેઢીનામાં આપવામાં આવેલાં છે. પુસ્તક રોયલ આઠ પેજી ૬૮૦ પૃષ્ટનું પાકી બાઇન્ડીંગનું છતાં હાલ કીંમત રૂ. ૪—૦—૦.

ડીરેકટરી ખરીદનારને દીલ્હી દરબારનું પુસ્તક ભેટ મળે છે.

**દામોદર રેવાદાસ વૈષ્ણવ.**

**બુકસેલર્સ, પબ્લીસર અને કમીશન એજન્ટ.**

ચંગપોળ. ચારરસ્તા—**અમદાવાદ.**

## દેશીરાજનો કારભાર.

આ પુસ્તકમાં દેશીરાજ્યની વાખ્યા, દેશીરાજ્યનો તેમના નોકરો સાથેનો સંબંધ, દેશી રાજ્ય સાથે રૈયતનો સંબંધ તથા દેશી રાજ્ય સાથે ઇંગ્રેજ સરકારનો સંબંધ એ વિષયો સંપૂર્ણ દાખલાઓ સાથે આપવા ઉપરાંત હિંદનાં તમામ નાનાં મોટાં રાજની તમામ જરૂરીયાત બાબતો આપવામાં આવેલી છે તેમજ ઇંગ્રેજ સરકાર સાથે થયેલા કોલકરારની તારીખો અને સને બતાવનારૂં પત્રક આપવામાં આવ્યું છે. પુસ્તક પાકી બાઇન્ડીંગનું હોવા છતાં હાલ કિંમત ૦-૮-૦.

## દિલ્હી કોરોનેશન બાદશાહી દરબાર.

ઇંગ્લાંડમાં અને હિંદમાં નામદાર શહેનશાહ બહાદુરના કોરોનેશનના માંગલિક પ્રસંગે ઉજવાયેલ મહોત્સવનું સંપુર્ણ બ્યાન આપવામાં આવેલું છે તે સાથે પ્રથમ પૃષ્ટે સમ્રાટ પંચમ જ્યાર્જ અને શહેનશાહ બાનુ મેરીના સુંદર ફોટા દાખલ કરવામાં આવેલા છે. પુસ્તક પાકી બાઇન્ડીંગનું હોવા છતાં હાલ કીંમત ૦-૮-૦.

ઉપરનાં બંને પુસ્તક એક સાથે ખરીદનારને માત્ર દસ આનામાં મળશે પોષ્ટેજ વી. પી, ખર્ચ જુદું.

**દામોદર રેવાદાસ વૈષ્ણવ.**

બુકસેલર્સ, પબ્લીસર અને કમીશન એજન્ટ.

ચંગપોળ. ચારરસ્તા—અમદાવાદ.

# મુંબાઇનો નવો આબકારી એકટ.

મુંબાઇનો આબકારી એકટ સને ૧૮૭૮ નો ૫ મો સને ૧૯૧૨ના ૧૨મા એકટથી સુધારવામાં આવ્યો અને ઇન્ડીયા ગવરમેન્ટની મંજુરીથી નામદાર મુંબાઇ સરકારે તા. ૫ મી ડીસેબર સને ૧૯૧૨ ના સરકારી ગેઝેટમાં બહાર પાડયો તે એકટની કલમો નીચે હાઇકોર્ટ રૂલિંગો દાખલ કરવામાં આવી છે. અને સંપુર્ણ સમજુતી આપવામાં આવેલી છે ઉત્તર ગુજરાતના મેં. એકસાઇઝ આસી. કલેકટર સાહેબ બહાદુરે સરકયુલર નંબર ૪૬૭ તા. ૧૬-૨-૧૩ થી અમદાવાદ, ખેડા અને મહીકાંઠા એજન્સીની એકસાઇઝ પોલીસ ખાતે લેવા મંજુર કર્યું છે. મહીકાંઠાના મેં. પોલીટીકલ એજંટ સાહેબ બહાદુરે આખી એજંસી માટે ખરીદવા સરકયુલર નંબર ૨૩૩૭ તા. ૮-૧-૧૯૧૩ નો કરેલો છે. રોયલ આઠ પેજી કીમત ૦-૮-૦ પોષ્ટેજ સાથે.

મળવાનું ઠેકાણું.

દામોદર રેવાદાસ વૈષ્ણવ.

બુકસેલર્સ પબ્લીસર, સ્ટેશનર અને કમીસન એજન્ટ.

ચંગપોળ. ચારરસ્તા—અમદાવાદ.

# વૈષ્ણુવોપયોગી પાઠપોથી.

વૈષ્ણુવોને નીત્ય નીયમનું ઉપયોગી પુસ્તક જેમાં દૈનિક સેવાના નિયમ, સેવાપ્રકાર તથા શ્રી સર્વોત્તમજીના પાઠ ઉપરાંત ષોડશગ્રંથના તમામ પાઠ શુદ્ધ ગુજરાતી લીપીમાં આપવામાં આવ્યા છે. આ પાઠપોથીની બે આવૃતિયો ખપી જવાથી આ ત્રીજી આવૃતિ તૈયાર કરાવવામાં આવી છે એજ એની ઉપયોગતાની સાબીતી છે. એટલું છતાં કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. બીજી આવૃતિની કિંમત ચાર આના હતી જ્યારે આ આવૃતિની કિંમત માત્ર બે આના રાખવામાં આવી છે. વળી પચાસથી વધું પ્રત મંગાવનારને અમારા ખર્ચથી મોકલવામાં આવે છે. છુટક મંગાવનારને ચાર આના ના વી. પી. થી મળશે. સંખ્યાબંધ માગણીઓ આવેલી છે જેથી શીલકમાં હશે ત્યાં સુધી મળશે માટે જરૂર હોય તેમણે તાકીદે ઓર્ડર મોકલવા.

મળવાનું ઠેકાણું.

**મેનેજર વૈષ્ણવ ધર્મપ્રકાશ.**

**ચંગપોળ. ચારરસ્તા—અમદાવાદ.**

# શ્રી મહાપ્રભુજીના પ્રાગટ્યનો

## સચિત્ર ખાસ અંક.

આ ખાસ અંકમાં વિદ્વાન લેખકોના હાથે લખાયલાં સાંપ્રદાયીક ઉત્તમ લેખો દાખલ કરવામાં આવેલાં છે તેમજ જુદા જુદા ગોસ્વામી બાળકોના ૧૧ ફોટા પણ દાખલ કરવામાં આવ્યા છે. આવું ઉત્તમ ૧૦૦ પૃષ્ટનું સચિત્ર પુસ્તક હોવા છતાં નોંછાવર માત્ર બે આના.

## પુષ્ટિ માર્ગનો સાચો સિદ્ધાંત.

પુષ્ટિ માર્ગના સિદ્ધાંતોનું ઉત્તમ પુસ્તક છે. માળા, તીલક વગેરેના પ્રમાણુ સહ ખુલાસા કરવામાં આવ્યા છે. એટલુંજ નહિં પણ વિદ્વાન ગોસ્વામી બાળકોનાં વાખ્યાનો દાખલ કરવામાં આવેલાં છે છીંટનું પુઠું મુળ નોંછાવર રૂ. ૧–૦–૦ હાલ માત્ર ચાર આનામાં આપવામાં આવે છે.

ઉપરનાં બંને પુસ્તકો પોષ્ટેજ સાથે માત્ર આઠ આનામાં મળશે.

મેનેજર વૈષ્ણુવ ધર્મ પ્રકાશ.

ઝંપોળ. ચારરસ્તા—અમદાવાદ.

# જાહેર ખબર.

---

વૈષ્ણુવ ધર્મપ્રકાશ માસિક પત્રની ઓફીસે ધર્મ સંબંધી, કાયદાનાં, નોવેલોનાં તથા પરચુરણુ વાર્તાનાં પુસ્તકો અને ગોસ્વામી બાળકોના ફોટા મળે છે. દરેક ફોટાના બ્લૉક પણ ૈયાર છે. જરૂર હોય તેમણે પત્રથી ખુલાસો કરવો.

દામોદર રેવાદાસ વૈષ્ણુવ,

મેનેજર-વૈષ્ણવ ધર્મપ્રકાશ.

ચંગપોળ ચાર રસ્તા-અમદાવાદ.